પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૯-૦૨-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૫૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# એઆઈમાં ભાગ્ય અને ભવિષ્ય દેખાય છે : વડાપ્રધાન

## દિલ્હીમાં ભારત મંડપમમાં ઈન્ડિયા એઆઈ સમિટનું ઉદ્ઘાટન કરતા મોદી, એઆઈ નોકરીઓ છીનવશે નહીં, નવી તકો આપશે : મુકેશ અંબાણી



નવી દિલ્હી, તા. ૧૯

PM મોદીએ કહ્યું-ડીપફેક રોકવા માટે AI કન્ટેન્ટ પર લેબલ લાગે:કેટલાકને AIમાં ભય દેખાય છે, કેટલાકને ભાગ્ય અને ભવિષ્ય; મુકેશ અંબાણીએ કહ્યું-AI નોકરીઓ છીનવશે નહીં, નવી તકો આપશે

દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાઈ રહેલા "ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬"નો આજે ચોથો દિવસ છે. આજના સત્રમાં સંબોધન કરતા PM નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભવિષ્યની પેઢીઓ માટે યોગ્ય AI છોડવાની જવાબદારી આપણી છે. તેમણે કહ્યું કે AIની ગતિ અને સ્કેલ અકલ્પનીય છે.આપણે AIના ક્ષેત્રમાં મોટા સપના જોવા જોઈએ, પરંતુ જવાબદારી સાથે. આપણે આપણી ભાવિ પેઢીઓ માટે કેવા પ્રકારનું AI છોડીને જઈ રહ્યા છીએ તે ધ્યાનમાં રાખવું જોઈએ. અને હાલમાં આપણે AI સાથે શું કરી રહ્યા છીએ. આપણે ભૂતકાળમાં પરમાણુ વિનાશ જોયો છે, અને ઉકેલો પણ.રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ કહ્યું, "અમે સાબિત કરીશું કે AI નોકરીઓ છીનવી લેતું નથી, પરંતુ હાઈ સ્કિલવાળા કાર્ય માટે નવી તકો ઉભી કરે છે." તેમણે એમ પણ કહ્યું કે તેઓ ભારતમાં "ઈન્ટેલિજન્સ યુગ" લાવવા માટે ૧૦ લાખ કરોડનું રોકાણ કરશે.

ડીપફેક અને ફેક ન્યૂઝના ભયને ધ્યાનમાં રાખીને, મોદીએ સૂચન કર્યું કે જેમ ખાદ્ય પદાર્થો પર 'ન્યુટ્રિશન લેબલ' હોય છે, તેવી જ રીતે ડિજિટલ કન્ટેન્ટ પર પણ સ્પષ્ટ લેબલ હોવું જોઈએ. આનાથી લોકો વાસ્તવિક શું સાચું છે અને છૈં દ્વારા શું બનાવવામાં આવ્યું છે તેની વચ્ચેનો ફરક જાણી શકશે.

PM નરેન્દ્ર મોદીએ કહ્યું કે ડિજિટલ કન્ટેન્ટ પર ઓથેંટિસિટી લેબલ હોવા જોઈએ, જેથી અસલી અને અને AI-જનરેટેડ કન્ટેન્ટ વચ્ચેનો ફરક જાણી શકાય. વધુમાં, બાળકોની સલામતી માટે AI સ્પેસને ચાઈલ્ડ સેફ બનાવવું જરૂરી છે. જેમ સ્કૂલના અભ્યાસક્રમો પ્રમાણિત હોય છે, તેવી જ રીતે, AI સ્પેસ પણ બાળકો માટે સલામત હોવી જોઈએ.

મોદીએ કહ્યું- દુનિયામાં બે પ્રકારના લોકો હોય છે: એક એવા લોકો જેઓ AIમાં ભય જુએ છે અને બીજા એવા લોકો જેઓ તેમાં ભાગ્ય જુએ છે. હું ગર્વથી કહું છું કે અમે ભય જોતા નથી. ભારત AIમાં ભાગ્ય જુએ છે, ભારત AIમાં ભવિષ્ય જુએ છે.

PM મોદીએ AI સમિટમાં પોતાના ભાષણની શરૂઆતમાં કહ્યું, 'શરૂઆતમાં નવી ટેકનોલોજી અંગે શંકા થાય છે, પરંતુ આ નવી પેઢી હવે જે રીતે AIનો ઉપયોગ કરી રહી છે તે અભૂતપૂર્વ છે.'

PM નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ સમિટમાં ભાગ લેનારા બધા લોકો AIને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે. શરૂઆતમાં, કેટલાક લોકો આવી ટેકનોલોજી વિશે શંકાસ્પદ છે, પરંતુ આપણા યુવાનો જે રીતે તેને અપનાવી રહ્યા છે અને તેના પર અધિકાર જમાવી રહ્યા છે તે એક મોટું પગલું છે. અહીં દર્શાવેલ દરેક ઉકેલ, પછી ભલે તે કૃષિ હોય, શિક્ષણ હોય કે આરોગ્ય, 'મેક ઈન ઈન્ડિયા'ની ભાવનાને દર્શાવે છે.

PM મોદી ઉપરાંત, ફ્રાન્સના રાષ્ટ્રપતિ અને ગુગલના સીઈઓ સુંદર પિચાઈ જેવા અગ્રણી ગ્લોબલ

અનુસંધાન પાના ૭ પર

## બિલ ગેટ્સ હાજર રહેશે નહીં : ફાઉન્ડેશને જાહેરાત કરી

નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકામાં એપસ્ટીન ફાઈલના એક બાદ એક જે પાના ખુલી રહ્યા છે તેનો પડછાયો ભારતમાં ચાલી રહેલા એઆઈ સમીટ પર પણ પડયો છે અને માઈક્રોસોફટના વ્યાપક બિલ ગેટસ હવે આ સમીટમાં હાજર રહેશે નહી અને તેમના બદલે બિલ ગેટસ ફાઉન્ડેશનના ભારત ખાતેના વડા અંકુર વોરા વકતવ્ય આપશે.

બિલ ગેટસનું નામ એપસ્ટીન ફાઈલમાં ચમકતા તેમની માટે દુનિયાભરમાં જવું સંકોચની સ્થિતિ બની છે. તેઓ બિલ ગેટસ ફાઉન્ડેશન તરફથી હાજર રહેવાના હતા.

એપસ્ટીન ફાઈલના કારણે તેઓ આ સમીટમાં ભાગ લેવા અંગે દ્વીધામાં હતા. એક તબકકે તેમાં સમીટમાં ભાગ લેવાના હતા તે જાહેર થયુ હતું પણ હવે તેઓ હાજર રહેશે નહી તે નિશ્ચિત થયુ છે.



## ૨૦ થી વધુ દેશોના રાષ્ટ્રવડાઓ અને ૧૦૦ એઆઈ ટેક ટાઈકુનની હાજરી

### ભારત મંડપમમાં દેશના ભવિષ્યના આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ ક્ષમતાનું શાનદાર પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૧૯

આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સમાં આગામી સમયની ભારતની ક્ષમતાના 'શો-કેસ' સમાન પાટનગરમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમાન્યુએલ મેકો તથા બ્રાઝીલના રાષ્ટ્રવડા લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા સહિત ૨૦ દેશોના રાષ્ટ્ર પ્રમુખો- વડાપ્રધાન અને ગુગલ-માઈક્રોસોફટ સહિતની ૫૦૦થી વધુ વૈશ્વિક ટેક જાયન્ટ કંપનીઓના સીઈઓ- એમડીની હાજરીમાં દેશના પ્રથમ ઈન્ડીયા એઆઈ ઈમ્પેકટ સમીટ ૨૦૨૬ને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખુલ્લો મુકયો હતો.

પુરા દિવસ ચાલનારા આયોજનમાં બપોર બાદ શ્રી મોદી ટેક જાયન્ટસ કંપનીઓના વડાઓ સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ પણ યોજાશે. આ સમીટમાં અનેક ટેક જાયન્ટસ કંપનીઓ ભારતમાં સંયુક્ત રીતે એઆઈ પ્રોજેકટમાં ૮૦થી૧૦૦ બીલીયન ડોલરના રોકાણની જાહેરાત કરશે.

પ્રથમ વખત એઆઈ ગ્લોબલ સમીટ કોઈ ગ્લોબલ સાઉથ તરીકે ઓળખાતા અને તેનું કેન્દ્ર બની ગયેલા ભારતમાં યોજાઈ રહી છે તથા પુરા દિવસ દરમ્યાન ઓપન એ આઈના સેમ ઓલ્ટમેન અને ગુગલ ડીપ માઈન્ડના ડેમીસ હસાબિલ તથા

અનુસંધાન પાના ૭ પર

## યુદ્ધના હથિયારો લઈને અમેરિકાના ૧૫૦ કાર્ગો પ્લેન મીડલ ઈસ્ટ પહોંચ્યા

### અમેરિકાને પાડી દેવા ખામેનીએ કરેલો હુંકાર

નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ખૂબ ઝડપથી વધી ગયો છે અને હવે એવી પરિસ્થિતિઓ બની ગઈ છે કે આવનારા કલાકો કે દિવસોમાં મોટો સૈન્ય સંઘર્ષ થઈ શકે છે.અમેરિકી ન્યૂઝ એજન્સી Axios ના રિપોર્ટ અનુસાર, જો અમેરિકા સૈન્ય કાર્યવાહી કરે છે તો તે નાની કે ઔપચારિક કાર્યવાહી નહી હોય, પરંતુ ઘણા અઠવાડિયા સુધી ચાલનારો મોટો ઓપરેશન હશે. એક વ્હાઈટ હાઉસ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે આવનારા અઠવાડિયામાં હુમલાની સંભાવના ૯૦% સુધી છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ ઓપરેશન ગયા મહિને વેનેઝુએલામાં થયેલી સીમિત કાર્યવાહી કરતાં ક્યાંય મોટું હશે અને શક્ય છે કે તેને ઈઝરાયેલ સાથે મળીને અંજામ આપવામાં આવે. તેનું નિશાન ઈરાનનું પરમાણુ અને મિસાઈલ સ્ટ્રક્ચર હોઈ શકે છે.સામા પક્ષે ઈરાન પણ આક્રમક છે. ખોમેની પ્રશાસને કહ્યું છે કે, અમેરિકા હુમલો કરશે તો અમે પણ એવો વળતો પ્રહાર કરીશું કે અમેરિકા જિંદગીભર યાદ રાખશે.ઈઝરાયેલની સૈન્ય ગુપ્તચર એજન્સીના પૂર્વ પ્રમુખ આમોસ યાદલિને કહ્યું કે સંઘર્ષ હવે પહેલાં કરતાં ક્યાંય વધુ નજીક છે. પરિસ્થિતિઓ ઝડપથી બગડી રહી છે, પરંતુ એક મહાશક્તિ થોડા જ દિવસોમાં યુદ્ધ શરૂ કરતી નથી. તે પહેલાં ડિપ્લોમેટિક વાતો કરે છે ને પછી હુમલો કરે છે.

યાદલિને એમ પણ કહ્યું કે ઘણા લોકો હુમલાની વિરુદ્ધ છે અને પેન્ટાગન પણ

અનુસંધાન પાના ૭ પર



## ઈન્ડિયા સ્કિલ્સ ૨૦૨૫માં રેડ એન્ડ વ્હાઈટ સ્કિલ એજ્યુકેશનનો ડંકો

### 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજયુકેશનના વિદ્યાર્થીઓને કુલ રૂ.૭૫,૦૦૦ સન્માન સાથે 'નેશનલ' ટિકિટ

**પશ્ચિમ ભારતના વિવિધ રાજ્યો જેવાકે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે યોજાયેલી સ્પર્ધામાં રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજયુકેશન ના આયુષ ધોળકિયા (સિલ્વર) અને વિદિશા ભાગીયા (બ્રોન્ઝ) વિજેતા બની ગુજરાતનું ગૌરવ વધાર્યું.**

ગુજરાત – ૧૮ ફેબ્રુઆરી

ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'India Skills Competition ૨૦૨૫-૨૬' ના વેસ્ટ ઝોન રાઉન્ડમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન નોંધાવ્યું છે. પશ્ચિમ ભારતના વિવિધ રાજ્યો જેવાકે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં ખાસ કરીને ગ્રાફિક્સ અને મીડિયા સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજયુકેશન ના વિદ્યાર્થીઓએ મેડલ જીતીને ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

તેમજ રાજ્ય કક્ષા ની સ્પર્ધામાં રેડ એન્ડ વ્હાઈટના ટોટલ ૬ વિદ્યાર્થીઓએ Web Technology, Digital Interactive Media, Graphics Design Technologies સ્કિલ ક્ષેત્રે નામ રોશન કર્યું, પ્રથમ ક્રમાંક પર આવ્યા હતા જયદીપ ડેર, દિયા સંતોકી, આયુષ ધોળકિયા તેમજ દ્વિતીય ક્રમાંક પર અમિત ડાભી, વિદિશા ભાગીયા, રાધી મેહતા.

Graphic Design Technology વિષયમાં રેડ એન્ડ વ્હાઈટ ના વિદ્યાર્થી આયુષ ધોળકિયા એ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો અને તેમને રૂપિયા ૫૦,૦૦૦ ની સન્માન રકમ એનાયત કરવામાં આવી. Digital Interactive Media કેટેગરીમાં રેડ એન્ડ વ્હાઈટ ની વિદ્યાર્થિની વિદિશા ભાગીયા એ બ્રોન્ઝ મેડલ મેળવીને રૂપિયા ૨૫,૦૦૦ ની સન્માન રકમ પ્રાપ્ત કરી. બંને વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૭૫,૦૦૦ ની સન્માન રકમ આપવામાં આવી છે.આ જીત સાથે આયુષ હવે નોઈડા ખાતે યોજાનારી નેશનલ લેવલ સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે. નેશનલ લેવલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થાય તો તેમને ચીનના શાંઘાઈ ખાતે યોજાનારી Wrold Skills Competition માં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.રેડ એન્ડ વ્હાઈટ ના ફાઉન્ડર શ્રી હિતેશકુમાર દેસાઈ તેમજ શ્રી હસમુખભાઈ રફાળિયા એ જણાવ્યું કે આ પરિણામ ઈન્ડસ્ટ્રી આધારિત પ્રેક્ટિકલ તાલીમની સફળતા દર્શાવે છે અને વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ માટે તૈયાર કરવાનો સંસ્થાનો સંકલ્પ વધુ મજબૂત બનાવે છે.




## શિવનેરીમાં શિવાજી જયંતીએ ભીડમાં ભાગદોડ મચતા અનેક લોકો ઘાયલ

### નાસ-ભાગના પગલે પોલીસ અને સ્થાનિક પ્રશાસનની પૂર્વ તૈયારી સામે ઉઠયા સવાલો

નવી દિલ્હી, તા. ૧૯

છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિએ મહારાષ્ટ્રના શિવનેરીમાં ભારે ભીડ ઉમટી પડી હતી. ભીડ બેકાબૂ બનવાથી અફડા તફડી મચી હતી અને મહિલાઓ-બાળકો સહિત અનેક લોકો ઘાયલ થયા હતા. ભાગદોડ મચવાથી સ્થાનિક પોલીસે મામલો થાળે પાડ્યો હતો. આ ઘટનાને પગલે પોલીસ પ્રશાસનની તૈયારીઓ પર સવાલ ઉઠ્યા છે.

સ્થાનિક અહેવાલો મુજબ શિવાજી જયંતી નિમિત્તે શિવનેરી કિલ્લામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. શિવનેરીમાં મોડી રાતથી જ લોકોનો શિવનેરી કિલ્લામાં પહોંચવાનો દોર શરૂ થઇ ગયો હતો.

ભીડ વધી જતાં ભાગદોડની હાલત પેદા થઇ ગઇ હતી. વધતી ભીડને કાબુમાં રાખવા ઉચિત પોલીસ દળ ન હોવાથી પરિસ્થિતિ બેકાબુ બની હતી. આ દરમિયાન અંબર ખાનાની નીચે હાથીનાખા દરવાજા વિસ્તારમાં અને ગણેશ દરવાજા જેવા અનેક સાંકડા માર્ગો પર એકાએક ખૂબ જ ભીડ પહોંચી ગઇ, આ કારણે ત્યાં ભાગદોડ મચી ગઇ હતી. આ ઘટનામાં મહિલા અને બાળકો સહિત અનેક લોકો ઘાયલ થયા હતા.ઉલ્લેખનીય છે કે શિવાજી જન્મ જયંતિએ મોટી સંખ્યામાં લોકો શિવનેરીમાં પહોંચતા હોય છે ત્યારે પૂરતી તૈયારી ન હોવાના કારણે પ્રશાસનની કાર્ય પ્રણાલી સામે સવાલ ઉભા થયા છે.

અનુસંધાન પાના ૭ પર

## એપસ્ટીન ફાઈલ્સઃ હયાત હોટેલ્સના ચેરમેનનું રાજીનામું

નવી દિલ્હી, તા. ૧૯

અમેરિકાના યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથેના સંબંધોનો ખુલાસો થયા બાદ દુનિયાભરમાં રાજીનામાનો દોર ચાલુ છે. તાજેતરનું રાજીનામું હયાત હોટેલ્સના કાર્યકારી અધ્યક્ષ અબજોપતિ થોમસ પ્રિત્ઝકરનું છે. તેઓ ૧૯૯૯થી આ પદ પર હતા.

અમેરિકી ન્યાય વિભાગની ફાઈલ પરથી જાણવા મળ્યું છે કે ૨૦૦૮થી એપસ્ટીન અને પ્રિત્ઝકર સતત સંપર્કમાં હતા. ૨૦૧૮માં એપસ્ટીને પ્રિત્ઝકરને તેની ગર્લફ્રેન્ડની દક્ષિણ-પૂર્વ એશિયા યાત્રાની વ્યવસ્થામાં મદદ કરવા વિનંતી કરી હતી.

૨૦૧૫નો એક અન્ય ઈમેઈલ દર્શાવે છે કે એપસ્ટીને દુબઈમાં

અનુસંધાન પાના ૭ પર

## ઈમરાન ખાનની મુક્તિ માટે પાક.માં સ્થિતિ બેકાબૂ બની



### ખૈબરમાં અટક બ્રિજ પર પીટીઆઈના હજારો સમર્થકોનો કબજો

નવી દિલ્હી, તા. ૧૯

પાકિસ્તાનના પૂર્વ PM ઈમરાન ખાનની મુક્તિની માગને લઈને પાકિસ્તાનમાં સ્થિતિ બેકાબૂ બની રહી છે. ઈમરાનની પાર્ટી પાક તહરીક-એ-ઈન્સાફ (PTI) ના હજારો સમર્થકોએ ખૈબર પ્રાંતમાં વ્યૂહાત્મક અને રણનીતિક રીતે મહત્વપૂર્ણ અટક બ્રિજ પર બુધવારે કબજો જમાવી લીધો છે.બ્રિજના બંને તરફ ઈમરાન સમર્થકોના જમાવડાને કારણે વાહનો અટકી પડ્યા છે. પીટીઆઈના વલણને જોતા પાક આર્મી ચીફ આસિમ મુનીરે ઈસ્લામાબાદ, પેશાવર અને રાવલપિંડી કેન્ટમાંથી લગભગ ૫ હજાર સૈનિકો રવાના કર્યા છે.બીજી તરફ, ખૈબરના મુખ્યમંત્રી સુહૈલ આફ્રિદીએ મુક્તિ માટે યુવાનોની ઈમરાન રિલીઝ ફોર્સ બનાવવાની જાહેરાત કરી છે. ઈમરાનના સમર્થનમાં તહાફુજ પાર્ટી (TTP) એ પણ ઈસ્લામાબાદ કૂચની જાહેરાત કરી છે.ઈમરાન સમર્થકોના અટક બ્રિજ પર કબજાથી ખૈબર પ્રાંત પાકિસ્તાનથી કપાઈ ગયો છે. આનાથી પાકિસ્તાનમાં અફરાતફરી મચી ગઈ છે.

અનુસંધાન પાના ૭ પર

# સુરત સાયન્સ સેન્ટર ખાતે લોકકલા અને નૃત્ય મહોત્સવ

## મહોત્સવમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ પણ ઉપસ્થિતિ

સુરત, તા.૧૯

તાલ ગ્રુપ અને CIOFF India દ્વારા સુરત મહાનગરપાલિકાના સહયોગથી ગત તા.૧૩-૧૪ ફેબ્રુઆરીના રોજ સુરતના સાયન્સ સેન્ટર ખાતે 'નાયિકા – ૫.૦ × RANGINI' ફોક આર્ટ્સ અને ડાન્સ ફેસ્ટિવલ યોજાયો હતો.



જેમાં ઉભરતી કલાકાર ઝાઈના શાહે 'RANGINI - A Youth Art Festival'નું પરફોર્મન્સ કર્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીને પિઠોરા, મધુબની અને લીપણ આર્ટ જેવી પરંપરાગત ભારતીય લોકકલાઓથી માહિતગાર કરવાનો હતો. આ કાર્યક્રમ અંતર્ગત પદ્મશ્રી વિજેતા અને અન્ય દિગ્ગજ કલાકારોના માર્ગદર્શન હેઠળ આયોજિત ફેસ્ટીવલમાં ૨૭ શાળાઓના ૧૭૧૧ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાકૃતિઓ બનાવી હતી.

આ મહોત્સવે લોકનૃત્ય અને લોકકલાના પ્રદર્શનમાં સૌથી વધુ યુવાનોની ભાગીદારી સાથે નવો એશિયા અને ઈન્ડિયા રેકોર્ડ સ્થાપિત કર્યો છે. કાર્યક્રમમાં મેયર દક્ષેશભાઈ માવાણી, પરેશ પટેલ અને અન્ય મહાનુભવોએ ઉપસ્થિત રહી કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. વર્ષ ૨૦૦૫ થી આર્કિટેક્ટ કૃતિકા શાહ દ્વારા સ્થાપિત 'તાલ ગ્રુપ' ૮ થી ૬૫ વર્ષની મહિલાઓ અને બાળાઓના માધ્યમથી ભારતીય લોકનૃત્યોને વૈશ્વિક મંચ પર પહોંચાડવાનું પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.

'નાયિકા RANGINI' ફોક આર્ટ્સ અને ડાન્સ ફેસ્ટિવલે લોકનૃત્ય અને લોકકલા ની પ્રસ્તુતિ અને પ્રદર્શનમાં સૌથી વધુ યુવાનોનો ભાગ લેવાનો એક નવો એશિયા અને ઈન્ડિયા રેકોર્ડ પણ સ્થાપિત કર્યો છે, જેમાં ૨૭ શાળાઓ ના ૧૭૧૧ બાળકો, ૪૪ જેટલા લોકકલાકારો અને ૨૫૯ લોકનૃત્યકારોએ ભાગ લીધો હતો.

# ઓલપાડ હળપતિ સમાજ ટેનિસ ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન

## સર્વોદય જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા આયોજીત ટુર્નામિન્ટમાં ૧૦૦ ટીમો ભાગ લેશે

સુરત, તા.૧૯

સર્વોદય જનકલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા આયોજીત ઓલપાડ તાલુકા હળપતિ સમાજ ટેનિસ ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ટુર્નામિન્ટના આયોજનના ભાગરૂપે ટુર્નામિન્ટમાં ભાગ લેનાર ટીમો ધ્વારા ભરવામાં આવેલ ફોર્મ સ્વીકારવા અંગેની એક અગત્યની મીટીંગ સાંધીયેર મુકામે આજ રોજ તા.૧૮/૦૨/૨૦૨૬ ને સાંજે ૪.૦૦ કલાકે રાખવામાં આવેલ. જેમાં જે ટીમોએ ફોર્મ ભર્યા છે તે જમા કરાવવા તથા જેમને ફોર્મ મળ્યા નથી કે ભરવાના બાકી છે એ તમામ ટીમના કેપ્ટન સાથે બીજા પાંચ ખેલાડીઓ સાથે દરેક ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૧૦૦ જેટલી ટીમો આ ટુર્નામિન્ટમાં ભાગ લે એ માટે સર્વોદય જનકલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આજની આ મીટિંગમાં ટ્રસ્ટના મંત્રી જયેન્દ્ર દેસાઈ, જય રાઠોડ, સતીષ રાઠોડ, સુરેશભાઈ ચૌધરી, સુખદેવભાઈ રાઠોડ, વિવેક પટેલ સહિતના આગેવાનો સાથે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ટ્રસ્ટના પ્રમુખ દર્શન એ.નાયકે જણાવ્યું કે, આ ટુર્નામિન્ટ થકી હળપતિ સમાજના યુવાનોમાં રહેલું ટેલેન્ડ બહાર આવશે. તેઓ ક્રિકેટમાં આગળ વધી શકે એ માટે પણ ટ્રસ્ટ સહાયરૂપ બનશે. આવનાર દિવસોમાં હળપતિ સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે એ માટે પણ ટ્રસ્ટ સહાયરૂપ બનશે. સમાજના ઉત્થાન માટે અન્ય સામાજિક પ્રવૃતિ અને ફ્રી મેડિકલ કેમ્પ જેવા સામાજિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવનાર છે.



**એક તરફ સુરત મહાનગરપાલિકા સુરત શહેરને નંબર વન બનાવવા માટેના તમામ પ્રયાસ કરે છે. તો બીજી તરફ સુરત શહેરના અનેક મુખ્ય માર્ગ પર અને મહોલ્લાઓમાં કે રસ્તા ઉપર જૂના બંધ હાલતમાં ભંગાર થઈ ગયેલા તમામ પ્રકારના વાહનો મોટી સંખ્યામાં પડેલા હોય છે.જેને કારણે સફાઈની કામગીરીમાં અવરોધ ઊભો થાય તેમ જ શહેરની સુંદરતાને પણ બગાડતા માલમ પડે છે.સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતે આવેલ મુખ્ય કચેરીના ફાયર વિભાગની ઓફિસ પાસે, છેલ્લા બે ત્રણ માસથી બંધ હાલતમાં પડેલ એક કારને પોલીસના ટ્રાફિક ખાતા વિભાગની ક્રેન દ્વારા બે દિવસ પહેલાં મોડી સાંજે ઊંચકીને લઈ જવામાં આવી.આજ રીતે શહેરના મુખ્ય માર્ગો પર અને અન્ય માર્ગો પર જે કોઈ બંધ હાલતમાં વાહનો પડ્યા છે, તેનો નિકાલ કરવામાં આવે તો આ પ્રકારના દબાણ પણ દૂર થશે અને શહેરની સુંદરતામાં વધારો થશે.એક જાગૃત સામાજિક કાર્યકરે આ તસ્વીર 'પ્રતાપ દર્પણ' ને મોકલેલ છે.**

# અંકલેશ્વર પોલીસે ૧૦ મોબાઈલ ફોન માલિકાને પરત અપાવ્યા

## ચોરી અથવા ગુમ થયેલા ફોન પોલીસે શોધી કાઢયા

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ૨૦ જેટલા મોબાઈલ ફોન મળી કુલ ૩.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ શોધી કાઢી મુળ માલીકોને પરત કર્યા હતા.આ કામગીરી તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત કરવામાં આવી હતી.



ઁઢ્ઝ પોલીસે ૧૦ જેટલા ગુમ-ચોરી થયેલ મોબાઈલ શોધી કાઢી મુળ માલીકને પરત કર્યા

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકના પી.આઈ.આર.એચ.વાળા અને સેકન્ડ પી.આઈ. એમ.જી.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા CEIR પોર્ટલની મદદથી ગુમ થયેલ ૧૦ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧.૪૮ લાખનો મુદ્દામાલ શોધી કાઢી મૂળ માલીકોને પરત કર્યો હતો.વર્ષ ૨૦૨૬માં અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ૨૦ જેટલા મોબાઈલ ફોન મળી કુલ ૩.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ શોધી કાઢી મુળ માલીકોને પરત કર્યા હતા.આ કામગીરી તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત કરવામાં આવી હતી

# નિર્માણાધિન સરસ્વતીધામો સંદર્ભમાં માતૃશ્રી કાશીબા ગોટી ટ્રસ્ટની બેઠક

## કેશુભાઈ ગોટી શિક્ષણ યજ્ઞો દ્વારા રાષ્ટ્ર નિર્માણનું અજોડ કાર્યકર છે : પૂ.પી.પી. સ્વામી

સુરત, તા.૧૯

માતુ શ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતનાં અઢાર રાજ્યોમાં સરસ્વતીધામ નિર્માણયજ્ઞ ચાલી રહ્યો છે. આ ટ્રસ્ટની કાર્યપ્રણાલી અનોખી અને જાણવા જેવી છે. ભારતભરની અનેક સંસ્થાઓમાંથી શૈક્ષણિક મદદ માટેની અરજી ટ્રસ્ટ પર આવે છે. ટ્રસ્ટ સાથે નિઃસ્વાર્થ ભાવે જોડાયેલા કર્મયોગીઓ જે તે સ્થળની રૂબરૂ મુલાકાત લઈને ઊંડાણપૂર્વક માહિતી એકઠી કરે છે. સમયાંતરે એક પરામર્શન બેઠકનું આયોજન કરવામાં આવે છે, તેમાં કયા સ્થળે નવા ભવનનું નિર્માણ કરવું અને કયા સ્થળે અન્ય શૈક્ષણિક મદદ કરવી તેની સામૂહિક ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. દેશના અંતરિયાળ, પહાડી, દુર્ગમ, સરહદી વિસ્તારો કે જ્યાં અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થાની મદદ ન પહોંચતી હોય તેવી સંસ્થાઓની પસંદગીને



અગ્રતા આપવામાં આવે છે. આવાં સ્થળોએ સરસ્વતીધામનું નિર્માણ કરવાથી રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનું તેમજ ભારતીય સંસ્કૃતિના જતનનું કાર્ય થાય છે.

આ પરામર્શન બેઠકમાં ડાંગ જિલ્લામાં શિક્ષણની જ્યોત જગાવીને ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરનાર પરમ પૂજ્ય પી.પી. સ્વામી પધાર્યા હતા. શ્રી મનહરભાઈ સાસપરા (યુરો ફૂડ્સ), શ્રી ઘનશ્યામભાઈ શંકર (શિવમ્ જ્વેલ્સ), શ્રી કેશુભાઈ પાનસુરિયા, શ્રી દેવરાજભાઈ ચૌધરી, શ્રી હરિકૃષ્ણભાઈ શાસ્ત્રી તેમજ કર્મયોગી દંપતીઓ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સૌનું ભાવપૂર્વક યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પરમ પૂજ્ય પી.પી. સ્વામીજીએ આશીર્વચન પાઠવતાં કહ્યું હતું કે, શ્રી કેશુભાઈ ગોટી અને એમના પરિવારજનો દ્વારા ગરીબોનું ઉત્થાન થાય અને આદિવાસી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તે માટે; શિક્ષણયજ્ઞ દ્વારા રાષ્ટ્રનિર્માણનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આ કાર્યથી ગરીબોનું ઉત્થાન અનેક રાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા પણ ટ્રસ્ટના કાર્યોની સહર્ષ નોંધ લેવામાં આવી છે અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ લેવામાં આવશે. આગામી સમયમાં આ સંસ્થાનાં કાર્યો વિશે પી.એચ.ડી. પણ કરશે એવું ઉમદા કાર્ય થઈ રહ્યું છે. શ્રી મનહરભાઈ સાસપરાએ જણાવ્યું હતું કે, શ્રી કેશુભાઈ અને સૌ કર્મયોગીઓ સાથે મળીને અજોડ કાર્ય કરી રહ્યા છો. આ કાર્યમાં સામેલ થવાનો મને પણ અવસર મળ્યો છે, તેનો આનંદ છે. શ્રી ઘનશ્યામભાઈ શંકરે આનંદ વ્યક્ત કરતાં કહ્યું, આપણે સૌ શાળાની પ્રાર્થનામાં પ્રતિજ્ઞામાં બોલતાં હતાં – ભારત મારો દેશ છે. બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે. શ્રી કેશુભાઈ સરહદી અને દુર્ગમ વિસ્તારોમાં શાળાઓનું નિર્માણ કરીને આ વાત ચરિતાર્થ કરી બતાવી છે.શ્રી કેશુભાઈ ગોટીએ અંતરનાદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ અભિયાનને જે સફળતા પ્રાપ્ત થઈ છે, તે સર્વ સમાજના સહકારનું પરિણામ છે. વિશ્વ વંદનીય પૂજ્ય મોરારિબાપુએ આ અભિયાનને વેગ મળે તે માટે રામાયણ કથા આપી છે, તે બદલ એમને કોટિ કોટિ વંદન પાઠવું છું. સૌ કર્મયોગીઓ નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે, એમનો જેટલો આભાર વ્યક્ત કરું એટલો ઓછો છે. આજ સુધી સર્વ સમાજનો સાથ-સહકાર મળી રહ્યો છે અને આગામી સમયમાં વધારે મળશે અને ખૂબ મોટા પ્રમાણમાં દેશભરમાં શિક્ષણનું કાર્ય થશે એવો મને દઢ વિશ્વાસ છે.

# અંકલેશ્વર આઈટીઆઈમાં વિદ્યાર્થીઓને ઈલેક્ટ્રિક વ્હીકલની તાલીમ અપાઈ



## મોબાઈલ ટેકનોલોજી અંગે ૧૦ દિવસીય તાલીમનું આયોજન

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર આઈટીઆઈ ખાતે નામાંકિત મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપની દ્વારા ઈલેક્ટ્રિક વ્હિકલ અને ઓટો મોબાઈલ ટેક્નોલોજી અંગે ૧૦ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમ વર્ગમાં ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

દેશની ઓટોમોબાઈલ ક્ષેત્રની નામાંકિત મહિંદ્રા એન્ડ મહિન્દ્રા કંપની દ્વારા અંકલેશ્વર આઈટીઆઈ વચ્ચે તાલીમાર્થીઓને ટ્રેનિંગ બાબતે એમઓયુ થયા છે.જે એમઓયુ મુજબ ઈલેક્ટ્રિક વ્હીકલ અને ઓટોમોબાઈલ ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજી બાબતે ૧૦ દિવસીય ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આઈટીઆઈમાં ડીઝલ લેબમાં સ્થપાયેલ ટેક કોર્નર મહિંદ્રા રાઈઝ ઝોનમાં ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ટ્રેનિંગમાં અંકલેશ્વર આઈટીઆઈના ડીઝલ મિકેનિક ,મોટર મિકેનિક વ્હિકલ અને ઈલેકટ્રીશ્યન ટ્રેડના ૧૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ અધિકારી જુનેદ તાઈએ ઈલેક્ટ્રિક વ્હિકલ અને ઓટો મોબાઈલ ટેક્નોલોજી અંગે પ્રેકટીકલ અને થિયરી દ્વારા ટ્રેનિંગ આપી હતી અને આ ક્ષેત્રની અદ્યતન ટેકનોલીજી અંગે માર્ગદર્શન આપ્યું હતું.આજ રોજ ટ્રેનિંગના અંતિમ દિને ટ્રેનિંગમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી હતી અને તમામ વિદ્યાર્થીઓને મહિન્દ્રા એન્ડ મહિંદ્રા કંપની દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.આ ટ્રેનિંગ બાદ વિદ્યાર્થીઓ રોજગારી મેળવી પોતે આત્મનિર્ભર બની શકે છે.આ ટ્રેનિંગ

દરમ્યાન અંકલેશ્વર આઈટીઆઈ ના આચાર્ય ધનંજય માસ્તર સહીત શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા

# ખેલ મહાકુંભમાં પીપી સવાણી સ્કૂલની સિદ્ધિ



સુરત, તા.૧૯

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ માં પી.પી .સવાણી સ્કૂલ, ગુજરાતી માધ્યમ-ગાર્ડન સિટી, અંકલેશ્વર શાળએ તાલુકા કક્ષાએ વિવિધ રમતોમાં શ્રેષ્ઠ દેખાવ કરી તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો છે અને રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૫,૦૦૦/- હજાર નો રોકડ પુરસ્કાર મેળવી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ શાળાના એમ. ડી . શ્રી રાકેશ રાય ,આચાર્યશ્રી વીણાબેન ડી . ખેર ( પ્રાથમિક વિભાગ) અને આચાર્યશ્રી રજનીકાંત પટેલ(માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગ) દ્વારા શાળાના P.E શિક્ષક શ્રી પ્રતિનભાઈ પટેલને અને વિદ્યાર્થીઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત બજેટથી સુરતના ઉદ્યોગોને મળશે નવી દિશા : ચેમ્બર ઓફ કોમર્સ

## ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર અને નિકાસને પ્રોત્સાહન આપતું ગુજરાત બજેટ : નિખિલ મદ્રાસી

સુરત, તા.૧૯

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્ય સરકાર દ્વારા આજરોજ રજૂ કરાયેલા ગુજરાત બજેટને વ્યાપાર અને ઉદ્યોગલક્ષી ગણાવી તેને આવકારવામાં આવ્યું છે. બજેટમાં રાજ્યના ઉદ્યોગો, નિકાસ અને ખાસ કરીને ટેક્ષ્ટાઈલ ક્ષેત્રના વિકાસ માટે લેવામાં આવેલા પગલાંઓને ચેમ્બરે સકારાત્મક અને દીર્ઘદષ્ટિવાળા ગણાવ્યા છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, બજેટમાં ટેક્ષ્ટાઈલ સ્કીમ હેઠળ ગયા વર્ષે ફાળવવામાં આવેલા રૂપિયા ૨,૦૦૦ કરોડની સામે આ વર્ષે રૂપિયા ૨,૭૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે, આથી ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના વ્યાપક વિકાસ માટે આ જાહેરાત મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે, દેશમાં ટેક્ષ્ટાઈલના સૌથી વધુ એકમો સુરતમાં છે અને અહીં ફાઈબરથી લઈને ફિનિશ્ડ ફેબ્રિક સુધીની સંપૂર્ણ વેલ્યુ ચેઈન ઉપલબ્ધ હોવાથી સુરતને દેશનું અગ્રણી ટેક્ષ્ટાઈલ હબ ગણવામાં આવે છે.

આથી ટેક્ષ્ટાઈલ સ્કીમ હેઠળ કરાયેલી જાહેરાતોનો સૌથી વધુ સીધો લાભ સુરતના ઉદ્યોગોને મળશે. આધુનિક મશીનરી, ટેકનોલોજી અપગ્રેડેશન, ઉત્પાદન ક્ષમતામાં વધારો અને

નિકાસ વૃદ્ધિ માટે સરકારના પગલાં સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને નવી ગતિ આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ યોજનાઓનું ઝડપી અમલીકરણ થશે, જેના પરિણામે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે અને રોજગાર સર્જનમાં પણ વધારો થશે.

રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સીલ સ્થાપવાની જાહેરાત કરી છે, જે રાજ્યના નિકાસકારો માટે મહત્વપૂર્ણ સાબિત થશે. આ કાઉન્સીલ દ્વારા નિકાસકારોને તાલીમ, માર્કેટ ઈન્ટેલિજન્સ, આંતરરાષ્ટ્રીય બજારો અંગે માર્ગદર્શન, નીતિ સહાય અને બ્રાન્ડિંગ સપોર્ટ મળશે. સાથે જ વૈશ્વિક વેપારની બદલાતી પરિસ્થિતિઓમાં ગુજરાતના ઉત્પાદકો અને નિકાસકારોને સ્પર્ધાત્મક બનવામાં મદદ મળશે. સરકારનો મુખ્ય હેતુ રાજ્યમાંથી નિકાસ પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને વ્યવસ્થિત બનાવવાનો તથા ઉદ્યોગોને નવા આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવાનો છે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા નિકાસ પ્રોત્સાહન, ઉદ્યોગસહાયક માળખું, ઈન્ફ્રાસ્ટ્રક?ચર અને વૈશ્વિક બજારો સાથે જોડાણ વધારવા માટે લેવામાં આવેલા નિર્ણયો ગુજરાતને દેશના સૌથી અગ્રણી ઔદ્યોગિક અને નિકાસ કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવશે.


તેમણે જણાવ્યું હતું કે, રાજ્યને વિકાસના નવા ધોરણે આગળ વધારવા છ ઈકોનોમિક રિજનની રચના કરવાની જાહેરાત કરવામાં આવી છે, જેમાં કચ્છ ઈકોનોમિક રિજન, સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજન, કોસ્ટલ સૌરાષ્ટ્ર ઈકોનોમિક રિજન, ઉત્તર ગુજરાત ઈકોનોમિક રિજન, મધ્ય ગુજરાત ઈકોનોમિક રિજન અને સુરત ઈકોનોમિક રિજનનો સમાવેશ થાય છે. આ છ ઈકોનોમિક રિજનના વિકાસ માટે કુલ રૂપિયા ૬,૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જેમાંથી રૂપિયા ૧,૦૦૦ કરોડ સુરત ઈકોનોમિક રિજનને ફાળવાશે તો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ઔદ્યોગિક, ઈન્ફ્રાસ્ટ્રકચર અને રોજગારી વિકાસને નોંધપાત્ર

અનુસંધાન પાના ૭ પર

# કાપોદ્રા ખાતે મણિકર્ણિકા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

## ૫૦૦૦થી વધુ શિવભક્તોએ તાપી મૈયાની સ્વચ્છતા માટે સંકલ્પ લીધો



સુરત, તા.૧૯

'સેવા એ જ સ્વભાવ'ના મંત્ર સાથે ભગવાન કપિલેશ્વર મહાદેવના આશીર્વાદ અને સિધ્ધકુટિર મંદિર આશ્રમ, કાપોદ્રા ખાતે મણિકર્ણિકા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે ત્રિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા, જેમાં રક્તદાન કેમ્પ યોજી ૧૨૧ બોટલ રકત એકત્ર કરાયું હતું. વરાછાના મહંત સ્વામી શ્રી નિર્મલદેવ ગુરૂના માર્ગદર્શનમાં આશ્રમના પ્રાંગણમાં ઉપસ્થિત ૫૦૦૦થી વધુ શિવભક્તોએ સુરતની જીવાદોરી સમાન તાપી મૈયાને સ્વચ્છ રાખવા માટે સામુહિક શપથ લીધા હતા.

વધતા જતા સાયબર ગુનાઓથી સામાન્ય જનતાને સુરક્ષિત કરવા માટે સાયબર પોલીસ ટીમના સહયોગથી ટેકનોલોજીના સુરક્ષિત ઉપયોગ અને છેતરપિંડીથી બચવા માટે શિવભક્તોને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

આ પ્રસંગે અગ્રણીઓ શ્રીમતિ અંજુબેન વેકરીયા, દામજીભાઈ માવાણી, વી.ડી. ઝાલાવાડિયા, નરેશભાઈ વરીયા, જગદિશભાઈ ખૂંટ, ધીરૂભાઈ સવાણી, બાબુભાઈ જીરા, મણિકર્ણિકા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભરત સવાણી તેમજ સમાજસેવકોએ ઉપસ્થિત રહી ટ્રસ્ટના કાર્યોને બિરદાવ્યા હતા.

# તક્ષશિલા વિદ્યાલયમાં બોર્ડ વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારોહ યોજાયો

## બોર્ડ વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે શુભકામના પાઠવાઈ

સુરત, તા.૧૯

નવા બોરભાથા સ્થિત તક્ષશિલા વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનાં શુભેચ્છા સમારોહ આયોજન કરવામાં આવ્યું.




આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે જે પી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ નીતિનભાઈ પટેલ સાહેબે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને મોટીવેશન મળે એ માટે વક્તવ્ય આપી બાળકો પૂરા આત્મવિશ્વાસ ઉત્સાહ અને મહેનતથી ખૂબ જ આગળ વધે એ માટે શુભેચ્છા આપી હતી કારકિર્દીની શરૂઆતના તબક્કામાં શું ધ્યાનમાં રાખી આગળ વધુ તે પણ સમજાવ્યુ હતું.ત્યારબાદ શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧૦ ની ૧૨ ના વિદ્યાર્થીઓએ શાળા સાથે જોડાયેલા પોતાના સંસ્મરણો યાદ કરી વાતાવરણને ગમગીન બનાવી દીધું હતુંઆ સમારોહમાં વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા માટે શાળાના પ્રમુખ ગુમાનભાઈ પટેલ સાહેબ, ચેરમેન વિમલભાઈ પાઠક સાહેબ, શૈક્ષણિક સલાહકાર પી બી પટેલ સાહેબ, આચાર્ય ઘનશ્યામભાઈ બી. પટેલ સાહેબ તથા શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા

# બ્રાઇડલ ટ્રેન્ડમાં એશાની આગવી આગળચાલ



ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતા:- કોલકાતાના શહેરવાસીઓ એક અનોખા આયોજનના સાક્ષી બન્યા. એશા દેની પહેલ પર આયોજિત એક વિશિષ્ટ ડેમો શૂટમાં બંગાળી દુલ્હન અને રિસેપ્શન બ્રાઇડ લુકને સંપૂર્ણ નવી અંદાજમાં રજૂ કરવામાં આવ્યા. શહેરની અન્ય પ્રચલિત વર્કશોપ જેવી હોવા છતાં, આ આયોજન સૌંદર્ય, લાઇટિંગ અને સ્ટાઇલ પ્રેઝન્ટેશનના દૃષ્ટિકોણથી સંપૂર્ણપણે અલગ હતું. કેટલાક કુશળ મોડેલ્સ સાથે પરંપરા અને આધુનિકતાના સુમેળથી અનેક બ્રાઇડલ લુક તૈયાર કરવામાં આવ્યા, જેને ઉપસ્થિત દર્શકો અને મેકઅપ કલાકારો મંત્રમુગ્ધ થઈ ગયા. એશાસ મેકઓવરનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત રીતે આયોજન કરવામાં આવ્યો. આયોજકોનું કહેવું છે કે કોલકાતામાં આવા સર્જનાત્મક બ્રાઇડલ ડેમો શૂટ ભવિષ્યિમાં નવા ટ્રેન્ડ સ્થાપિત કરશે. કાર્યક્રમમાં ભાગ લેનારોએ શીખવા સાથે સાથે સીધો પ્રાયોગિક અનુભવ મેળવવાની તક મેળવી. મોડેલ્સમાં સુનેત્રા મોન્ડલ, કલ્પના સહાની, પ્રિયાંકા બાઇન, ગુડ્ડી ખાતૂન, સુપર્ણા સરકાર, સુષ્મા ડિન્ડા, સુકન્યા મજુમદાર, શર્મિષ્ઠા સિકદાર, સોમદત્તા રાય અને સમાદ્રિતા દાસગુપ્તા હાજર હતા. પ્રસાધન કલાકારોમાં દીપા દેવનાથ, પિયાલી સાહા, પૂજા ભટ્ટાચાર્ય, પ્રીતિ ચંદ, શ્રેયાશી ઘોષ અને પાપાઈ દાસ ઉપસ્થિત રહ્યા. કુલ મળીને, એશા દેની પહેલથી આયોજિત આ ડેમો શૂટ માત્ર એક વર્કશોપ નહોતું, પરંતુ કોલકાતાની બ્રાઇડલ ઇન્ડસ્ટ્રીમાં સર્જનાત્મકતા અને વ્યાવસાયિકતાનો એક નવો દિશાસૂચક અધ્યાય સાબિત થયો.

# શરીરની ઇમ્યુન સિસ્ટમ ગુંચવાઈને પોતાનાં શરીર પર જ હુમલો કરે છે



મોટાભાગનાં લોકો ઠંડી લાગે ત્યારે કંપી ઊઠે છે અથવા ગરમ કપડાં પહેરી લે છે, પરંતુ કેટલાક લોકોમાં ઠંડીના સંપર્કમાં આવતાં જ શરીર એલર્જીક પ્રતિક્રિયા આપવાનું શરૂ કરે છે. આ એક દુર્લભ સ્થિતિ છે, જેમાં ઠંડા તાપમાનના સંપર્કથી શરીરની ઇમ્યુન સિસ્ટમ (રોગપ્રતિકારક શક્તિ) ગુંચવાઈને પોતાનાં શરીર પર જ હુમલો કરે છે.

બ્રિટન સ્થિત લેન્કાસ્ટર યુનિવર્સિટીનાં નિષ્ણાતોએ આ વિષય પર એક અભ્યાસ કર્યો છે. તેમનાં જણાવ્યાં મુજબ, આ બીમારીના લક્ષણોમાં ત્વચા પર લાલ ચકત્તા (પિત્તી), સોજો, તીવ્ર ખંજવાળ અને દુખાવો સામેલ છે. ગંભીર કેસોમાં વ્યક્તિનું બ્લડ પ્રેશર ઘટી શકે છે, શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે અને બેભાન થવાની શક્યતા પણ રહે છે.

આ બીમારીનો પ્રથમ ઉલ્લેખ ૧૭૯૨માં એક જર્મન ડોક્ટરે કર્યો હતો. પુરુષોની સરખામણીમાં આ સમસ્યા મહિલાઓમાં બમણી જોવા મળે છે. આ એલર્જીના બે પ્રકાર છે,

(૧) પ્રાઈમરી કોલ્ડ અર્ટિકેરિયા (૯૫ ટકા કેસ) :- આનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. તેમાં શરીરની માસ્ટ સેલ્સ ઠંડીને જોખમ તરીકે માને છે અને હિસ્ટામિન નામનું રસાયણ છોડે છે, જેના કારણે શરીરમાં સોજો અને લાલાશ આવી જાય છે.

(૨) સેકન્ડરી અર્ટિકેરિયા (૫ ટકા કેસ) :- આ અન્ય બીમારીઓ જેમ કે હેપેટાઇટિસ, ઉઁફ અથવા કેન્સરના કારણે થઈ શકે છે. આ એલર્જીથી પીડિત વ્યક્તિએ માત્ર ઠંડી હવાઓથી જ નહી, પરંતુ રોજિંદી ઘણી બાબતોથી પણ સાવચેત રહેવું પડે છે, જેમ કે ફ્રિજનું ઠંડું પાણી અથવા જ્યૂસ પીવું, બહુ ઠંડી સપાટી (જેમ કે બરફ અથવા ઠંડા લોખંડને સ્પર્શ કરવો.

**શિયાળામાં આ બાબતોનું ધ્યાન રાખો :-**

નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર, આશરે ૨૫ થી ૫૦ ટકા દર્દીઓમાં સમય જતાં આ સ્થિતિ આપમેળે સુધરી જાય છે. દવાઓ લક્ષણો ઘટાડવામાં મદદરૂપ થાય છે. ગંભીર કેસોમાં સ્ટેરોઈડ અથવા ખાસ એન્ટીબોડી ઇન્જેક્શન આપવામાં આવે છે.

સૌથી અસરકારક ઉપાય એ છે કે એલર્જી વધારતી પરિસ્થિતિઓથી બચવું, જેમ કે ખૂબ ઠંડું પાણી ન પીવું અને શિયાળામાં શરીરને સંપૂર્ણ રીતે ઢાંકીને રાખવું. ડોક્ટરની દેખરેખ હેઠળ શરીરને ધીમે-ધીમે ઠંડા તાપમાનનું આદી બનાવવામાં આવે છે, જેથી રોગપ્રતિકારક શક્તિની પ્રતિક્રિયા ઓછી થઈ શકે.

# રાળઃ વૃક્ષનું આ ‘રક્ષાકવચ’ જ વૃક્ષને ભારે પડી રહ્યું છે

અગરનું ઝાડ એટલે કે અગરવૂડ જેને સામાન્ય રીતે ઔંધ કે ગહરુના નામે પણ ઓળખવામાં આવે છે. વાસ્તવમાં એ પોતાની સુગંધી રાળ એટલે કે રેઝિન અથવા તો ભીના ગુંદર માટે પ્રખ્યાત છે. તેને સહેલાઈથી સમજવું હોય તો એમ સમજો કે આપણા ઘરમાં જે સુગંધી અગરબત્તી કે પછી ધૂપ સળગાવવામાં આવે છે તે અગરવૂડની રાળમાંથી જ બનાવવામાં આવે છે. આ જ કારણે આ વૃક્ષને આખી દુનિયામાં ઘણું વધુ કમર્શિયલ મહત્ત્વ છે. મૂળે આ પૂર્વ એશિયાના દૂરના વિસ્તારોનું વૃક્ષ છે. આ વૃક્ષ ભારતની સાથે સાથે ચીન, મલાયા, ન્યૂ ગિની, લાઓસ, કંબોડિયા, સિંગાપુર, મલક્કા, ભૂતાનસ, બાંગલાદેશ, મ્યાનમાર અને સુમાત્રામાં મળી આવે છે. ભારતમાં નૈસર્ગિક રીતે ઉત્તર પૂર્વના હિમાલય વિસ્તાર ખાસ કરીને ત્રિપુરા, નાગાલેન્ડ, આસામ અને મણિપુરમાં મળી આવે છે. આના પછી આની એક પ્રજાતિ કેરળમાં પણ મળી છે. ભારતમાં તેના અનેક નામ છે, જેમ કે સંસ્કૃતમાં તેને અગરુ, હિન્દીમાં અગર, અસમિયામાં સાંચીગાછ, બાંગલામાં અગર, ગુજરાતીમાં અગર, તેલુગુમાં અગર, મલયાલમમાં અકિલ અને અંગ્રેજીમાં ઈગલવૂડ કહેવામાં આવે છે. આ ઝાડમાંથી નીકળતી રાળ અથવા તો સુગંધી રેઝિનની માગણી ઘણી વધારે હોવાથી આખી દુનિયામાં તેની કિંમત ઘણી વધારે છે. ત્યાં સુધી કે એક કિલો રાળની કિંમત લાખોમાં જાય છે. એક કિલો અગરવૂડ તેલની કિંમત તો ૪૦ હજાર પાઉન્ડ એટલે કે ૩૫-૪૦ લાખ જેટલી મળી શકે છે.

આ અદ્ભુત કમર્શિયલ વેલ્યૂને કારણે રાળનાં વૃક્ષોનું અંધાધૂંધ દોહન થઈ રહ્યું છે. જેને કારણે આખી દુનિયામાં તેની સંખ્યા ઘણી ઓછી બચી છે. ત્યાં સુધી કે સૌથી સારી નસલનાં વૃક્ષો તો લગભગ લુપ્ત થઈ ગયા છે. આ જ

કારણે આ દુર્લભ વૃક્ષને ૧૯૯૫ના વન્ય વનસ્પતિઓ અને જીવની લુપ્ત થવાની કગારે પહોંચેલી પ્રજાતિઓના આંતરરાષ્ટ્રીય વ્યાપાર પરની પરિષદમાં પરિશિષ્ટ-બેમાં સામેલ કરવામાં આવ્યું હતું. એટલે કે તેને લુપ્ત થવાની આરે રહેલાં વૃક્ષોનું સ્થાન આપવામાં આવ્યું છે.

હવે આ વૃક્ષમાંથી થનારા આર્થિક ફાયદાની વાત કરીએ તો સારી ક્વોલિટીના એક કિલો અગરવૂડના લાકડાનું મૂલ્ય તેમાં હાજર રાળ અથવા સુગંધને આધારે રૂ. ૧,૮૦૦થી રૂ. ૫,૪૦,૦૦૦ સુધી મળી શકે છે. હવે એવું માની લઈએ કે કોઈ ખેડૂત અગરવૂડનાં વૃક્ષો લગાવે છે તો એક એકરમાં આ વૃક્ષો લગાવીને આઠથી નવ વર્ષ તેની સારી જાળવણી કરે તો ૭૦૦ જેટલા અગરવૂડના વૃક્ષમાંથી આઠથી નવ કરોડ રૂપિયાની આવક થઈ શકે છે. જોકે આ વળતરનો અંદાજ અગરવૂડની નવ પ્રજાતિના વૃક્ષમાંથી સૌથી સારી ક્વૉલિટીની સુગંધ ધરાવતા વૃક્ષને આધારે બાંધવામાં આવ્યો છે.



વૈજ્ઞાનિકો જેને એક્વિલારિયા માલ્કાક્સિસ તરીકે ઓળખે છે તેમાંથી નીકળતી સુગંધી રાળ ત્યારે તૈયાર થાય છે, જ્યારે આ વૃક્ષ પર એક ખાસ પ્રકારની ફૂગ લાગે છે અને તેમાં જખમ તૈયાર થાય છે. વાસ્તવમાં આ ઘાને ભરવા માટે અને વૃક્ષને વધુ ચેપ લાગતો રોકવા માટે બાષ્પશીલ વરાળના માધ્યમથી ગુંદર જેવો પદાર્થ બનાવે છે જે ફૂગને વધતી રોકે છે. આ જ કારણ છે કે આ વૃક્ષ પર વધારે ફૂગ લાગે તો વૃક્ષ વધુ રાળ બનાવે છે.

એક રીતે એમ કહી શકાય કે જે સુગંધી રાળની પાછળ આખી દુનિયા પાગલ છે તે વાસ્તવમાં આ વૃક્ષ દ્વારા ફૂગથી પોતાનો બચાવ કરીને જીવતા રહેવા માટે તૈયાર કરવામાં આવેલું રક્ષાકવચ છે, પરંતુ તેની આ જ ખાસિયતને કારણે આજે આ વૃક્ષ પૃથ્વી પરથી લુપ્ત થવાને આરે પહોંચી ગયું છે. હવે જોકે વિયેતનામથી લઈને ચીન અને સુમાત્રા સુધી અગરના વૃક્ષની આ કુદરતી રાળને કૃત્રિમ રૂપે બનાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. વિયેતનામમાં તો સફળતા પણ મળી છે.એવું લાગે છે કે આગામી ૪૦-૫૦ વર્ષ પછી જંગલમાં ઊગતા અગરના વૃક્ષને બદલે રસાયણોથી બનેલી કૃત્રિમ રાળનો ઉપયોગ સુગંધી અગરબત્તી, ધૂપ અને અન્ય વસ્તુઓ બનાવવામાં કરવામાં આવશે.

અગરના વૃક્ષને માથે એટલા માટે પણ સંકટ વધ્યું છે કેમ કે બધા જ ધર્મમાં અગરમાંથી નિર્માણ થતા સુગંધી દ્રવ્યોનો ઉપયોગ ધાર્મિક કર્મકાંડો માટે કરવામાં આવે છે. આવી જ રીતે આધુનિક લાઈફ સ્ટાઈલમાં વાતાવરણને સાફ અને સુગંધી બનાવવા માટે પણ અલગ અલગ ઉત્પાદનોમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. ભારતમાં ચારથી પાંચ પ્રજાતિના અગરવૂડ વૃક્ષો મળી આવે છે, પરંતુ સૌથી સારી ગુણવત્તાનું અગરવૂડ બંગલાદેશના સિલહટ અને ભારતના ત્રિપુરા અને નાગાલેન્ડમાં મળી આવે છે. અગરને ત્રિપુરાનું રાજકીય વૃક્ષ જાહેર કરવામાં આવ્યું છે.

રાળ ઉપરાંત આ વૃક્ષના પાંદડા અને ડાળીઓમાં પણ ખાસ્સી હદ સુધી સુગંધ વસેલી હોય છે. આથી જ જ્યાં અગરવૂડનું વૃક્ષ હોય ત્યાંથી ખાસ્સે દૂર સુધી તેની સુગંધ ફેલાયેલી હોય છે. યોગ્ય રીતે વિકાસ થાય તો વૃક્ષની ઊંચાઈ ૧૮થી ૩૦ ફૂટ જેટલી થાય છે. તેનું થડ દોઢ થી અઢી મીટર સુધીનો પરિઘ ધરાવે છે. તેના થડ પરની છાલ ભોજપત્ર જેવી હોય છે. તેની છાલનો આયુર્વેદની વિવિધ દવામાં ઉપયોગ કરવામાં આવે છે. થડના ઉપરના ભાગમાં અગરવૂડ ગરુડની પાંખની જેમ પોતાનો વિસ્તાર કરીને દેખાય છે. આથી જ તેને ઈગલવૂડ પણ કહેવામાં આવે છે. આમ તો તેના અન્ય પણ અનેક નામ છે, જેમ કે ઉદ, એલો વૂડ, હર્ટવૂડ. આવી જ રીતે તેને દેવતાઓની લાકડીઓ વાળા વૃક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# મૃત્યુનું એક પ્રમુખ કારણ છે શારીરિક નિષ્ક્રિયતા

યોગ એક પ્રાચીન અભ્યાસ છે.જેની શરૂઆત હજારો વર્ષો પહેલાં ભારતમાં થઈ હતી.આ એક સંપૂર્ણ અનુશાસન છે.જે શારીરિક મુદ્રાઓ,શ્ર્વાસ અભ્યાસ, પ્રાણાયામ, ધ્યાન અને નૈતિક સિદ્ધાંતોને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કલ્યાણને વેગ આપવા માટે જોડે છે. શરીરનું લચીલાપન, શક્તિ, સંતુલન, તનાવ પ્રબંધન અને સમગ્ર સ્વાસ્થ્યને શ્રેષ્ઠ બનાવવામાં યોગના પ્રભાવને લીધે યોગને દુનિયાભરમાં અપાર લોકપ્રિયતા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત વ્યક્તિ અને પૂરા સમાજ પર યોગના સકારાત્મક પ્રભાવ અને ફેલાવા માટે એક મંચના રૂપમાં કાર્ય થઈ રહ્યું છે.આ દિવસે યોગના મહત્ત્વને ઉજાગર કરવા માટે વિશ્ર્વભરમાં વિવિધ પ્રકારના કાર્યક્રમ,કાર્ય શાળાઓ, સેમિનાર અને પ્રદર્શનના આયોજન કરવામાં આવે છે.

૨૧ જૂનના યોજાતા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ દર વર્ષે અલગ અલગ હોય છે, જે યોગના વિભિન્ન પાસાંઓ અને સમકાલીન પડકાર માટેની પ્રાસંગિકતા પર કેન્દ્રિત હોય છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ની થીમ ‘માનવતા’ છે.આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો હેતુ યોગ અભ્યાસના લાભની બાબતમાં વૈશ્ર્વિક જાગૃતિ પેદા કરવાનો છે.વિશ્ર્વ સ્વાસ્થ્ય સંગઠને સભ્ય દેશોને પોતાના નાગરિકોની શારીરિક નિષ્ક્રિયતા ઓછી કરવા માટે પ્રોત્સાહિત કરવાનો આગ્રહ કર્યો છે. શારીરિક નિષ્ક્રિયતા દુનિયાભરમાં મૃત્યુનું એક પ્રમુખ કારણ છે.હૃદય સંબંધી બીમારી,કેન્સર અને મધુપ્રમેહ જેવી ગંભીર બીમારીઓ માટે શારીરિક નિષ્ક્રિયતાને એક પ્રમુખ જોખમ ગણવામાં આવે છે.જો કે યોગમાં ફક્ત શારીરિક ગતિવિધિ જ સામેલ નથી હોતી.ઉદાહરણ તરીકે, પ્રસિદ્ધ યોગાભ્યાસ કર્તા સ્વર્ગીય બી.કે.એસ.આયંગરજીએ કહ્યું હતું કે યોગ રોજબરોજની જિંદગીમાં સંતુલન અને માનસિકતા વિકસિત કરે છે તેમજ કામ કરવાની કુશળતામાં વધારો કરે છે.યોગ મન અને શરીરનો એક અભ્યાસ છે,જેમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર સકારાત્મક પ્રભાવ પડે છે.તનાવને ઓછો કરવામાં અને લચીલાપનમાં સુધારો કરવામાં અને તાકાત વધારવામાં યોગ મદદરૂપ થાય છે. યોગ એક સાર્વભૌમિક અભ્યાસ છે. જેનો આનંદ બધી જ ઉંમરના અને વિવિધ ક્ષમતાઓ ધરાવનાર લોકો લઈ શકે છે.યોગ આપણા શરીર અને મનને જોડવા તેમજ સમગ્ર સ્વાસ્થ્યને શ્રેષ્ઠ બનાવવા માટેનો એક શાનદાર પ્રયોગ છે.યોગ એક એવો અભ્યાસ છે જેમાં આપણે વર્તમાન ક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને તનાવ અને નકારાત્મકતાને દૂર કરી શકીએ છીએ.

યોગથી બાળકોને પણ ખૂબ જ લાભ થતો હોય છે.વિશ્ર્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા શારીરિક ગતિવિધિ અને સ્વાસ્થ્ય પર વૈશ્ર્વિક કાર્ય યોજનામાં યોગને વેગ વધારવા માટે ખૂબ ભાર દેવામાં આવ્યો છે.યોગ બાળકોની શક્તિ વધારવા માટે અને લચીલાપન વધારવા માટે એક ઉત્કૃષ્ટ વિધિ છે.યોગ અને આસન કરવાથી વિદ્યાર્થીઓમાં સ્ફૂર્તિનું નિર્માણ થાય છે.ચંચળતા ઘટે છે.બાળકોના દરેક કાર્યમાં ગતિ અને કૌશલ્યનો વિકાસ કરવામાં યોગ મહત્ત્વનો ભાગ ભજવે છે.યોગ દ્વારા બાળકોમાં શ્ર્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી એકાગ્રતામાં વધારો થાય છે. અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા,નવી દિલ્હીએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૪ ના ઉપલક્ષ્યમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું હતું.આ કાર્યક્રમનો વિષય ‘મહિલા સશક્તિકરણ માટે યોગ’એવો રાખવામાં આવ્યો હતો.આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પ્રસિદ્ધ પ્રેરક વક્તા શિવાની દીદીએ ઉપસ્થિત રહીને લોકોને સંબોધિત કર્યા હતા.એમણે પોતે જણાવ્યું હતું કે આજના યુવાનોમાં માનવતાની ભલાઈનું આરોપણ થાય એ માટે થઈને યુવાનોમાં દ્રઢતા અને યોગનું મહત્ત્વ વધે એવા આયોજન થવા જોઈએ.એમણે ભારપૂર્વક કહ્યું હતું કે યોગનો અભ્યાસ શાંત મનનાં વ્યક્તિને સમાજ કલ્યાણ માટે એક શ્રેષ્ઠ નિર્ણય લેવામાં મદદ મળે છે.તેમણે આ વાત પર વિશેષ ભાર દેતા કહ્યું હતું કે સર્વાંગીણ વિકાસ માટે મહિલા સશક્તિકરણ ખૂબ જ જરૂરી છે. મહિલા સશક્તિકરણ અને માર્ગદર્શનમાં મન,ભાવના અને આત્માને મજબૂત કરવા માટે યોગ દિવસ મનાવવો જોઈએ.વિશેષમાં શિવાની દીદી એ જણાવ્યું કે,જીવનમાં આયુર્વેદના અનુપાલનથી જે ફાયદા થાય છે એવી જ રીતે બહારની દુનિયા સાથે એકજૂટ થવા માટે યોગ મદદરૂપ થાય છે.આયુર્વેદ અને યોગ એક સિક્કાની બે બાજુ સમાન છે.

# ભારત-યુરોપ વ્યાપાર જોડાણની મજબૂતી માટે અદાણી પોર્ટ્સ તથા પોર્ટ ઓફ માર્સેલી ફોસ વચ્ચે વ્યૂહાત્મક IMEC ભાગીદારી પર હસ્તાક્ષર

**અમદાવાદ, તા.૧૭**

વિશ્વની સૌથી ઝડપથી વિકસતી સંકલિત પરિવહન ઉપયોગિતા અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ) અને ફ્રાન્સની અગ્રણી બંદર અને ભૂમધ્ય સમુદ્રના મુખ્ય પ્રવેશદ્વાર એવા માર્સેલી ફોસ પોર્ટે વ્યાપારી સુવિધા, બંદરના નવીનીકરણ અને ઊર્જા સંક્રમણ સંબંધી સહયોગને વધુ દૃઢ બનાવવાના હેતુ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના દરિયાઈ જોડાણને વધુ સંગીન બનાવવા થયેલી આ ભાગીદારીમાં ભારત-મધ્ય પૂર્વ-યુરોપ ઈકોનોમિક કોરિડોર (IMEC) રૂટ ઉપરના મુખ્ય બંદરો વચ્ચે IMEC પોર્ટ્સ ક્લબ બનાવવાની દરખાસ્ત છે. ભારત-યુરોપિયન યુનિયન વચ્ચે વેપારી કામકાજ માટે IMEC માર્ગને સંપ્પન કરતા આ વ્યુહને ભારત અને EU વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર (FTA)નું પ્રોત્સાહન સાંપડ્યું છે. ઉલ્લેખનીય છે કે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનીઆ ભાગીદારીને ’બધા સોદાઓની માતા’ તરીકે ઓળખાવી છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની મુલાકાત દરમિયાન થયેલા આ એમઓયુનો ઝુકાવ ભારત ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીના વિસ્તરણ તરફી રહેવા સાથે તેને વિશાળ IMEC અને ભારત-યુરોપિયન વચ્ચેનાવેપારી દ્રષ્ટિકોણ સાથે સંરેખિત કરે છે. નવી દિલ્હીમાં ૨૦૨૩ ૪૨૦ શિખરમાં આરંભાયેલ ભારત અને યુરોપને સંકલિત દરિયાઈ માર્ગો, રેલ નેટવર્ક, ડિજિટલ સિસ્ટમ્સ અને સ્વચ્છ ઉર્જા માર્ગો દ્વારા જોડતા ૬,૦૦૦ કિમીના ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર (IMEC) એ



બહુલક્ષી જોડાણની દીશામાં એક પહેલ છે.

IMEC ના પૂર્વીય પ્રવેશદ્વાર પર આવેલા અદાણીના મુન્દ્રા અને હજીરા બંદરો દક્ષિણ એશિયાને પશ્ચિમ એશિયા સાથે જોડતો બહુહેતુક લોજિસ્ટિક્સ હબ બનાવે છે. આ સમજૂતિ દ્વારા માર્સેલી ફોસ કોરિડોરના પશ્ચિમ યુરોપીય પ્રવેશદ્વારને શક્તિશાળી બનાવી આશરે ૭૦ મિલિયન ટન જેટલી ક્ષમતાના સંભવત ઉમેરા સાથે યુરોપમાં IMEC ની પહોંચને વધુ ગહન બનાવી વિસ્તારે છે. યુરોપના સૌથી મોટા સંકલિત મલ્ટી મોડલ પોર્ટ ઈકોસિસ્ટમમાંના એક માર્સેલી ફોસ સાથેનો આ સહયોગ ભારત-યુરોપિયન યુનિયન વચ્ચેના વેપાર પ્રવાહને સરળ બનાવવા માટે વધુ સંરચિત અને સંકલિત માર્ગનું નિર્માણ કરે છે..

યુરેશિયન વેપાર પ્રવાહ માટે IMEC માર્ગને ટકાઉ, સુરક્ષિત અને સ્પર્ધાત્મક વિકલ્પ તરીકે પ્રોત્સાહન આપી સંયુક્ત ઝુંબેશ, આંતરરાષ્ટ્રીય વેપાર મેળાઓ અને રોડ શોમાં ભાગીદારી અને લક્ષિત B2B જોડાણો આ ભાગીદારીના કેન્દ્રસ્થાને રહેશે. તદુપરાંત પોર્ટ ડિજિટલાઇઝેશન, સ્માર્ટ પોર્ટ પ્લેટફોર્મ, ડેટા ઈન્ટરઓપરેબિલિટી, સાયબર સુરક્ષા, વૈકલ્પિક ઈંધણ, બંદરીય કાંઠાનો વીજ પુરવઠો અને ઓછા કાર્બન બંકરિંગમાં તકનીકી વિનિમય અને ક્ષમતા નિર્માણની બાબતો શામેલ છે. આ સિવાય મુન્દ્રા-માર્સેલી ફોસ ગ્રીન મેરીટાઈમ કોરિડોરનો વિકાસ, કોરિડોરમાં આવરી લેવામાં આવેલા બંદરો વચ્ચે સંવાદને સંસ્થાકીય બનાવવા અને IMEC આંતર માળખાને સમર્થન આપતી નીતિઓ માટે વ્યાપક સંવાદ અને રોકાણના માળખા માટે ઈનપુટ્સનું સંકલન કરવા માટે IMEC પોર્ટ્સ ક્લબની સહ-સ્થાપના ઉપર લક્ષ્ય કેન્દ્રીત કરવામાં આવશે.

અદાણી પોર્ટસ અને સેઝના પૂર્ણકાલિન ડાયરેક્ટર અને સી.ઇ.ઓ. શ્રી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે ભારતે પહેલેથી જ આ કોરિડોરને આગળ વધારવામાં અગ્રિમ ભૂમિકા અદા કરી છે. ભારત-યુરોપિયન વચ્ચે મુક્ત વેપાર કરાર સંપન્ન થતાં તેમાં સામેલ થનારા દેશો વચ્ચે અનેકગણો વેપાર વધવાની અપેક્ષા છે. તેમણે માહિતી આપી હતી કે અદાણી પોર્ટ્સના ભારતના પશ્ચિમ તટે આવેલા અમારા હઝીરા અને મુન્દ્રા બંદરોએ કોરિડોરના પ્રથમ અને મધ્ય તબક્કામાં એક સીમલેસ માર્ગ સ્થાપિત કરેલો છે. ફ્રાન્સના માર્સેલી ફોસ બંદર સાથે આ સમજૂતી સાથે હવે અમે આખરી તબક્કાને યુરોપ સાથે સફળતાપૂર્વક જોડી દીધો છે.

તેમણે કહ્યું હતું કે આ ભાગીદારી . ભાગ લેનારા તમામ દેશો વચ્ચે માહિતી અને સામગ્રીના આદાનપ્રદાનને નોંધપાત્ર રીતે વેગ આપી આર્થિક સહયોગ અને સ્થિતિસ્થાપકતા સપ્લાય-ચેઈનને વધુ મજબૂત બનાવશે. IMEC કોરિડોરનું નિર્માણ નિર્ણાયક તબક્કામાં પ્રવેશી રહ્યું છે ત્યારે અદાણી પોર્ટસ સાથેની અમારી સાજેદારીને સંગીન બનાવવાનો માર્સેલી ફોસ પોર્ટના સી.ઈ.ઓ શ્રી હર્વે માર્ટેલે આ વેળા આનંદ વ્યકત કરી ઉમેર્યું હતું કે વેપારના આવનારા ભવિષ્યની કરોડરજ્જુના બે છેડા પર ભારત અને માર્સેલી આવીને ઉભા છે ત્યારે આ નવા માર્ગના માળખા અને ઉર્જા વધારવામાં બન્ને બંદરોને મુખ્ય જવાબદારી સોંપે છે. તેમણે કહ્યું હતું કે અમે બન્ને સાથે મળીને સામેલ બંદરોને જોડીને ફેડરેશન કરવાનો અને અમારા પ્રદેશો વચ્ચે વધુ કાર્યક્ષમ, સ્થિતિસ્થાપક અને ટકાઉ જોડાણના મજબૂત હિમાયતી તરીકે કાર્ય કરવાનો ઈરાદો ધરાવીએ છીએ.

તંત્રી લેખ...-

ગુરૂવાર, તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬

# વિકાસને વેગ આપતું બજેટ

૨૦૪૭માં ભારત કેવું હશે તેની સંકલ્પના સાથે કેન્દ્ર સરકાર આગળ વધી રહી છે તેમાં ગુજરાત રાજ્ય સરકારે પણ આજે જાણે સૂર પુરાવ્યો છે. રાજ્યનું ૪,૦૮,૦૫૩ કરોડનું જંગી અંદાજપત્ર વિધાનસભા સમક્ષ મૂકવામાં આવ્યું તેમાં શહેરીકરણ, રમતગમત ક્ષેત્ર અને પ્રવાસનને પ્રોત્સાહન આપવા સાથે અનેક કલ્યાણકારી યોજનાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે જોગવાઈઓ બજેટમાં થઈ છે તે સાંગોપાંગ પૂર્ણ થાય તો આગામી દિવસોમાં ગુજરાત વિશ્વ સ્તરે વધુ ઉજળું બને એવું વિધાન અતિરેકભર્યું નથી. ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ રમતો તથા સંભવતઃ ઓલિમ્પિક રમતોત્સવ પણ અહીં યોજાય તે બાબતો ધ્યાનમાં રખાઈ છે. કદાચ આ એવું પ્રથમ બજેટ છે જેમાં રમતગમતને આટલું મહત્ત્વ અપાયું છે. બજેટ સામાજિક સુરક્ષા, માનવસંશાધન વિકાસ, માળખાંકીય સુવિધા, આર્થિક વિકાસ, ગ્રીનગ્રોથને કેન્દ્રમાં રખાયા છે. અંદાજપત્રમાં નાણામંત્રીએ શહેરોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એક કારણ એ પણ હોઈ શકે કે, નજીકના મહિનાઓમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ- મહાનગર પાલિકાઓની ચૂંટણી આવી રહી છે. આમ પણ શહેરોના વિકાસમાં આ સરકારે ૯૦ના દાયકાના અંતથી નોંધપાત્ર પરિણામ પ્રાપ્ત કર્યા છે. હવે આધુનિક પદ્ધતિઓને સાથે રાખીને આ કામ થઈ રહ્યું છે. રમતગમત મંત્રાલય માટે ૨૦૦૬ કરોડની માતબર ફાળવણી થઈ છે, જે અંતર્ગત સોમનાથને વૈશ્વિક સ્થાન તરીકે વિકસાવવાનો મનોરથ સરકારે સેવ્યો છે. સોમનાથના ફક્ત બસપોર્ટ માટે જ રૂા.૪૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અંબાજી કોરિડોર, બહુચરાજી મંદિર, મહાશિવરાત્રિ મેળો જૂનાગઢ અને નર્મદા પરિક્રમાના વિશિષ્ટ ખર્ચને બજેટમાં સમાવાયા છે. ધાર્મિક પ્રવાસનનું મહત્ત્વ અહીં ઉજાગર થયું છે. શિવરાજપુર અને સોમનાથ બીચ પર વિશ્વસ્તરીય સુવિધા વિકસાવવા અને પોરબંદરમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા પણ અહીં જોગવાઈ છે. ધોળાવીરાને પણ ધ્યાનમાં રખાયું છે. દુનિયાભરના પ્રવાસીઓ જ્યાં વર્ષભર ઊમટે છે તેવા સ્ટેચ્યૂ ઓફ યુનિટી માટે રૂા. ૨૩૬ કરોડની ફાળવણી પણ ઉલ્લેખનીય છે. ૨૦૨૬નું વર્ષ સરકારે પ્રવાસન વર્ષ જાહેર કર્યું છે અને તેથી સૌરાષ્ટ્રના ગીર, સાગરકિનારા સહિતનાં સ્થળોના વિકાસને આ અંદાજપત્રમાં પ્રાધાન્ય અપાયું છે એવું કહી શકાય કે, બજેટની આ જોગવાઈ ગુજરાતને રાષ્ટ્રના વિવિધ રાજ્યો સાથે અને વિશ્વના દેશો સાથે વધુ મજબૂતીથી જોડવામાં નિમિત્ત બનશે. રાજ્યના આંતરિક અને અન્ય રાજ્યોને જોડતા રસ્તા માટે હાઈસ્પીડ કોરિડોર જેવી યોજના આ પ્રવાસનને પ્રોત્સાહક પરિબળ તરીકે ભાગ ભજવશે. ૨૦૩૦માં કોમનવેલ્થ રમતો આવી રહી છે. તેના માટે અમદાવાદને 'ઓલિમ્પિક રેડિસિટી' બનાવવા માટે રૂા.૧૨૭૮ કરોડની ફાળવણી થઈ છે. પ્રાકૃતિક ખેતીને પણ ધ્યાને રાખીને કૃષિ ઓજારોની સહાય માટે પણ જોગવાઈ છે, તો સામે ઉદ્યોગો માટે ૨૫ જીઆઈડીસીને સ્માર્ટ બનાવવા તથા ૧૨૦ મિની જીઆઈડીસીના નિર્માણનો પ્રસ્તાવ નાણામંત્રીએ મૂક્યો છે. આત્મનિર્ભર ગુજરાતની યોજના અંતર્ગત એમએસએમઈને પ્રોત્સાહન અપાયું છે. એકંદરે રાજ્યની સમૃદ્ધિમાં આ બજેટ ઉમેરો કરશે તેવી આશા રાખી શકાય.

## ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કચ્છને ત્રેવડી ભેટ; જય હો નર્મદા મૈયા !

વિકસિત ગુજરાતની પરિકલ્પનામાં કચ્છની ભૂમિકા ખરેખર અગત્યની હોવાનું અનુમોદન વર્ષ ૨૦૨૬-૨૭ માટેના અંદાજપત્રમાં જોવા મળ્યું છે. નાણામંત્રી કનુભાઇ દેસાઇએ કચ્છ માટે ઉચ્ચ શિક્ષણ, માળખાંકીય સુવિધા, સિંચાઇ અને પ્રવાસન ક્ષેત્રે બૂસ્ટર ડોઝ આપ્યો છે. વિશેષ કરીને ઉચ્ચ શિક્ષણ કોઇ પણ ક્ષેત્રના વિકાસની પાયાની જરૂરિયાત છે અને એ માટે ત્રેવડી ભેટ મળી છે. માંડવી તાલુકાના ગઢશીશામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટી સાથેની સરકારી કોલેજની જાહેરાતથી આ વિસ્તારની શિક્ષણભૂખ સંતોષાશે. અહીં લાંબા અરસાથી કોલેજની માગણી હતી અને કચ્છ યુનિવર્સિટીએ બે વર્ષથી એક્સટેન્શન સેન્ટર શરૂ કર્યું હતું, પણ હવે પૂર્ણ કદની કોલેજ ઉપલબ્ધ થતાં ગઢશીશા પંથકના છાત્રો વિશેષ કરીને કન્યાઓ ઉજજવળ ભવિષ્ય સુનિશ્ચિત કરી શકશે. અંજારમાં પોલીટેકનિક કોલેજ ઉપરાંત કૃષિ કોલેજ (સિનુગ્રા) બનવા જઇ રહી છે. ગુજરાત સરકારમાં કચ્છનું પ્રતિનિધિત્વ કરતા ત્રિકમભાઇ છાંગા અને અન્ય જનપ્રતિનિધિઓની રજૂઆતનું આ પરિણામ કહી શકાય. અંજાર ઔદ્યોગિક ઝોનમાં આવેલું નગર છે. પોલીટેકનિકથી યુવાનો માટે સ્થાનિકે રોજગારીની પાત્રતા બનશે અને એકમોને પણ ટેકનિકલ સ્કિલ્ડ કર્મચારીઓ મળી રહેશે તેમ કૃષિ કોલેજ સિનુગ્રાને મળતાં કચ્છની જૂની માંગ સંતોષાઇ છે. કચ્છ જળસમૃદ્ધ બનવા જઇ રહ્યું છે ત્યારે કૃષિ કોલેજ મળવી નિર્ણાયક કદમ છે. એ સિવાય કચ્છને નર્મદાનાં વધારાનાં પાણી અને નર્મદા યોજના માટે પણ ગંજાવર ફાળવણી થઇ છે. નર્મદાનાં કામો આમ તો ગુજરાતમાં મહદ્અંશે પૂર્ણતાએ પહોંચ્યા છે. કચ્છ સુધી સિંચાઇનાં નીર ૨૦૧૭માં પહોંચ્યાં એ પછી ચોમાસામાં ઓવરફલોનાં પાણીથી તમામ જળાશયો ભરવાની ઉપરાંત છેવાડાના દુર્ગમ ક્ષેત્રો સુધી પાઇપલાઇન વાટે નર્મદા જળ પહોંચાડવાની યોજનાનાં કામો હવે નિર્ણાયક ગતિ પકડશે. વધારાનાં પાણીની યોજના માટે ૧૩૩૩ કરોડ સૌથી મોટી રકમ છે, તો દુધઈ સબ બ્રાન્ચ કેનાલનાં કામો માટે પણ ૨૨૩૦ કરોડની જોગવાઈનો ઉલ્લેખ ધ્યાન ખેંચે છે. કચ્છમાં માળખાંકીય સુવિધા, પ્રવાસન વિકાસ અને પર્યાવરણ જતનની ચિંતા બજેટમાં વર્તાયે છે. આ સીમાવર્તી જિલ્લા ઉપરાંત રાજ્યમાં વધતી જતી કુદરતી આફતોના સામના માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માળખું સુદઢ બનાવવા ૧૮૫૫ કરોડનું આયોજન ધરપત આપનારું છે. કચ્છમાં પક્ષી અભયારણ્ય છારીઢંઢ રામસર સાઈટ જાહેર થયા પછીનો એ સ્થળનો સંલગ્ન વિકાસ થવો જરૂરી છે. રાજ્ય સરકારે શહેરી વિકાસ માટે વીજ લાઈનોને અન્ડરગ્રાઉન્ડ પાથરવા માટે વિશેષ ફાળવણી કરી છે. કચ્છમાં ગાંધીધામ મહાનગરપાલિકા બની ગયા પછી ભુજ મહાનગર જાહેર થવાની વાટ જોઈ રહ્યું છે. એ અંગે બજેટમાં નિરાશા મળી છે. એકંદરે બજેટમાં કચ્છ માટે થયેલી જોગવાઈઓને આવકારવાની સાથે આશા રાખીએ કે નવી યોજનાઓનો અમલ ઝડપભેર થશે.

**આ બધું સંમતિથી થયું છે એ જોતાં આ પ્રકારના કેસ ચલાવવાના જ ના હોય ને કોઈને દોષિત ઠેરવવાના જ ના હોય**

# લગ્ન પહેલાંના શરીર સંબંધ વ્યક્તિગત બાબત

### લગ્ન પહેલાંના શરીર સંબંધોના કારણે સમસ્યાઓ સર્જાતી હોય છે તેનો પણ ઈન્કાર ના થઈ શકે

ભારતમાં મોરલ પોલિસિંગ વધી રહ્યું છે અને નૈતિકતાના ઠેકેદારોનો તો રાફડો ફાટી નીકળ્યો છે. રાજકારણીઓ કે જેમના પોતાના બીજા સ્વાર્થ છે એ લોકો મોરલ પોલિસિંગમાં મોખરે હોય છે ને એ સમજી શકાય એવી વાત છે કેમ કે તેના જોરે જ તેમની દુકાન ચાલે છે પણ ન્યાયતંત્ર આ પ્રકારનું મોરલ પોલિસિંગ કરે ત્યારે આઘાત લાગે. સુપ્રીમ કોર્ટે લગ્નનું વચન આપીને બળાત્કાર કરવાના આરોપોને લગતા એક કેસમાં કરેલી ટિપ્પણી સાંભળીને એવી જ લાગણી થઈ.

સુપ્રીમ કોર્ટે બળાત્કારના આરોપો સાથે સંકળાયેલા આ કેસમાં લગ્ન પહેલાંના શારીરિક સંબંધો અંગે આશ્ચર્ય વ્યક્ત કરીને ટિપ્પણી કરી કે, એક છોકરો અને છોકરી લગ્ન પહેલાં શારીરિક સંબંધો કેવી રીતે બાંધી શકે એ જ અમને સમજાતું નથી. મતલબ કે, લગ્ન પહેલાં છોકરા અને છોકરી વચ્ચે શારીરિક સંબંધો ના બંધાવા જોઈએ.

આ કેસમાં મોરલ પોલિસિંગની વાત સાથે બીજી આઘાતજનક વાત પાછી એ છે કે, બળાત્કારના આરોપીએ યુવતી સાથેના શરીર સંબંધનો વીડિયો ઉતાર્યો હતો છતાં સુપ્રીમ કોર્ટે આરોપીના વકીલને યુવતીને વળતર આપીને કોર્ટની બહાર પતાવટ કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટનાં મેડમના કહેવા પ્રમાણે, આ બધું સંમતિથી થયું છે એ જોતાં આ પ્રકારના કેસ ચલાવવાના જ ના હોય ને કોઈને દોષિત ઠેરવવાના જ ના હોય. જસ્ટિસ નાગરત્નાએ આ કેસમાં સમાધાનની શક્યતા શોધવા માટે વધુ સુનાવણી બુધવાર પર રાખી છે. સુપ્રીમ કોર્ટનું વલણ આંચકાજનક કઈ રીતે છે એ સમજવા આખા કેસને સમજવો જરૂરી છે. આ કેસમાં બળાત્કારની ફરિયાદ કરનારી યુવતી ૩૦ વર્ષની છે. આ યુવતીનો ૨૦૨૨માં એક મેટ્રિમોનિયલ સાઈટ મારફતે પરિચય થયો, બંને મળ્યાં અને લગ્ન કરવાનું નક્કી કર્યું પણ પછી યુવક ફરી ગયો ને બીજી યુવતી સાથે પરણી ગયો તેથી યુવતીએ બળાત્કારની ફરિયાદ કરી દીધી. યુવતીનો આરોપ છે કે, યુવકે યુવતી સાથે લગ્ન કરવાનું વચન આપીને દિલ્હી અને પછી દુબઈમાં વારંવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ યુવકના કહેવાથી યુવતી દુબઈ ગઈ ત્યારે તેની સંમતિ વિના આરોપીએ અશ્લીલ વીડિયો રેકોર્ડ કર્યા હતા. યુવતીએ વિરોધ કરતાં આ વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને ફરી શરીર સંબંધ બાંધ્યા હતા. યુવતી એમ જ માનતી હતી કે, યુવક લગ્ન કરવાનો છે તેથી તેને વાંધો નહોતો પણ પછી યુવતીને જાણ થઈ કે યુવકે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પંજાબમાં બીજી યુવતી સાથે લગ્ન કરી લીધાં હતાં. યુવતીને ખબર પડી કે, યુવક પોતાને મળ્યો ત્યારે પરણેલો હતો એ વાત પણ છુપાવી હતી અને પરિણીત હોવા છતાં લગ્નનું ખોટું વચન આપીને શરીર સંબંધ બાંધ્યા હતા. આ વાતની ખબર પડતાં યુવતીએ ફરિયાદ કરતાં યુવકને ઉઠાવીને જેલભેગો કરી દેવાયો. યુવકે જામીન માટે અરજી કરેલી પણ નીચલી અદાલત અને દિલ્હી હાઈ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી. હાઈ કોર્ટે તો સાફ શબ્દોમાં કહેલું કે, આરોપી પહેલેથી જ પરિણીત હતો એ જોતાં તેણે પહેલેથી લગ્નનું ખોટું વચન આપેલું. મતલબ કે, જૂઠું બોલીને યુવતી સાથે છેતરપિંડી કરી હતી. હાઈ કોર્ટનું વલણ યોગ્ય હતું પણ સુપ્રીમ કોર્ટને આ વાત ગમી નથી તેથી તેમણે સમાધાન કરી લેવાનું સૂચન કરી નાખ્યું. સુપ્રીમ કોર્ટનું આ વલણ પણ આઘાતજનક કહેવાય કેમ કે સુપ્રીમ કોર્ટનું કામ આરોપી દોષિત છે કે નહીં એ નક્કી કરીને સજા આપવાનું છે, સમાધાનો કરાવવાનું નથી. સંપત્તિનો વિવાદ હોય કે બીજી કોઈ દીવાની બાબત હોય તેમાં સુપ્રીમ કોર્ટ સમાધાન માટે આગ્રહ રાખે તો સમજી શકાય કેમ કે તેના કારણે કોર્ટનો અને પક્ષકારોનો પણ સમય અને નાણાં બચી જાય. આ કેસ દીવાની નથી પણ ફોજદારી છે અને બળાત્કારને લગતો છે. બળાત્કાર, હત્યા વગેરે અત્યંત ગંભીર અપરાધો છે ને તેમાં પણ વળતર આપીને સમાધાનો કરાવાય તો પછી કાયદાનો અર્થ શું રહે? ને કાયદાનો ડર પણ કોને રહે?આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટે આરોપી સામેના પુરાવાને ધ્યાનમાં રાખીને ચુકાદો આપવો જોઈએ, બીજી લપ્પનછપ્પનમાં ના પડવું જોઈએ. બહુ સાદી વાત છે કે યુવતીએ ખોટો કેસ કર્યો હોય તો આરોપીને છોડી મૂકવો જોઈએ ને કેસ સાચો હોય તો સજા કરવી જોઈએ. તેના બદલે સુપ્રીમ કોર્ટ પોતે જ આ સંબધો સંમતિથી બંધાયેલા હોવાનું તારણ કાઢીને સમાધાન કરાવવા મથે છે. સુપ્રીમ કોર્ટે બળજબરીથી અશ્લીલ વીડિયો બનાવ્યા કે ખોટું બોલીને યુવતીને ફસાવી એ વાતને પણ ધ્યાનમાં નથી લીધી એ પણ આશ્ચર્યજનક કહેવાય. સુપ્રીમ કોર્ટની ટિપ્પણીના કેસમાં તો ડોશી મરી જાય તેના કરતાં વધારે મોટો ડર જમડા ઘર ભાળી જાય તેનો છે. સુપ્રીમ કોર્ટ પોતે બળાત્કારના કેસમાં વળતર આપીને સમાધાન કરાવે પછી તેમાંથી પ્રેરણા લઈને નીચલી અદાલતો પણ એ ધંધો માંડીને બેસી જશે. સુપ્રીમ કોર્ટનું કામ આદર્શ સ્થાપવાનું છે પણ તેના બદલે એ ખોટી પ્રણાલિ સ્થાપિત કરે તેનાં બહુ માઠાં પરિણામ આવે. બળાત્કારના ખોટા કેસ કરીને વળતરના નામે ખંખેરવાનો ધંધો પણ ચાલુ થઈ જાય એ પણ મોટું ભયસ્થાન છે. સુપ્રીમ કોર્ટનું મોરલ પોલિસિંગ તો વધારે આઘાતજનક કહેવાય. લગ્ન પહેલાં છોકરા અને છોકરી વચ્ચે શરીર સંબંધ ના બંધાવા જોઈએ એ આદર્શ સ્થિતી છે.

લગ્ન પહેલાંના શરીર સંબંધોના કારણે સમસ્યાઓ સર્જાતી હોય છે તેનો પણ ઈન્કાર ના થઈ શકે પણ લગ્ન પહેલાંના શારીરિક સંબંધો વ્યક્તિગત બાબત છે અને વધારે મહત્ત્વની વાત એ છે કે, કાનૂની રીતે માન્ય છે. આ દેશમાં લગ્ન પહેલાં શરીર સંબંધ ના બાંધવા જોઈએ એવો કાયદો નથી ને સુપ્રીમ કોર્ટનું તો કામ જ કાયદાનું રક્ષણ ને અમલ કરવાનું છે ત્યારે સુપ્રીમ કોર્ટ લગ્ન પહેલાંના શરીર સંબંધો અંગે આશ્ચર્ય કઈ રીતે વ્યક્ત કરી શકે? આ દેશના કાયદા પ્રમાણે, છોકરી ૧૮ વર્ષની ને છોકરો ૨૧ વર્ષની ઉમંર વટાવે પછી પુખ્ત ગણાય. તેમને પોતાની મરજીથી વર્તવાનો અધિકાર છે ને તેમાં શરીર સંબંધ પણ આવી ગયા એ જોતાં છોકરો-છોકરી. મેડમ જસ્ટિસ નાગરત્નાએ પોતે જુનવાણી હોવાનો ઉલ્લેખ કર્યો એ પણ આશ્ચર્યજનક કહેવાય. સુપ્રીમ કોર્ટ કઈ રીતે જુનવાણી કહેવાય? વ્યક્તિગત રીતે જુનવાણી હોવામાં કશું ખોટું નથી. આ દેશમાં દરેક વ્યક્તિને પોતાની માન્યતાઓ રાખવાનો અધિકાર છે પણ સુપ્રીમ કોર્ટના જજની ખુરશી પર કે બીજા કોઈ પણ જાહેર હોદ્દા પર બેસો પછી વ્યક્તિગત માન્યતાઓને બાજુ પર મૂકીને બંધારણે નક્કી કરેલી ફરજો પ્રમાણે વર્તવાનું હોય, વ્યક્તિગત અભિપ્રાયો કે માન્યતાઓ ના વ્યક્ત કરવાની હોય. ભારતમાં જાહેર જીવનમાં પડેલી મોટા ભાગની વ્યક્તિઓ આ ભેદરેખા સમજતી નથી પણ સુપ્રીમ કોર્ટનાં જજ એ ભેદરેખા ના સમજે એવી આશા નહોતી જ.

**ગુજરાત તો દારૂબંધીને વરેલું રાજ્ય હોવાથી એક્સાઈઝનો મુદ્દો પણ નથી તેથી વધારે**

# ગુજરાતનું બજેટ, હવે નવા વિકાસ મોડલની જરૂર

• જે પરિવારોમાં ત્રેવડ ના હોય તેમને સમાજના આગેવાનો મદદ કરે છે તેના કારણે પાટીદારોનો વિદેશ તરફનો પ્રવાહ સતત વધતો જ જાય છે.

ગુજરાત સરકારનું બજેટ રજૂ થઈ ગયું અને આ બજેટમાં ધ્યાન ખેંચે એવું કશું નથી. પહેલાં રાજ્ય સરકારો પાસે પોતાના આવક સ્રોત ઊભા કરવા માટે અલગ અલગ પ્રકારના કરવેરા નાખવાની સત્તા હતી તેથી કમ સે કમ કરવેરાની જોગવાઈઓના કારણે પણ બજેટ ચર્ચાસ્પદ બનતાં હતાં. જીએસટી આવ્યા પછી રાજ્ય સરકારોની મોટા કરવેરા નાખવાની સત્તા છિનવાઈ ગઈ છે તેથી રાજ્ય સરકારોનાં બજેટ ઓછાં રસપ્રદ બની જ ગયાં છે.

ગુજરાત તો દારૂબંધીને વરેલું રાજ્ય હોવાથી એક્સાઈઝનો મુદ્દો પણ નથી તેથી વધારે સમસ્યા છે પણ એ છતાં શાસકો વિઝનરી હોય તો બજેટને રસપ્રદ બનાવી શકે કેમ કે દરેક રાજ્યનાં આર્થિક સમીકરણો અલગ અલગ હોય છે. ગુજરાત પણ પોતાની વિશિષ્ટતાઓ ધરાવતું રાજ્ય છે એ જોતાં તેને ધ્યાનમાં રાખીને રસપ્રદ બજેટ બનાવી શકાય પણ આ વરસના બજેટમાં એવું કશું નથી કે જેના કારણે એ રસપ્રદ લાગે. મતબેંકને ધ્યાનમાં રાખીને કરાયેલી જોગવાઈઓમાં પણ એવું કશું નથી કે જેના કારણે રસ પડે કે ચર્ચા પણ કરી શકાય. ગુજરાતમાં સૌથી મોટી સમસ્યા ટેલેન્ટેડ યુવા લોકોનું વિદેશગમન છે કેમ કે ગુજરાતમાં પોતાના માટે કોઈ તક નહી હોવાનું મોટા ભાગના યુવાનોને લાગે છે. ભારતના બીજા કોઈ રાજ્યમાંથી નહી જતાં હોય એટલી સંખ્યામાં લોકો વિદેશ જાય છે. આ વાત ગુજરાતના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતે જાહેરમાં સ્વીકારેલી છે કેમ કે ગુજરાતમાં વિદેશ જતા યુવાનોમાં સૌથી વધારે પાટીદાર સમાજના જ હોય છે. પાટીદાર સમાજ ખાધેપીધે સુખી છે તેથી મોટા ભાગના પરિવારો સંતાનોને વિદેશ જવા માટે જરૂરી ખર્ચ કરવાની ત્રેવડ ધરાવે છે. જે પરિવારોમાં ત્રેવડ ના હોય તેમને સમાજના આગેવાનો મદદ કરે છે તેના કારણે પાટીદારોનો વિદેશ તરફનો પ્રવાહ સતત વધતો જ જાય છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ચરોતરમાં તો ભાગ્યે જ કોઈ એવો પાટીદાર પરિવાર મળશે કે જેમનું કોઈ વિદેશમાં ના રહેતું હોય. પહેલાં સૌરાષ્ટ્રના પાટીદારોમાંથી ઓછા પ્રમાણમાં લોકો વિદેશ જતાં પણ હવે સૌરાષ્ટ્રમાંથી પણ મોટા પ્રમાણમાં વિદેશ તરફ ધસારો જોવા મળે છે તેથી ગુજરાતમાં વિદેશગમન મોટી સમસ્યા છે. આ સમસ્યાનું કારણ ગુજરાતનો ભ્રામક વિકાસ છે. ભક્તજનોને આ વાત કડવી લાગશે પણ આ વાસ્તવિકતા છે. ગુજરાતમાં ૩૦ વર્ષના શાસન પછી પણ ભાજપની સરકારો ગુજરાતના યુવાનોને સંતોષ થાય એવો વિકાસ નથી કરી શક્યો. તેના કારણે ગુજરાતના યુવાનો ગુજરાતમાં કોઈ ડિગ્રી લઈને આગળ ભણવા માટે વિદેશ ભાગી જાય છે ને પછી ત્યાં જ સ્થાયી થઈ જાય છે. તેના કારણે ગુજરાતનું યુવા ધન તો હાથથી જાય જ છે પણ પૈસો પણ વિદેશમાં ખેંચાઈ જાય છે.આ સ્થિતિ બદલવા માટે કોઈ પ્રયત્નો થતા નથી ને આ બજેટમાં પણ એ તરફ કોઈ ધ્યાન જ નથી અપાયું. ઠાલી વાતો બહુ કરાઈ છે પણ નક્કર કશું નથી. હૈદરાબાદ કે બેંગલુરુએ જે રીતે વૈશ્વિક કક્ષાની તમામ આઈટી કંપનીઓને આકર્ષી શકાય એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરીને આખા દેશના આઈટી સેક્ટરના ટેલેન્ટેડ યુવાઓને પોતાની તરફ આકર્ષવા માંડ્યા એવું કશુંક ગુજરાતમાં પણ થવું જોઈએ. ગુજરાતને ખરેખર એક નવા વિકાસ મોડલની જરૂર છે. નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટી બનાવડાવીને એ દિશામાં એક પ્રયત્ન કર્યો પણ એ પ્રયત્ન સફળ થયો નથી. ગિફ્ટ સિટીને સિંગાપોરની જેમ એશિયામાં આંતરરાષ્ટ્રીય ફાયનાન્સ સેક્ટરનું સૌથી મોટું હબ બનાવવાનો મોદીનો ઈરાદો હતો પણ ગિફ્ટ સિટી ભારતમાં પણ ફાયનાન્સ ટેક સેક્ટરનું સૌથી મોટું કેન્દ્ર બની શક્યું નથી. હમણાં ડો. હસમુખ અઢિયાને ખસેડીને ઉદય કોટકને ગિફ્ટ સિટીના ચેરમેન બનાવાયા છે. કોટક શું ચમત્કાર કરી શકે છે એ ભવિષ્ય કહેશે પણ ગુજરાતના યુવા ધનને ભારતમાં બાંધી રાખવા માટે ગિફ્ટ સિટી સક્ષમ નથી જ એ જોતાં બીજા વિકલ્પ વિશે વિચારવાની જરૂર છે. ગુજરાત પાસે ભારતમાં સૌથી લાંબો દરિયાકિનારો છે અને ટુરિઝમ માટે જબરદસ્ત તક છે. પ્રવાસન વિકસે તો હોસ્પિટાલિટી બિઝનેસ વિકસે ને યુવાનોને તેમાં રસ પડે છે પણ એ દિશામાં વિચારવાનું વિઝન જ નથી. આપણે રીલિજિયસ ટૂરિઝમની પાછળ હાથ ધોઈને પડેલા છીએ પણ અક્કલના મહાઓને એ વાત સમજાતી નથી કે રીલિજિયસ ટૂરિઝમમાં વિદેશીઓને શું રસ પડે? વિદેશીઓને છોડો પણ ભારતમાં પણ રીલિજિયસ ટૂરિઝમ સ્થાનિક વિષય છે તેથી બીજાં રાજ્યોનાં લોકોને તેમાં રસ ના પડે પણ શાસકોને આ વાત સમજાતી નથી. રીલિજિયસ ટૂરિઝમના કારણે મંદિરો માલદાર બને છે, યુવાનોને કોઈ ફાયદો થતો નથી એ વાત પણ ગુજરાતના શાસકો સમજતા નથી. ગુજરાત પાસે બીજું પણ ઘણું છે. તોતિંગ ડેરી ઉદ્યોગ છે અને ખેતી પણ છે. તેના આધારિત એવાં નવાં સેક્ટર વિકસાવવાં જોઈએ કે જેમાં જંગી પ્રમાણમાં રોજગારી પેદા થાય અને યુવાનોને કંઈક કરવાની તક મળે. ચોકલેટ સહિતનો કન્ફેક્શનરી ઉદ્યોગ કે ટેક્સટાઈલ આધારિત ઉદ્યોગ ગુજરાતમાં વિકસી શકે, પણ શાસકોમાં એવું કોઈ વિઝન જ નથી તેથી કશું નવું કરાતું નથી. આ બજેટમાં પણ એ જ હાલત છે. આ બજેટમાં ગુજરાતના એમએસએમઈ સેક્ટરને ફરી બેઠું કરવા માટે પણ કંઈ નથી. ગુજરાતનું અર્થતંત્ર ખેતી, પશુપાલન અને નાના તથા મધ્યમ કદના ઉદ્યોગો એટલે કે એમએસએમઈના કારણે ધીંગું બનેલું છે. ભાજપની સરકારોએ વિકાસના નામે શહેરીકરણ તરફ દોટ મૂકી તેમાં ગામડાં ભાંગી રહ્યાં છે ને ખેતી તૂટી રહી છે. સહકારી ડેરીઓના કારણે પશુપાલન ટક્યું છે પણ એમએસએમઈની હાલત બદતર થઈ રહી છે. ગુજરાતમાં માધવસિંહ સોલંકીના સમયમાં દરેક તાલુકા મથકે જીઆઈડીસી બનાવડાવીને નાના-મધ્યમ ઉદ્યોગોના વિકાસને નવી દિશા અપાઈ હતી. આ ઉદ્યોગોના કારણે સ્થાનિક સ્તરે રોજગારી મળતી તેથી લોકો શહેરો તરફ દોટ નહોતા મૂકતા. આ ઉદ્યોગોમાંથી બનતી ચીજોને સ્થાનિક બજાર મળી જતું તેથી તેમને ટકી રહેવામાં મુશ્કેલી નહોતી પડતી. ધીરૂભાઈ અંબાણીની રિલાયન્સ કે કરશનભાઈ પટેલની નિરમા જેવા આજે કરોડોની કમાણી કરતી કંપનીઓએ પોતાની શરૂઆત જીઆઈડીસીમાં ફેક્ટરીથી કરી હતી તેના પરથી જ જીઆઈડીસી મોડલની સફળતાનો અંદાજ લગાવી શકાય.

**'આંદોલન ટેક્સ': ૭૫-૭૫ વર્ષથી આ દેશમાં આંદોલનો ચાલ્યાં જ કરે છે. સરઘસો નીકળ્યાં જ કરે છે**

# 'પસીના ટેક્સ' ભર્યો છે? ખાલી ખિસ્સાની વેદના

### 'ઇમાનદારી ટેક્સ': શું છે કે આપણો રાષ્ટ્રપ્રેમ (વાંચો રાષ્ટ્રવાદ), બે નંબરનાં એકાઉન્ટ બનાવતી વખતે બે ઘડી સૂઇ જાય છે.

તમે કેટલો ટેક્સ બચાવશો એ સ્વપ્ન છે અને 'ટેક્સ' ભરવો પડે એ હકીકત છે, બાકી બધી કલ્પના. હમણાં ફરી બજેટ આવી ગયું એટલે અમે ચૂપચાપ પેંટમાં અમારું પાકીટ તપાસી લીધું કે સરકારે મારી તો નથી લીધુંને?

ના, હજી પાકીટ સલામત છે. જો કે જ્યાં સુધી પાકીટ ફંફોસતો હાથ ન કપાય ત્યાં સુધી સરકારને સલામ.

વળી સરકારો ક્યારેક પોપકોર્ન તો ક્યારેક રબર કે સેફ્ટીપિન જેવી આઇટમો પર પણ કઇ રીતે ટેક્સ ઉઘરાવી શકે છે એના પરથી અમને અમુક અવનવા આઇડિયાઓ સૂઝ્યા, જેમ કે...

'આંદોલન ટેક્સ': ૭૫-૭૫ વર્ષથી આ દેશમાં આંદોલનો ચાલ્યાં જ કરે છે. સરઘસો નીકળ્યાં જ કરે છે. પછી ભલે એ ક્યાંય પહોંચે કે ના પહોંચે. આ જનતાએ મોર્ચામાં છાતી ફાડી ફાડીને નારાં બરાડવા

માટે ટેક્સ ભરવો પડશે ત્યારે જ ખબર પડશે કે લોકશાહીમાં બોલવાની આઝાદી મફતમાં નથી આવતી. બોલવાની ખુજલી હોય તો ભરો ટેક્સ ને પછી ભસો.

'વોટિંગ ટેક્સ': આફ્ટર ઓલ, સરકારોએ દેશવાસીઓના વોટ આપવાનાં હક્ક પર જ વોટિંગ- ટેક્સ લગાડી દેવો જોઇએ જેથી ટેક્સથી બચવા માટે કોઇ વારેવારે વોટ આપવા જાય જ નહીં અને સરકાર વરસો સુધી કોઈપણ જાતનાં વિરોધ વિના ચાલ્યાં જ કરે! અથવા જનતા નક્કી કરે કે માત્ર લોકસભા માટે જ વોટ આપવો કે વિધાનસભા કે નગરપંચાયત વગેરેમાં વોટ ના આપીને ટેક્સ કેમ બચાવવા! આ શું છે કે વગર મફતનો વોટ આપવાનો? વોટ જો આપણો હક છે તો ચૂકવો એના પૈસા. મફતનું પ્રજાતંત્ર બહુ ભોગવ્યું, હોં!

'ભાષણ-ટેક્સ' : જનતા પણ કહેશે કે નેતાઓ પર ભાષણટેક્સ હોવો જોઇએ, કારણ કે જનતા શા માટે રોજરોજ આવા જૂઠાં વચનપ્રવચન સાંભળે? જેટલા લાંબા ભાષણ એટલો વધુ ટેક્સ! આપણે ત્યાં ક્યાંકને ક્યાંક તો ચૂંટણી ચાલતી જ હોય છે તો આમાં પબ્લિકને બકવાસ ઓછો સાંભળવાનો ફાયદો થશે ને નેતાઓ જુમલાબાજી કે ફેંકૂગીરી કમ કરીને ટેક્સ બચાવશે!

'ઈમાનદારી ટેક્સ': શું છે કે આપણો રાષ્ટ્રપ્રેમ (વાંચો રાષ્ટ્રવાદ), બે નંબરનાં એકાઉન્ટ બનાવતી વખતે બે ઘડી સૂઇ જાય છે. ઈન શોર્ટ, દેશમાં ભ્રષ્ટાચાર દેશ બન્યો એ પહેલાંથી છે, છતાંયે ભારતમાં અમુક ઈમાનદાર, ગાંધીવાદી, પાગલ લોકો હજૂયે છાતી ઠોકીને કહે છે કે પોતે ભ્રષ્ટાચારથી કોસો દૂર છે. સરકારે આવાં ઈમાનદાર લોકો પર જ ટેક્સ ઠોકી દેવો જોઇએ! ભલે આ દેશમાં ૫% કે ૧૦% જ ઈમાનદાર લોકો બચ્યાં હોય પણ 'ઈમાનદારી ટેક્સ'થી સરકારને ઘણી આવક થઇ શકે. જે ખરેખર ઈમાનદાર હશે એ તો જાત વેંચીને પણ ટેક્સ ભરશે અથવા કાં તો પછી ધીમેધીમે ઈમાનદાર લોકો પણ ભ્રષ્ટાચાર તરફ વળી જશે. જો સૌ બેઈમાન બને તો પછી દેશમાંથી ભ્રષ્ટાચારનો મુદ્દો જ ખતમ થઈ જશેને?! પછી ઈલેકશનનાં વચનોમાંથી ભ્રષ્ટાચાર હટાવવાનું વચન પણ ખતમ.

ના બીવી, ના બચ્ચા, ના બાપ બડા, ના મૈયા,
'ધ હોલ થિંગ ઈઝ ધેટ' કિ ભૈયાઃ 'સબ સે બડા રુપૈયા'

'સોશ્યલ મીડિયા ટેક્સ': આજે ફેસબૂક-ઇન્સ્ટા જેવા સોશ્યલ મીડિયા પર કોઈકના ફોટા પર 'લાઇક' કરવા પર કે ગાળો આપવા પર ભારે ટેક્સ લગાડવા જોઇએ. કાં તો આમાં લોકો ફસાઇને ખૂબ બધો ટેક્સ ભરશે કે પછી આડકતરી રીતે સુધરી જશે. એ જ રીતે વોટ્સએપ પર સવાર સવારમાં 'ગૂડ મોર્નિંગ' ને 'ગૂડ નાઇટ' કે 'કાગડાજયંતી'ની વધામણી જેવા વિચિત્ર મેસેજો મોકલનારા મહાન આત્માઓ પર જો ટેક્સ મૂકવામાં આવે તો આ દેશ કે આખી દુનિયા ખરીદી શકે ને એમાં

કોઇ બે ત્રણ કે ચાર મત જ નથી...

વળી, જ્યાં ત્યાં વારે વારે ફિલ્મો પર લખાતા રિવ્યુ પર ટેક્સ લગાડાશે તો પણ સરકાર, એકાદ પ્રદેશમાં ભૂખમરી ઓછી કરી શકશે. આવા જ અનેક નિતનવા આઇડિયાઓ પણ આવેશમાં આવીને સૂઝે રાખે છે. આજે આ ટેક્સભક્તને પ્લીઝ કોઇ રોકતા નહીં.

'અકલ્પ્ય ટેક્સ': કવિ 'બેફામ'ની પંક્તિઓ છેઃ 'કબર જોઇને થયું 'બેફામ' કે આટલી જગા માટે મરવું પડ્યું?' એજ રીતે વરસોથી સરકારો એવી એવી આઇટેમો પર ટેક્સ લગાડે છે કે આપણને થાય કે આ બધાનાં ટેક્સ ભરવા માટે જીવીએ છીએં? જેમ કે સેફ્ટિ પિન કે જૂતાની દોરી જેવી આઇટમ્સ પર પણ સરકારશ્રી ટેક્સ લગાડી શકે? શું આનાથી દેશની ઈકોનોમી સુધરી શકે? એ રીતે તો સરકારે 'બપોરની ઊંઘ', 'બગાસા', 'નિંદા', 'મફતની સલાહ દેવા પર' કે 'કૂથલી કરવા' વગેરે પર કરવેરો ઝીકવો જ જોઇએ.

ફેંકલી, અમને દેશ તો શું ખુદનાં બજેટમાં એટલી જ સમજણ પડે છે જેટલી વિરાટ કોહલીને 'રાગ માલકૌંસ'માં, દાઉદને 'અહિંસા'માં ને ચાઇનાને 'વિશ્વશાંતિ'માં! દર વર્ષે બજેટ આવે ને જાય પણ મધ્યમવર્ગમાં જન્મીને જીવી જવાનો ફાયદો એ છે કે હવે આઝાદીનાં આટઆટલા વરસે હવે ટેક્સમાફી, કોઈપણ ભાવ વધારોઘટાડો આપણને ચોંકાવી, હલાવી, હરખાવી નથી શકતો, કેવળ 'નિર્મલ આનંદ' આવે છે.



# તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલના કલાકાર ખોડલધામ મંદિરે મા ખોડલના દર્શન કર્યા હતા

શ્રી કુશ શાહ (ગોલી), શ્રી શરદ સાંકલા (અબ્દુલભાઈ), શ્રી નીતિશ ભુલાણી (ટપુ), શ્રી જતિન બજાજ (ભઈલુ)એ સુપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરે મા ખોડલના દર્શન કર્યા હતા.

તમામ કલાકારોએ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવીને વિશેષ પૂજા-અર્ચના કરી હતી અને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. કલાકારો મંદિરના ભવ્ય શિલ્પ સ્થાપત્ય, વિશાળ પરિસર અને સ્વચ્છતા જોઈને અત્યંત પ્રભાવિત થયા હતા. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કલાકારોનું ખેસ પહેરાવીને અને મા ખોડલની પ્રતિમા આપીને ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કલાકારોએ જણાવ્યું હતું કે, "અહીં આવીને એક અનોખી શાંતિ અને દિવ્ય ઊર્જાનો અનુભવ થયો છે. ગુજરાત આવીને આ અદભુત મંદિરમાં દર્શન કરવાનો લ્હાવો મળ્યો તે સૌભાગ્યની વાત છે. માતાજીએ અમને અહીં બોલાવ્યા છે. દોડધામ ભરી જિંદગીમાંથી થોડો સમય કાઢીને માતાજીના દર્શને જરૂર સૌએ આવવું જોઈએ. અહીંયા આવીને ખૂબ જ શાંતિનો અનુભવ થયો છે. આપણા મંદિરોમાં આપણી સંસ્કૃતિ અને ધર્મના દર્શન થાય છે. શ્રી ખોડલધામ મંદિરે દર્શન કરીને અમોને ખૂબ જ અદભૂત અહેસાસ થયો છે. સમગ્ર મંદિર પરિસરમાં ખૂબ જ સુંદર સ્વચ્છતા અને વ્યવસ્થા છે. તે જોઈને પણ ખૂબ જ આનંદ થયો." મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓએ પણ પોતાના મનપસંદ કલાકારોને રૂબરૂ જોઈને આનંદ વ્યક્ત કર્યો હતો.

# સુપરસ્ટાર રજનીકાંતના ચાહકો માટે મોટા સમાચાર, શું થલાઈવા રિટાયર થાય છે?

## રજનીકાંતના ફેન્સ 'જેલર ૨' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. રજનીકાંત છેલ્લી ફિલ્મ વધુ યાદગાર બનાવવા માંગે છે

દક્ષિણ ભારતીય સિનેમાને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ પર લઈ જનાર સુપરસ્ટાર રજનીકાંત છેલ્લા ૫૦ વર્ષથી સતત દર્શકોના દિલ પર રાજ કરી રહ્યા છે. ૭૫ વર્ષની વયે પણ તેમની ઉર્જા અને સ્ટાઈલ અકબંધ છે. વર્ષ ૨૦૨૫ માં રિલીઝ થયેલી ફિલ્મ 'કુલી' માં તેમના અભિનયના ખૂબ વખાણ થયા હતા, જેમાં નાગાર્જુન અને આમિર ખાનની ઝલક પણ જોવા મળી હતી.



રજનીકાંતના ફેન્સ 'જેલર ૨' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હાલમાં રજનીકાંત તેમની બ્લોકબસ્ટર ફિલ્મ 'જેલર' ની સિક્વલ 'જેલર ૨' ના કામમાં વ્યસ્ત છે. ચાહકો આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ઉંમરે પણ તેઓ જે રીતે એક્શન સિક્વન્સ ફિલ્માવે છે, તે જોઈને સૌ કોઈ દંગ રહી જાય છે. તેમની તાજેતરની ફિલ્મ 'કુલી' એ ભલે સ્થાનિક બોક્સ ઓફિસ પર સામાન્ય દેખાવ કર્યો હોય, પરંતુ વિદેશમાં ફિલ્મે જબરદસ્ત કમાણી કરીને રજનીકાંતનો 'ગ્લોબલ ક્રેઝ' સાબિત કરી દીધો છે. રજનીકાંતે પોતે ક્યારેય નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ સોશિયલ મીડિયા અને ફિલ્મી વર્તુળોમાં તેમની 'વિદાય ફિલ્મ'ને લઈને ચર્ચાઓ તેજ બની છે. અહેવાલો મુજબ રજનીકાંત તેમની છેલ્લી ફિલ્મ પોતાની પુત્રી સૌંદર્યા રજનીકાંત ના પ્રોડક્શન હેઠળ કરવા માંગે છે. અભિનેતા તેમની કારકિર્દીની અંતિમ ફિલ્મને અત્યંત ભવ્ય અને યાદગાર બનાવવા માટે અત્યારથી જ આયોજન કરી રહ્યા હોય તેવું જણાય છે. જોકે અભિનેતાએ હજુ સુધી નક્કી કર્યું નથી કે કઈ ફિલ્મ તેમની છેલ્લી હશે. પરંતુ તે અંતિમ ફિલ્મને પહેલાથી જ તૈયારી કરી રહ્યા છે અને તેને યાદગાર બનાવવા માંગે છે.



## માત્ર ૧.૫૦ કરોડમાં જ ખેલ ખતમ!

# ભાભીજી ઘર પર હૈ ફિલ્મ સાબિત થઈ વર્ષની સૌથી મોટી ડિઝાસ્ટર!

આશિફ શેખ અને રોહિતાશ્વ ગૌરની ફિલ્મ ભાભી જી ઘર પર હૈ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ધમાલ મચાવી. જાણો કેટલું રહ્યું ફિલ્મનું લાઈફટાઈમ કલેક્શન?

ટીવીનો લોકપ્રિય શો ભાભી જી ઘર પર હૈ! ફિલ્મ સ્વરૂપે સિનેમાઘરોમાં રિલીઝ થયો હતો. તેમાં આસિફ શેખ, શુભાંગી અત્રે, રોહિતાશ્વ ગૌર, મુકેશ તિવારી અને રવિ કિશન જેવા કલાકારો હતા. ટીવી પર સુપરહિટ હોવા છતાં મોટા પડદા પર ફિલ્મ દર્શકોને પસંદ આવી નહીં અને ટૂંક સમયમાં જ થિયેટરમાંથી ઉતારી લેવામાં આવી.

ભાભી જી ઘર પર હૈ! ફન ઓન ધ રનનું લાઈફટાઈમ કલેક્શન

Shashank Baliના દિગ્દર્શનમાં બનેલી આ કોમેડી ડ્રામાએ બોક્સ ઓફિસ પર આશરે ૨૦ લાખ રૂપિયાની ઓપનિંગ કરી હતી. ઓપનિંગ વીકએન્ડમાં ફિલ્મે લગભગ ૯૦ લાખનું કલેક્શન કર્યું હતું. પ્રથમ અઠવાડિયામાં ફિલ્મે અંદાજે ૧.૩૫ કરોડની કમાણી કરી. બીજા અઠવાડિયામાં બહુ ઓછી કમાણી સાથે ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર કુલ ૧.૫૦ કરોડ નેટ કલેક્શન કરીને પોતાનો સફર પૂર્ણ કર્યો, જે ટીવીથી મોટા પડદા પર આવેલી ફિલ્મ માટે નબળો પરિણામ માનવામાં આવે છે. આ ફિલ્મનું બોક્સ ઓફિસ પ્રદર્શન ફરી એકવાર સાબિત કરે છે કે ટીવી પરની લોકપ્રિયતા હંમેશા ફિલ્મી સફળતા બનતી નથી. આ પહેલા લોકપ્રિય ખીચડીનું પણ ફિલ્મ રૂપાંતરણ થયું હતું, જેને ઠીકઠાક પ્રતિસાદ મળ્યો, પરંતુ ટીવી જેટલી લોકપ્રિયતા મળી નહીં. અહીં સુધી કે ટીવીના મોટા સ્ટાર Kapil Sharmaને પણ તેની પહેલી ફિલ્મ સિવાય સિલ્વર સ્ક્રીન પર સતત બે નિષ્ફળતા મળી હતી. હવે લોકપ્રિય OTT શો Mirzapurનું પણ ફિલ્મ રૂપાંતરણ થવાનું છે, જોઈશું કે તે આ લાંબા ચાલતા ટ્રેન્ડને તોડી શકે છે કે નહીં.

દર્શકોનું કહેવું છે- બધા કલાકારો ટીવી સીરિયલ જેવી જ એક્ટિંગ કરે છે. તેઓ ફિલ્મના પાત્રો લાગતા જ નથી, કારણ કે તેઓ એ જ પાત્રો ફરી ભજવી રહ્યા રવિ કિશન અને મુકેશ તિવારી નવા પાત્રોમાં છે, પરંતુ નબળી સ્ક્રિપ્ટ સામે તેઓ પણ કંઈ કરી શક્યા નથી. નિરહુઆ ફિલ્મમાં છે, પરંતુ શા માટે છે એ સમજાતું નથી. આ પાત્ર તેના કદના એક્ટર માટે નહોતું. રવિ કિશન હવે હિન્દી સિનેમામાં મજબૂત સ્થાન બનાવી ચૂક્યા છે, એટલે તેમને આવી ફિલ્મોથી દૂર રહેવું જોઈએ.


# વધુ વિચાર અથવા બિલકુલ વિચાર ના કરવો અમિતાભ બચ્ચનની ક્રિપ્ટીક પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ

## ૮૩ વર્ષની ઉંમરે પણ અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે તાજેતરમાં અમિતાભની એક પોસ્ટ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ છે

બોલીવુડ શહેનશાહ અમિતાભ બચ્ચની એક પોસ્ટ આજે સોશિયલ મીડિયમાં ખૂબ વાયરલ થઈ છે. બચ્ચનના ફેન્સ આ પોસ્ટથી મૂંઝવણમાં મૂકાયા કે આખરે કયા સંદર્ભમાં મેગા સ્ટાર અમિતાભ બચ્ચને આ ટિપ્પણી કરી છે. ૮૩ વર્ષની ઉંમરે પણ અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. બીગ બી તરીકે લોકપ્રિય બચ્ચન ફેન્સ સાથે કનેક્ટ રહેવા બ્લોગ દ્વારા દરરોજ પોતાની હૃદયસ્પર્શી લાગણીઓ શેર કરે છે.

અમિતાભ બચ્ચને મંગળવારે રાત્રે પણ આવું જ કર્યું. લગભગ ૯:૪૦ વાગ્યે, તેમણે પોતાનો બ્લોગ શેર કર્યો, જેમાં તેમણે "વધુ વિચારવું" વિરુદ્ધ "બિલકુલ ન વિચારવું" ના વિચાર પર એક રહસ્યમય પોસ્ટ શેર કરી, જેનાથી તેમના ચાહકોમાં ઉત્સાહ ફેલાયો છે. હું તેને વાંચવા વિશે 'વિચારીશ'... અને જ્યારે મારી પાસે અહીં પોસ્ટ કરવા માટે સામગ્રી હશે, ત્યારે હું તેના વિશે 'વિચારીશ'... પ્રેમ." મને મોકલવામાં આવેલ પુસ્તક લખવા સુધી જ આવે છે... મને ખબર નથી કે કયા હેતુ માટે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું નથી કે તેઓ કયા પુસ્તક કે લેખકનો ઉલ્લેખ કરી રહ્યા હતા, તેમણે આગળ લખ્યું, "વહેલા સૂઈ જવું, વહેલા ઉઠવું... માણસ બનાવે છે...?

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દાયકા સુધી લોકોના દિવલ પર રાજ કરનાર અમિતાભ બચ્ચને અગાઉ પણ એક માર્મિક પોસ્ટ લખી હતી. પોતાની આ પોસ્ટમાં તેમણે લખ્યું હતું કે 'જો તમે ઓછા સાથે જીવ્યા છો... તો હવે વધુ પડતું સંતુલન અસંતુલિત બનાવે છે... જીવનશૈલીનો આરામ નહીં, પણ ઓછાનો આરામ.' બિગ બીએ કહ્યું કે જે લોકો મર્યાદિત સંસાધનો સાથે જીવન શરૂ કરે છે, તેમના માટે પાછળથી મળતી વિપુલતા પણ એક પ્રકારનું અસંતુલન પેદા કરે છે. ઉદાહરણ આપતાં તેમણે લખ્યું કે બાળપણમાં નવા જૂતાની જોડી મેળવવાનો આનંદ આજે ઘણી જોડી હોય તો પણ અનુભવી શકાતો નથી. અમિતાભ બચ્ચન વિશે ઘણું લખી શકાય છે. કઠીન સંઘર્ષ બાદ સફળતાના શિખર પર બિરાજમાન અમિતાભ બચ્ચન લગભગ ૧૬૦૦ કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. કાર્યક્ષેત્રની વાત કરીએ તો, અમિતાભ બચ્ચન ૮૩ વર્ષની ઉંમરે પણ ફિલ્મો અને ટીવી પ્રોજેક્ટ્સમાં દેખાય છે. તેઓ નિયમિતપણે સોશિયલ મીડિયા અને તેમના બ્લોગ દ્વારા તેમના વિચારો શેર કરે છે.



## ધુરંધર પછી રણવીર સિંહ લેશે કરિયરની સૌથી મોટી રિસ્ક, ૧૬ વર્ષમાં પહેલી વાર કરશે આ કામ



બોલિવૂડના એનર્જેટિક સ્ટાર રણવીર સિંહ હવે પોતાના કરિયરમાં એક ઐતિહાસિક પગલું ભરવા જઈ રહ્યા છે. 'ધુરંધર' અને 'ધુરંધર ૨' બાદ તેઓ એવી જવાબદારી લેશે, જે તેમણે ૧૬ વર્ષના અભિનય જીવનમાં ક્યારેય નથી લીધી.

બોલિવૂડ સુપરસ્ટાર રણવીર સિંહ હાલ પોતાના કરિયરના ટોપ લેવલ પર છે. પોતાની અનોખી સ્ટાઈલ, એનર્જેટિક અભિનય અને બોક્સ ઓફિસ પર સતત સફળતા સાથે તેમણે પોતાને ઈન્ડસ્ટ્રીના ટોપના અભિનેતાઓમાં સ્થાન અપાવ્યું છે. તાજેતરમાં આવેલી તેમની ફિલ્મ ધુરંધર એ માત્ર દર્શકોને જ નહી, પરંતુ બોક્સ ઓફિસ પર પણ ધમાકેદાર સફળતા મેળવી છે.

'ધુરંધર'ની મોટી સફળતા પછી તેની સિક્વલ ધુરંધર ૨ ની જાહેરાત કરવામાં આવી છે. આ ફિલ્મ ૧૯ માર્ચે રિલીઝ થવાની તૈયારીમાં છે અને અપેક્ષા છે કે તે પહેલાની જેમ જ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે. આ ફિલ્મ પછી રણવીર એક નવા વિશ્યની ફિલ્મ પર કામ શરૂ કરશે. આ નવી ફિલ્મનું નામ પ્રલય છે. અહેવાલો મુજબ, આ ફિલ્મ લગભગ ?૩૦૦ કરોડના ભવ્ય બજેટમાં બની રહી છે, જે તેને રણવીર સિંહની અત્યાર સુધીની સૌથી મોંઘી ફિલ્મ બનાવે છે. પરંતુ આ ફિલ્મ ખાસ એટલા માટે નથી કે તેનો બજેટ મોટો છે, પરંતુ એટલા માટે કે રણવીર આ ફિલ્મમાં એક નહીં પરંતુ ડબલ રોલમાં જોવા મળી શકે છે. પ્રલય'માં રણવીર સિંહ માત્ર મુખ્ય અભિનેતા તરીકે જ નહી, પરંતુ સહ-નિર્માતા તરીકે પણ જોવા મળશે.



## રેખાનો મોટો ખુલાસો! ન કોઈ વ્યક્તિ, ન કોઈ સંબંધ...એવરગ્રીન

# બ્યુટીએ જીવવા માટે આપ્યું ચોંકાવનારું કારણ!

બોલીવુડની પીઢ અભિનેત્રી રેખાએ થોડા સમય પહેલા એક ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેઓ ભાવુક થઈ ગયા અને તેમણે વ્યક્ત કર્યું કે તેમના જીવંત રહેવાનું કારણ શું છે.

હિન્દી સિનેમાની પીઢ અભિનેત્રી રેખાએ એક ઈવેન્ટમાં હાજરી આપી હતી, જો કે આ ઈવેન્ટ થોડા સમય પહેલા થયો હતો તેમાં રેખાએ ખુલાસો કર્યો હતો કે એકલા જીવવાનું કારણ શું છે જે હવે હાલમાં ખૂબ ચર્ચામાં છે. જ્યાં તેમને ૧૯૮૧માં આવેલી તેમની ફિલ્મ ઉમરાવ જાન માટે માનદ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે, તેમણે એક સુંદર કવિતા વાંચી, સિનેમાની ઉપચાર શક્તિ વિશે વાત કરી અને તેમની માતા વિશે એક હૃદયસ્પર્શી સંદેશ શેર કર્યો. મહોત્સવ દરમિયાન, અભિનેત્રી તેમની માતાએ તેમને શીખવેલા પાઠને યાદ કરીને ભાવુક થઈ ગઈ હતી.

તેમની પ્રખ્યાત ફિલ્મ ઉમરાવ જાન જેદ્દાહમાં ચાલી રહેલા રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં તેનું પુનઃસ્થાપિત સંસ્કરણ પણ સામેલ હતું. મુઝફ્ફર અલી દ્વારા દિગ્દર્શિત અને ૧૯૮૧ માં રિલીઝ થયેલી ઉમરાવ જાન માટે તેમને રેડ સી માનદ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. વાતચીત દરમિયાન, રેખા ભાવુક થઈ ગઈ અને પોતાના હૃદયસ્પર્શી શબ્દોથી બધાના દિલ જીતી લીધા .

જ્યારે રેખાને એવોર્ડ આપવા માટે સ્ટેજ પર બોલાવવામાં આવ્યા, ત્યારે તેમણે કવિતા વાંચી અને પોતાની લાગણીઓ શેર કરતાં રેખાએ કહ્યું, હું ફિલ્મોને કારણે જ જીવંત છું. ત્યારબાદ અભિનેત્રીએ તેમની લોકપ્રિય ફિલ્મ ઉમરાવ જાનના ફેમસ ગીત દિલ ચીઝ ક્યા હૈમાંથી કેટલીક પંક્તિઓ સંભળાવી. પોતાની ફિલ્મ વિશે રેખાએ કહ્યું, રોજ ફિલ્મો જોવા આવો, કારણ કે તે સૌથી મોટી સાંત્વના છે. ફિલ્મો કરતાં વધુ સારી કોઈ દવા કે ઈલાજ નથી. હું તેનો જીવંત પુરાવો છું.

પોતાની માતા, અભિનેત્રી પુષ્પાવલ્લીને યાદ કરતાં રેખાએ કહ્યું, મારી માતા હંમેશા કહેતી, તમારી સફળતા અને લાગણીઓ વિશે વધુ વાત ન કરો . લોકોને કહીને નહીં, પરંતુ સારું જીવન જીવીને. લોકો શું કરવું અને શું ન કરવું તે જોઈને શીખશે.૧૯૮૧માં રિલીઝ થયેલી સુપરહિટ ફિલ્મ ઉમરાવ જાનમાં રેખાએ પોતાના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ફિલ્મની વાર્તા અને હિટ ગીતોએ પણ તેમની કારકિર્દીને નવી દિશા આપી હતી. દિગ્દર્શક મુઝફ્ફર અલીએ ૧૮૫૭માં મિર્ઝા હાદી રુસ્વાના પુસ્તક પરથી ઉમરાવ જાન ફિલ્મ બનાવી હતી. તે સમયે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી હતી.

# સલીમ ખાનની તબિયત વિશે સાંભળતા જ સોમિ અલી થઈ ભાવુક!

સલમાન ખાનની એક્સ-ગર્લફ્રેન્ડ સોમિ અલી ઘણી વખત તેમના પર વિવિધ આરોપો લગાવતી રહી છે. પરંતુ હવે જ્યારે સલમાનના પિતા સલીમ ખાન હોસ્પિટલમાં દાખલ છે, ત્યારે તેણે તેના પ્રત્યેનો લાગણીસભર પ્રેમ વ્યક્ત કર્યો છે

બોલીવુડના લોકપ્રિય લેખક અને સલમાન ખાનના પિતા સલીમ ખાનની અચાનક તબિયત બગડતાં તેમને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, ફેન્સથી લઈને સેલેબ્રિટીઓ સુધી બધા જ તેમના જલદી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. આ દરમિયાન સલમાન વિશે ઘણીવાર કડવી કોમેન્ટ કરનાર તેમની એક્સ-ગર્લફ્રેન્ડ સોમિ અલીએ પણ પોસ્ટ શેર કરીને સલીમ ખાનના આરોગ્ય વિશે ચિંતા વ્યક્ત કરી છે.

પોતાની પોસ્ટમાં સોમિ અલીએ સલીમ ખાનને પિતા સમાન ગણાવ્યા છે, હાલમાં સલીમ ખાન લીલાવતી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ છે અને ટૂંક સમયમાં ડોક્ટરો તેમની તબિયત અંગે માહિતી આપશે. સોમિ અલીએ એક ભાવુક સંદેશમાં તેમના જલદી સાજા થવા માટે પ્રાર્થના કરી છે. તેમણે તે દિવસોને યાદ કર્યા જ્યારે તેઓ સલીમ ખાનના ઘરે રહેતા હતા. પોસ્ટમાં તેણે લખ્યું કે, આ સાંભળીને મારું દિલ દુઃખથી ભરાઈ ગયું કે સલીમ ખાન હોસ્પિટલમાં દાખલ છે. દુનિયા માટે તેઓ મહાન લેખક છે, જેમણે અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટારને આગળ વધાર્યા અને શોલે જેવી અમર ફિલ્મ બનાવી. પરંતુ મારા માટે તેઓ પિતા સમાન છે. તેમના ઘરે રહેતાં મને દીકરી જેવી લાગણી અને પ્રેમ મળ્યો.

# બંગાળ સ્તબ્ધ, જમ્મુ-કાશ્મીરની ટીમ રણજી ટ્રોફીની ફાઇનલમાં



રણજી ટ્રોફીમાં પ્રવેશ કર્યાના ૬૭ વર્ષ બાદ જમ્મુ એન્ડ કાશ્મીરની ટીમે બુધવારે બંગાળ જેવી બે વખતની રણજી ચેમ્પિયન ટીમને છ વિકેટે હરાવીને પહેલી વાર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. જમ્મુ કાશ્મીરની ટીમે વર્તમાન સિઝનમા શાનદાર પ્રદર્શન કર્યું હતું અને મોટા ભાગની મોખરાની ટીમને પરાસ્ત કરીને આગેકૂચ કરી હતી. હવે ૨૪મીએ જમ્મુ-કાશ્મીર અને કર્ણાટક વચ્ચે ફાઈનલ મેચ રમાશે.

અહીં રમાયેલી સેમિફાઈનલ મેચમાં પ્રથમ દાવની સરસાઈ ગુમાવી હોવા છતાં કાશ્મીરની ટીમે મેચ જીતવામાં સફળતા હાંસલ કરી હતી. બંગાળના પ્રથમ દાવના ૩૨૮ રનના સ્કોર સામે કાશ્મીરની ટીમ ૩૦૨ રન કરી શકી હતી. આમ તે ૨૬ રનથી પાછળ હતી પરંતુ બીજા દાવમાં આકીબ નબી અને સુનીલ કુમારની વેધક બોલિંગની મદદથી તેણે બંગાળને માત્ર ૯૯ રનમાં આઉટ કરી દીધું હતું. સેમિફાઇનલ મેચ જીતીને ફાઈનલમાં પ્રવેશવા માટે જમ્મુ-કાશ્મીરને ૧૨૬ રનની જરૂર હતી જે તેણે બુધવારે લંચ અગાઉ ચાર વિકેટ ગુમાવીને કરી લીધા હતા. આકીબ નબીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. તેણે મેચમાં નવ વિકેટ લીધી હતી.

૧૨૬ રનના ટારગેટ સામે રમતાં જમ્મુ-કાશ્મીરની ટીમનો પ્રારંભ યોગ્ય રહ્યો ન હતો કેમ કે ઓપનર શુભમ ખજુરીયા એક અને યાવર હસન છ રનના સ્કોરે આઉટ થઈ ગયા હતા. જોકે વંશજ શર્માએ અણનમ ૪૩ અને શુભમ પુંડીરે ૨૭ રન ફટકારીને ટીમનો વિજય નિશ્ચિત કરી દીધો હતો.

# ભારતે સતત ૧૨ મી T20 વર્લ્ડ કપ જીત નોંધાવી; ફિલ્ડિંગની નબળાઈઓ ફરી ખુલ્લી પડી

## શિવમ દુબેની શાનદાર બેટિંગ અને વરૂણ ચક્રવર્તીની બોલિંગના બળ પર ભારતે નેધરલેન્ડ્સને ૧૭ રનથી હરાવ્યું



શિવમ દુબેની શાનદાર બેટિંગ અને વરૂણ ચક્રવર્તીની બોલિંગના બળ પર ભારતે નેધરલેન્ડ્સને ૧૭ રનથી હરાવ્યું. આમ, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમે ગ્રુપ સ્ટેજનો અંત અણનમ રહ્યો.

પ્રથમ બેટિંગ કરતા ભારતે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૩ રન બનાવ્યા. જવાબમાં, નેધરલેન્ડની ટીમ નિર્ધારિત ઓવરમાં સાત વિકેટે માત્ર ૧૭૬ રન જ બનાવી શકી. ભારતે T20 વર્લ્ડ કપમાં સતત ૧૨મી જીત નોંધાવી. ભારત ૨૦૨૪ થી ટુર્નામેન્ટમાં અજેય રહ્યું છે. ગ્રુપ અ થી ભારત અને પાકિસ્તાન આગળના રાઉન્ડ માટે ક્વોલિફાય થયા છે. ભારતે તેની ચારેય મેચ જીતી છે, જ્યારે પાકિસ્તાન ચારમાંથી ત્રણ જીત અને એક હાર સાથે છ પોઈન્ટ મેળવવામાં સફળ રહ્યું છે. બીજી તરફ, યુએસએ, નેધરલેન્ડ્સ અને નામિબિયાની સફર શરૂઆતના રાઉન્ડમાં જ સમાપ્ત થઈ ગઈ. નામિબિયાએ તેની ચારેય મેચ હારી ગઈ. ભારતીય ટીમ ગ્રુપમાં ટોચ પર રહી. ભારતીય ટીમ મેચ જીતવામાં સફળ રહી હોવા છતાં, તેની ફિલ્ડિંગ ફરી એકવાર નબળી રહી. નેધરલેન્ડ્સ સામેની મેચમાં ભારત માટે કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને તિલક વર્માએ કેચ છોડ્યા. વધુમાં, ટીમનું બેટિંગ પ્રદર્શન પણ ખરાબ રહ્યું, અને બેટ્સમેન ફરી એકવાર સંઘર્ષ કરી રહ્યા હતા. જોકે, શિવમ દુબેએ શાનદાર બેટિંગ કરી, જેના કારણે ટીમ પડકારજનક લક્ષ્ય નક્કી કરી શકી. શિવમ દુબેની ધમાકેદાર અડધી સદી પછી, ભારતે વરૂણ ચક્રવર્તીના સ્પિનને કારણે નેધરલેન્ડ્સને હરાવ્યું. લક્ષ્યનો પીછો કરતા, નેધરલેન્ડ્સે ધીમી શરૂઆત કરી, પાવરપ્લેમાં એક વિકેટે ૩૬ રન બનાવ્યા. ટીમે મેક્સ ઓ'ડોડ (૨૦) ને ગુમાવ્યો, જેને છઠ્ઠી ઓવરમાં વરૂણ ચક્રવર્તીએ બોલ્ડ કર્યો હતો. ઓપનર માઈકલ લેવિટ (૨૪) એ ચાર ઓવર એક્સ્ટ્રા કવર સાથે પંડ્યાનું સ્વાગત કર્યું પરંતુ તે જ ઓવરમાં ડીપ મિડવિકેટ પર વોશિંગ્ટન સુંદર દ્વારા કેચ થયો. કોલિન એકરમેન (૨૩) એ પણ પંડ્યાની બોલ પર સિક્સ ફટકારી, જ્યારે બાસ ડી લીડે પણ ફાસ્ટ બોલરની બોલ પર ફોર ફટકારી. નેધરલેન્ડ્સ તરફથી બાસ ડી લીડે સૌથી વધુ ૩૩ રન બનાવ્યા. નોહ ક્રૂસ (૧૨ બોલમાં અણનમ ૨૫) અને જેક લિયોન કેશે (૧૬ બોલમાં ૨૬) એ સાતમી વિકેટ માટે ૨૩ બોલમાં ૪૭ રન ઉમેર્યા પરંતુ ટીમને વિજય તરફ દોરી શક્યા નહીં. ભારત તરફથી વરૂણે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી, જ્યારે જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ એક-એક વિકેટ લીધી.

# ફિટ થઈ ગયેલી પ્રતિકા રાવલ ભારતીય ટીમમાં સામેલ



-ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમને વન-ડે વિમેન્સ વર્લ્ડ ચેમ્પિયન બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપનારી ઓપનર પ્રતિકા રાવલ વર્લ્ડ કપ દરમિયાન ઈજાગ્રસ્ત બની હતી પરંતુ હવે તે સંપૂર્ણપણે ફિટ થઈ જતાં મંગળવારે તેને ભારતીય વિમેન્સ ટીમમાં સામેલ કરવામાં આવી હતી. હરમનપ્રિત કૌરની આગેવાની હેઠળની ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમ વચ્ચેની ત્રણ મેચની વન-ડે સિરીઝનો ૧૮મીથી બ્રિસબેનમાં પ્રારંભ થઈ રહ્યો છે. પ્રતિકા રાવલ વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ દરમિયાન ઘાયલ થઈ હતી. બાંગ્લાદેશ સામેની મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે તે ઘાયલ થઈ હતી અને સ્ટ્રેચરની મદદથી તેને મેદાનની બહાર લઈ જવાઈ હતી. ત્યાર બાદ તેને સ્થાને શેફાલી વર્માને ટીમમાં સામેલ કરાઈ હતી અને શેફાલીએ ફાઈનલમાં સાઉથ આફ્રિકા સામે શાનદાર બેટિંગ કરી હતી. ફાઈનલમાં તેણે ૭૮ બોલમાં ૮૭ રન ફટકાર્યા હતા અને પ્લેયર ઓફ ધ ફાઈનલ બની હતી. બીસીસીઆઈએ પ્રતિકાના સમાવેશ અંગે જણાવ્યું હતું કે તેણે હવે તેનું રિહેબ પૂર્ણ કરી લીધું છે અને ઓક્ટોબરમાં વર્લ્ડ કપ દરમિયાન થયેલી ઈજામાંથી સંપૂર્ણ રીતે ફિટ થઈ ગઈ છે. આમ તે ઓસ્ટ્રેલિયા સામે રમવા માટે સજ્જ છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમ વચ્ચે બ્રિસબેન ખાતે પહેલી વન-ડે રમાયા બાદ બાકીની બે મેચ ૨૭મી અને પહેલી માર્ચે હોબાર્ટ ખાતે રમાશે. ત્યાર બાદ બંને ટીમ છઠ્ઠી માર્ચથી એક ટેસ્ટ રમશે. ૨૫ વર્ષીય પ્રતિકા રાવલ ટેસ્ટ ટીમમાં અગાઉથી જ સ્થાન હાંસલ કરી ચૂકી હતી.


# અભિષેક શર્મા સતત ત્રીજી વખત શૂન્ય રને આઉટ :હજુ સુધી ટુર્નામેન્ટમાં ખાતું ખોલાવ્યું નથી



ભારતીય ટીમના ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માનું નેધરલેન્ડ્સ સામે ખરાબ ફોર્મ ચાલુ રહ્યું. અભિષેક ફરી એકવાર ખાતું ખોલ્યા વિના આઉટ થયો અને ફક્ત ત્રણ બોલ રમી શક્યો. અભિષેકનું ફોર્મ ભારત માટે ચિંતાનો વિષય બની ગયું છે કારણ કે ટીમને હવે આગળ કઠિન પડકારોનો સામનો કરવો પડશે.

વર્તમાન ટુર્નામેન્ટમાં, અભિષેક અત્યાર સુધી ખાતું ખોલી શક્યો નથી કારણ કે તે યુએસએ સામેની પહેલી મેચમાં શૂન્ય પર આઉટ થયો હતો, પછી તે પાકિસ્તાન સામે ખાતું ખોલી શક્યો ન હતો અને હવે નેધરલેન્ડ્સ સામે પણ રન બનાવ્યા વગર આઉટ થયો. અભિષેક પેટની બીમારીના કારણે નામિબિયા સામેની બીજી મેચમાંથી બહાર થઈ ગયો હતો. નામિબિયા સામેની મેચ પહેલા અભિષેકને દિલ્હીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને એવું લાગતું હતું કે તે પાકિસ્તાન સામે રમી શકશે નહી. જોકે, આ મેચ પહેલા તે સ્વસ્થ થઈ ગયો હતો અને પ્લેઈંગ-૧૧માં જોડાવામાં સફળ રહ્યો હતો. ૨૦ વર્લ્ડ કપ પહેલા શાનદાર ફોર્મમાં રહેલો અભિષેક ટુર્નામેન્ટમાં પોતાના બેટથી શાંત રહ્યો છે. સુપર એઈટ તબક્કામાં ભારતનું અભિયાન ૨૨ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે. આગામી રાઉન્ડમાં ટીમને દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝનો સામનો કરવો પડશે, આવી સ્થિતિમાં અભિષેકની નિષ્ફળતા ટીમ માટે ચિંતાનો વિષય બની ગઈ છે.

## નામિબિયાને હરાવીને પાકિસ્તાન સુપર-૮માં પ્રવેશ્યું



આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં બુધવારે મજબૂત પ્રદર્શન કરીને નામિબિયાની ટીમને ૧૦૨ રનથી હરાવી હતી. આ સાથે સુપર-૮માં પ્રવેશનારી પાકિસ્તાન અંતિમ ટીમ બની હતી. સાહિબજાદા ફરહાનની સદીને કારણે પાકિસ્તાને ૨૦ ઓવરમાં ૧૯૯ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં નામિબિયા ૯૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ સાથે પાકિસ્તાને આગામી વર્ષના વર્લ્ડ કપમાં સીધો પ્રવેશ પણ મેળવી લીધો છે. ૨૦૦ રનના ટારગેટ સામે રમતાં નામિબિયા ૯૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું. પાકિસ્તાન માટે ઉસ્માન તારીકે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી જ્યારે શાદાબ ખાને ત્રણ વિકેટ લીધી. સલમાન મિર્ઝા અને મોહમ્મદ નવાઝે એક-એક વિકેટ લીધી. અગાઉ, સાહિબઝાદા ફરહાનની પ્રથમ સદીએ પાકિસ્તાનને ત્રણ વિકેટે ૧૯૯ રન સુધી પહોંચાડવામાં મદદ કરી હતી. ફરહાને ૫૮ બોલની અણનમ ઈનિંગ્સ દરમિયાન ૧૧ ચોગ્ગા અને ચાર સિક્સર ફટકારી હતી. તેણે ૫૦ થી ૧૦૦ રન સુધી પહોંચવા માટે માત્ર ૨૦ બોલ લીધા હતા, જે વર્લ્ડ કપમાં સદી ફટકારનારો બીજો પાકિસ્તાની ખેલાડી બન્યો હતો. અગાઉ, અહેમદ શહેઝાદે ૨૦૧૪ માં મિરપુરમાં બાંગ્લાદેશ સામે સદી ફટકારી હતી.

## હજારો કરોડોની ફ્રેન્ચાઈઝી અને કરોડોમાં વેચાતા ક્રિકેટરની રમત લકઝરી મનોરંજન

# સ્ટેડીયમમાં આઈપીએલ જોવાનું મોંઘુ : ટીકીટ ઉપર ૪૦% જીએસટી

સરકારે આઈપીએલને જીએસટીને સૌથી ઉંચા સ્લેબમાં આવરી લીધી: ટીમ ઈન્ડીયા રમતી હોય તેવી રૂા.૫૦૦ સુધીની ટીકીટ જીએસટી ફ્રી : ત્યાર બાદ ૧૮ ટકા જીએસટી લાગશે


આગામી માસથી ચાલુ થનાર ઈન્ડીયન ક્રિકેટ લીગ (આઈપીએલ)માં હવે સ્ટેડીયમમાં જઈને મેચ જોવાનું મોંઘુ પડશે. સરકારે આઈપીએલની મેચ ટીકીટને જીએસટીના સૌથી ઉંચા એટલે કે ૪૦ ટકાના સ્લેબમાં આવરી લીધી છે અને તેથી હવે આઈપીએલની એન્ટ્રી ફી અથવા ટીકીટ ફી જે કઈ ગણતા હોય તેના ૪૦ ટકા જીએસટી લાગશે. સરકારે આઈપીએલને લકઝરી ક્રિકેટ એન્ટરટેઈનમેન્ટ સર્વિસ હેઠળ મુકી છે જેથી તેના પર અત્યાર સુધી ૨૮ ટકાનો જે જીએસટી દર હતો તે વધીને ૪૦ ટકા થઈ જશે. જીએસટી કાઉન્સીલે જાહેર કર્યું હતું કે કોઈપણ ક્રિકેટ મેચ કે જે સરકાર માન્ય હોય કે જેમાં ટીમ ઈન્ડીયા સતાવાર રીતે રમતી હોય તેની રૂા.૫૦૦ સુધીની ટીકીટ પર કોઈ ટેકસ લાગશે નહી.



જયારે રૂા.૫૦૦થી ઉપરની ટીકીટ પર ૧૮ ટકાનો જીએસટી લાગે છે પરંતુ આઈપીએલને લકઝરી અને મનોરંજન ગણીને તેના પર ૪૦ ટકાનો જીએસટી લાગશે એટલે કે રૂા.૨૦૦૦ની ટીકીટ હશે તો તેના પર રૂા.૮૦૦ એટલે કે કુલ રૂા.૨૮૦૦ની ટીકીટ મળશે. આઈપીએલમાં કોઈપણ દરની ટીકીટ પર ૪૦ ટકાનો જ ટેકસ લાગશે તે સરકારે નિશ્ચિત કર્યું છે.

# ICC T20I રેન્કિંગ : અભિષેક અને વરૂણનું વર્ચસ્વ અકબંધ

## ઇશાન કિશન ૧૭ સ્થાનથી આગળ વધી આઠમા સ્થાને પહોંચ્યો



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ બુધવારે નવીનતમ T20 આંતરરાષ્ટ્રીય રેન્કિંગ જાહેર કરી. આમાં, ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન અભિષેક શર્મા અને રહસ્યમય સ્પિનર વરૂણ ચક્રવર્તીનું વર્ચસ્વ ચાલુ છે.

બંને અનુક્રમે બેટ્સમેન અને બોલરની રેન્કિંગમાં ટોચ પર છે. આ દરમિયાન, પાકિસ્તાનના સૈમ અયુબ ઓલરાઉન્ડરની રેન્કિંગમાં ટોચ પર પહોંચી ગયા છે. તેમણે ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાને પાછળ છોડી દીધા છે.

ICC ના તાજેતરના T20 આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પાકિસ્તાનના સ્ટાર ખેલાડી સૈમ અયુબ ફરી એકવાર નંબર વન્ ૨૦ આંતરરાષ્ટ્રીય ઓલરાઉન્ડર બન્યા છે. અયુબ અને ઝિમ્બાબ્વેના સિકંદર રઝા છેલ્લા કેટલાક સમયથી નંબર વન સ્થાન માટે કડક સ્પર્ધામાં હતા.

તાજેતરના મહિનાઓમાં બંને ખેલાડીઓ ટોચના સ્થાન વચ્ચે વારાફરતી આવ્યા છે. નવીનતમ અપડેટમાં, શ્રીલંકાના કોલંબોમાં ભારત સામે ત્રણ વિકેટ લીધા બાદ અયુબે ફરીથી ટોચનું સ્થાન મેળવ્યું છે. રઝા હવે બીજા સ્થાને સરકી ગયા છે. નેપાળના દીપેન્દ્ર સિંહ એરી (બે સ્થાન કૂદકો માર્યો) અને અફઘાનિસ્તાનના અઝમતુલ્લાહ ઓમરઝાઈ (ચાર સ્થાન આગળ વધ્યા) સંયુક્ત રીતે ચોથા સ્થાને પહોંચી ગયા છે.

શ્રીલંકાના આક્રમક બેટ્સમેન પથુમ નિસાન્કા, ઓસ્ટ્રેલિયા સામે કેન્ડીમાં શાનદાર સદી ફટકાર્યા બાદ, ત્રણ સ્થાન ઉપર ચઢીને ત્રીજા સ્થાને પહોંચી ગયા છે. ભારતના ઓપનર અભિષેક શર્મા ખરાબ ફોર્મ છતાં ટોચ પર યથાવત છે. પાકિસ્તાન સામેના પ્લેયર ઓફ ધ મેચ પ્રદર્શનને કારણે તેમના સાથી ઈશાન કિશન ૧૭ સ્થાન ઉપર ચઢીને આઠમા સ્થાને પહોંચી ગયા છે. દક્ષિણ આફ્રિકાના રાયન રિકેલ્ટન (૨૨ સ્થાન ઉપર, ૧૧મું) અને એડન માર્કરામ (છ સ્થાન ઉપર, સંયુક્ત રીતે ૧૫મું), યુએસએના સૈતેજા મુક્કામલ્લા (૧૬ સ્થાન ઉપર, ૨૧મું), અને ઈંગ્લેન્ડના યુવા ખેલાડી જેકબ બેથેલ (૨૨ સ્થાન ઉપર, ૩૨મું) ને પણ T20 વર્લ્ડ કપમાં તેમના સારા પ્રદર્શનનો ફાયદો થયો છે. બોલરોના રેન્કિંગમાં ટોચના સ્થાન માટેની લડાઈ પણ રસપ્રદ બની છે. અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાન એક સ્થાન ઉપર બીજા સ્થાને પહોંચી ગયા છે, જે ભારતના વરૂણ ચક્રવર્તીથી નજીક છે, જે હાલમાં પ્રથમ સ્થાન પર છે. ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્રેડ ઈવાન્સ સતત બે મેચમાં ત્રણ વિકેટ લીધા બાદ ૧૦ સ્થાન ઉપર ચઢીને પાંચમા સ્થાને પહોંચી ગયા છે. ભારતના અક્ષર પટેલ (ચાર સ્થાન ઉપર ચઢીને ૧૪મા સ્થાને) અને જસપ્રીત બુમરાહ (છ સ્થાન ઉપર ચઢીને ૧૫મા સ્થાને) અને આયર્લેન્ડના સ્પિનર મેથ્યુ હમ્ફ્રીસ (૨૩ સ્થાન ઉપર ચઢીને ૨૩મા સ્થાને) પણ તાજેતરની રેન્કિંગમાં આગળ વધ્યા છે.

# LJ ચેકમેટ ચેમ્પિયન ચેસ ટુર્નામેન્ટમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડનો પ્રયાસ



એલ જે યુનિવર્સિટીએ "એલજે ચેકમેટ ચેમ્પિયન" ઈન્ટરનેશનલ રેપિડ રેટિંગ ચેસ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરીને રમતગમતની દુનિયામાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ૨૦૦૦ ખેલાડીઓને એકત્રિત કરીને આ ઈવેન્ટ ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) ખાતે આ પ્રકારની પ્રથમ ટુર્નામેન્ટ છે, જે વૈશ્વિક સ્તરે ચેસ ઈવેન્ટ્સ માટે એક સંપૂર્ણપણે નવો ધોરણ સ્થાપિત કરે છે.

FIDE (વર્લ્ડ ચેસ ફેડરેશન) ના નેજા હેઠળ આયોજિત એક જ સંસ્થા તરફથી વિશ્વની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય રેપિડ રેટિંગ ચેસ ટુર્નામેન્ટના ટાઈટલ માટે આયોજકોએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સને સત્તાવાર રીતે અરજી કરી છે. આ ટુર્નામેન્ટનો હેતુ સ્પર્ધાત્મક ચેસમાં એક નવો વૈશ્વિક બેન્ચમાર્ક સ્થાપિત કરવાનો છે.

એલજે યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત આ વિશાળ ટુર્નામેન્ટ બે દિવસ સફળતાપૂર્વક યોજાઈ હતી, જેમાં નવ સ્પર્ધાત્મક રાઉન્ડનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમનું સંચાલન ચીફ આર્બિટર અનંથરામન રથિનમ દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ ભારતમાં સૌથી વરિષ્ઠ FIDE રેન્કિંગ ધરાવતા અને વર્લ્ડ ચેસ ફેડરેશનના આર્બિટર્સ કમિશનમાં સેવા આપતા અત્યંત પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય આર્બિટર છે. આ કાર્યક્રમની સફળતા પર, યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. મનીષ શાહે સંસ્થાના એથ્લેટિક ભવિષ્ય માટેનું પોતાનું વિઝન શેર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે "મને ગર્વ છે કે એલજે યુનિવર્સિટીએ 'ચેસની દુનિયા'માં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે. અમે યુવાનોને રમતગમત અને શિક્ષણ બંનેમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં માનીએ છીએ.

# સાઉથ આફ્રિકાએ UAEને ૬ વિકેટે હરાવ્યું

## હવે ૨૨ ફેબ્રુઆરીએ અમદાવાદમાં ભારત સામે મુકાબલો; બ્રેવિસે ૩૬ રન બનાવ્યા, કોર્બિન બોશે ૩ વિકેટ લીધી

T20 વર્લ્ડ કપની ૩૪મી મેચમાં સાઉથ આફ્રિકાએ સંયુક્ત આરબ અમીરાત (UAE)ને ૬ વિકેટથી હરાવ્યું. આ વર્લ્ડ કપમાં ટીમનો આ સતત ચોથો વિજય છે. UAE માટે આ ત્રીજો પરાજય છે. સાઉથ આફ્રિકાની ટીમ હવે સુપર-૮ મેચમાં અમદાવાદમાં ભારત સામે રમશે.

અગાઉ, દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. UAEએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૨૨ રન બનાવ્યા. UAEએ ૨૦ ઓવરમાં ૬ વિકેટના નુકસાન પર ૧૨૨ રન બનાવ્યા.



૧૨૩ રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી સાઉથ આફ્રિકાએ ૧૩.૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો.

સાઉથ આફ્રિકા માટે ડેવાલ્ડ બ્રેવિસે ૩૬, રાયન રિકેલ્ટને ૩૦, એડન માર્કરમે ૨૮ અને ક્વિન્ટન ડી કોકે ૧૪ રન બનાવ્યા. જેસન સ્મિથ (૩) અને ટ્રિસ્ટન સ્ટબ્સ (૬) અણનમ રહ્યા.

UAE માટે અલીશાન શરાફુએ સૌથી વધુ ૪૫ રન બનાવ્યા. તેના સિવાય કેપ્ટન મુહમ્મદ વસીમ ૨૨, ઓપનર આર્યંશ શર્માએ ૧૩ અને મુહમ્મદ અરફાને ૧૧ રન બનાવ્યા. સાઉથ આફ્રિકા માટે કોર્બિન બોશે ૩ અને એનરિક નોર્કિયાએ ૨ વિકેટ લીધી. જ્યોર્જ લિન્ડેને ૧ વિકેટ મળી.

# ટીપી ૪૯,૫૦,૫૧ અન્યાયી રિઝર્વેશન રદ કરવાનું આશ્વાસનનું અમલીકરણ નહી થતા વધુ પાંચ કાર્યક્રમો જાહેર કરાયા

## વડાપ્રધાન મોદીને કતારગામના અસરગ્રસ્ત ૧ લાખ લોકો રિઝર્વેશન રદ કરવા અંગે અને સ્થાનિક નેતાની નિષ્ક્રીયતા લઇને પોસ્ટકાર્ડ લખાશે



**સુરત,તા.૧૯**

કતારગામ વિસ્તારની પ્રિલીમનરી ટીપી સ્કિમનં ૪૯,૫૦,૫૧ માં અન્યાયી રિઝર્વેશન અંગે જનઆંદોલન ચાલી રહ્યુ છે ત્યારે ગત રોજ કતારગામની વુંદાવન સોસાયટીની વાડીમાં ટીપી ૪૯,૫૦,૫૧ પીડિત પરિવાર સમિતિની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મોટી સંખ્યામાં કતારગામની ૭૦ થી વધુ સોસાયટીના પ્રમુખો, હોદ્દેદારોની ઉપસ્થિતીમાં ચર્ચા વિમર્શ અને મંતવ્યો પછી સર્વાનુમતે અન્યાયી રિઝર્વેશન સામે જનઆંદોલન વધુ સક્રિય કરી આગામી રણનીતિ નક્કી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગત તારીખ ૩ જી ફેબુઆરીના રોજ કતારગામ થી રેલી સ્વરૂપે મનપા કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું જ્યાં મેયરે બાંહેધરી આપી હતી કે બે -ત્રણ દિવસમાં પીડિત પરિવાર સમિતિ ના ૧૦ પ્રતિનિધી અને હું સાથે આવીને મુખ્યમંત્રી સમક્ષ રિઝર્વેશન રદ કરવા અંગે સ્ટ્રોગમાં સ્ટ્રોગ રૂબરૂ જઈને રજુઆત કરીશું તેવુ જાહેરમાં આશ્વાસન આપવામાં આવ્યું હતું, પરંતુ અમારી સમિતિ માંથી કોઇ પણ સભ્યને લઇ જવામાં આવ્યા નથી ત્યારે ફરી એક વાર આશ્વાસનનું અમલીકરણ નહી થતા સર્વાનુમતે આગામી પાંચ કાર્યક્રમો કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

### આગામી કાર્યક્રમો

(૧) કતારગામની અસરગ્રસ્ત સોસાયટીના ગેટ ઉપર રિઝર્વેશન અંગેના બેનરો લાગશે

(૨) આગામી તારીખ ૨૮-૦૨-૨૬ ને શનિવારે સાંજે સામૂહિક હનુમાન ચાલીસાના પાઠનું આયોજન (મનસ્વી રીતે નિર્દોષ વ્યકિતની મિલકત પર આવેલું રિઝર્વેશનનું કષ્ટ દૂર કરવા માટે સામુહિક હનુમાન ચાલીસાના પાઠનું આયોજન)

(૩) તારીખ: ૦૧-૦૩-૨૬ અને ૦૨-૦૩-૨૬ એમ બે દિવસના સામૂહિક ઉપવાસના કાર્યક્રમનું આયોજન

(૪) તારીખ: ૦૩-૦૩-૨૬ ના રોજ અધિકારી- નેતાના અહંકારની હોળી પ્રગટાવવાશે

(૫) માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને તારીખ ૦૬-૦૩-૨૬ ના રોજ કતારગામની અસરગ્રસ્ત એક લાખ જનતાની સહી કરી ને પોસ્ટકાર્ડ લખાશે.




**આજરોજ તા.૧૯ ફેબ્રુઆરીના રોજ હિન્દવી સ્વરાજ્યના સંસ્થાપક ક્ષત્રિય કુલવંત શ્રીમાન છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતી નિમિતે શિવાજી મહારાજની પ્રતિમા સહારા દરવાજા ખાતે સવારે ૧૧:૩૦ કલાકે સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલભાઈ ઉધનાવાલા તેમજ વોર્ડ પ્રમુખો અને આગેવાનોએ પૂજા-અર્ચના કરી પુષ્પાંજલી અર્પણ કરેલ તેમજ છત્રપતિ શિવાજી મહારાજના જય ભવાની જય શિવાજી જયઘોષ કરી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું.**

# ડાંગ જિલ્લામાં ફોરેસ્ટ કર્મચારીની હત્યાના કેસમાં પોલીસે માત્ર ૧૫ દિવસમાં ૬૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી

**સાપુતારા,તા.૧૯**

ડાંગ જિલ્લાના બોરીગાંવઠા ગામે થયેલ ફોરેસ્ટ કર્મચારીની ઘાતકી હત્યાના મામલે વઘઇ પોલીસે પ્રસંશનીય કામગીરી કરી છે. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી, પોલીસ પ્રશાસને માત્ર ૧૫ જ દિવસમાં તપાસ પૂર્ણ કરી ૬૦૦ પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી આરોપીઓને કડક સજા અપાવવાની દિશામાં મહત્વનું કદમ ઉઠાવ્યું છે. મરણજનાર સનતભાઈ ગનસુભાઇ બીરારી (ઉ.વ. ૫૩), જેઓ ફોરેસ્ટ ખાતામાં કાયમી રોજમદાર તરીકે બારખાંધ્યા ગામે ફરજ બજાવતા હતા, તેઓ ગત ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નોકરી પરથી પરત ફરી રહ્યા હતા. રાત્રીના આશરે દોઢ વાગ્યે બોરીગાંવઠા ગામ પાસે ત્રણ શખ્સો સાયકલ પર ચોરીના લાકડા લઈ જતાં જોવા મળ્યા હતા. સનતભાઈએ આ લાકડા ચોરોને અટકાવવાનો પ્રયાસ કરતા, ઉશ્કેરાયેલા ચોરોએ વાંસના ડંડા વડે તેમના માથા અને કપાળના ભાગે જીવલેણ હુમલો કરી તેમની હત્યા કરી દીધી હતી અને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. આ ઘટના અંગે વનરક્ષક હરેશકુમાર ચૌધરીએ ફરિયાદ નોંધાવ્યા બાદ સુરત વિભાગના આઈ.જી. પ્રેમવીરસિંઘ અને ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ તપાસ તેજ કરવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સની મદદથી પોલીસે ઘટનાના બીજા દિવસે જ આરોપીઓને ઓળખી કાઢ્યા હતા અને જંગલમાં કોમ્બિંગ હાથ ધરી ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. આરોપીઓને ઝડપી અને કડક સજા થાય તે હેતુથી એસ.પી. પૂજા યાદવની અધ્યક્ષતામાં એક ખાસ કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી, પી.આઈ. વી.કે. ગઢવી સહિતના અધિકારીઓ સામેલ હતા. આ ટીમે દિવસ-રાત મહેનત કરી, વૈજ્ઞાનિક ઢબે પુરાવા એકત્રિત કર્યા અને માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં ૬૦૦ પાનાનું ચાર્જશીટ તૈયાર કરી ન્યાયિક પ્રક્રિયા વેગવંતી બનાવી છે.

# વહેલી સવારે મરોલી-વેસ્માામાં ગાઢ ધુમ્મસ, વિઝિબિલિટી ઘટી

## વાહનવ્યવહાર પ્રભાવિત, વાહનચાલકોને મુશ્કેલી

**નવસારી,તા.૧૯**

મરોલી-વેસ્મા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં આજે વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાયું હતું. ઠંડીની તીવ્રતા સાથે ધુમ્મસ વધતાં દ્રશ્યતામાં નોંધપાત્ર ઘટાડો થયો, જેના કારણે વાહનચાલકોને મુસાફરીમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.

ગ્રામીણ માર્ગો તેમજ હાઈવે પર ધુમ્મસ એટલું ગાઢ હતું કે આગળનું દ્રશ્ય માત્ર ૧૦ થી ૧૫ મીટર સુધી જ સ્પષ્ટ દેખાતું હતું. આના કારણે સામેથી આવતા વાહનોને ઓળખવામાં પણ અડચણ ઊભી થઈ હતી. ખાસ કરીને ખેતરો નજીકના રસ્તાઓ પર ધુમ્મસનું પ્રમાણ વધુ જોવા મળ્યું. અકસ્માતની શક્યતા ટાળવા માટે, અનેક વાહનચાલકોએ પોતાના વાહનોની હેડલાઈટ અને ફોગ લાઈટ ચાલુ રાખીને ધીમી ગતિએ મુસાફરી કરી હતી. વેસ્મા-ઉંભરાટ રાજ્ય માર્ગ સહિતના વિવિધ ગ્રામ્ય માર્ગો પર વાહનોની ગતિ ધીમી પડતાં વાહનવ્યવહાર પર અસર જોવા મળી.

ખેડૂતોના મતે, હવામાનમાં આવેલા આ બદલાવની કેરીના પાક પર મિશ્ર અસર પડી શકે છે. આ અંગે ખેતી ક્ષેત્રમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જીવનભારતી કિશોરભવનના ધો. ૧ થી ૫માં રમતોત્સવનું આયોજન



**સુરત,તા.૧૯**

તા.૧૮/૨/૨૦૨૬, બુધવારના રોજ જીવનભારતી કિશોરભવનમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રેણી ૧ થી ૫ના બાળકોએ વ્યાયામ શિક્ષિકા શ્રી મીનાબેનના માર્ગદર્શન હેઠળ લીબુ ચમચી, વિઘ્ન દોડ, બુક બેલન્સ, ફુગ્ગા ફોડ, ઓક્ટોપસ દોડ, કેબ દોડ, ડમ્બેલ્સ દોડ, સિક્કા શોધ, રસ્સા ખેંચ, ડબા ફોડ, બોલ પાસિંગ જેવી અવનવી રમતોમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યુ હતું. વિજેતા સૌ બાળકોને જીવનભારતી મંડળના ઉપાધ્યક્ષ શ્રી ડૉ.પ્રજ્ઞેશભાઈ જોશી, મંત્રીશ્રી મયંકભાઇ ત્રિવેદી, ભવન પ્રતિનિધિ શ્રી ધનેશભાઇ ગોળવાળા, વાલીમંડળના હોદેદારો, આચાર્યા શ્રી ભામિની રાવલ તેમજ નિરીક્ષક શ્રી રાજેશ પારેખના હસ્તે મેડલ આપી સન્માનિત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર શાળા પરિવારના ઉત્સાહ અને સહયોગથી રમતોત્સવ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.

### એઆઈમાં ભાગ્ય અને

પહેલા પાનાનું ચાલુ

લિડર્સે પણ સમિટમાં સંબોધન કર્યુ હતું. મોદીએ ૧૬ ફેબ્રુઆરીના રોજ પાંચ દિવસીય સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું.

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં ભારતની ઝડપથી વિકસતી ટેકનોલોજીકલ સફર વિશે ભાવુક અંદાજમાં વાત કરી. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ ભારતની મુલાકાત લે છે, ત્યારે તેઓ પરિવર્તનની ગતિ જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે.

પિચાઈએ તેમના વિદ્યાર્થીકાળના દિવસો યાદ કર્યા જ્યારે તેઓ કોરોમંડલ એક્સપ્રેસમાં ચેન્નાઈથી ખડગપુર જતા હતા, તો રસ્તામાં વિશાખાપટ્ટનમમાંથી પસાર થતા હતા, જે એક શાંત, આશાસ્પદ દરિયાકાંઠાનું શહેર . "મેં ક્યારેય કલ્પના નહોતી કરી કે તે જ વિશાખાપટ્ટનમ એક દિવસ વૈશ્વિક છૈં હબ બનશે," તેમણે કહ્યું, ગૂગલ હવે તે જ શહેરમાં એક ફુલ-સ્ટેક AI હબ સ્થાપિત કરી રહ્યું છે, જે ભારતમાં કંપનીના ઈં૧૫ બિલિયનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણનો મુખ્ય ભાગ છે.

આ સમિટમાં ૧૧૦થી વધુ દેશો, ૨૦થી વધુ દેશોના વડાઓ, ૩૦ આંતરરાષ્ટ્રીય સંગઠનો અને ૫૦૦થી વધુ વૈશ્વિક AI નેતાઓ ભાગ લઈ રહ્યા છે. લગભગ ૧૦૦ સીઈઓ અને ફાઉન્ડર્સ, ૧૫૦ શિક્ષણવિદો અને રિસર્ચર, ૪૦૦ CTOs, VPs, ૧૦૦+ સરકારી પ્રતિનિધિઓ હાજર છે.

### ૨૦ થી વધુ દેશોના

પહેલા પાનાનું ચાલુ

ભારતના રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી આઠ કંપનીઓના વડાઓ પણ પોતાના વકતવ્ય રજુ કરશે.

અમેરિકી ચીપ નિર્માતા કંપની કલાલકોમ એ ભારતમાં એઆઈ સ્ટાર્ટઅપ સીસ્ટમને વેગ આપવા માટે ભારતમાં રૂા.૧૫૦ કરોડના રોકાણની જાહેરાત કરી છે તો ગુગલના સીઈઓ સુંદર પીચાઈએ ભારતની છુપી એઆઈ ક્ષમતાની પ્રશંસા કરતા જણાવ્યું કે આ દેશમાં અગાઉથી જ સુંદર ૨.૦ મોજૂદ છે.

ત્રણ દિવસ અગાઉ પ્રારંભ થયેલા આ એઆઈ સમીટમાં ગુગલે સૌથી વધુ રૂા.૧.૨૫ લાખ કરોડના રોકાણની જાહેરાત કરી છે. ભારતની મુલાકાતે આવેલા સુંદર પિચાઈએ વડાપ્રધાન મોદી સાથે પણ મુલાકાત કરી છે. દેશમાં પ્રથમવાર એવું બનશે કે, છૈં હબ ઉભુ કરવા માટે પ્રથમવાર આટલું મોટું રોકાણ કરવામાં આવશે.

આ માટે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં મેગા એઆઈ ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે. આ સેન્ટર એઆઈ મોડલ ટ્રેનિંગ, ક્લાઉડ સર્વિસનું કેન્દ્ર બનશે. આ સેન્ટર પરથી ભારત અને આસપાસના લોકોની AI જરૂરીયાતોમાં એક મોટી ક્રાંતી સર્જાશે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું કામ કરવા માટે ઈન્ટરનેટની સ્પીડ ઝડપી હોવી જરૂરી છે, તેથી ગૂગલ ભારતને વિશ્વ સાથે જોડવા માટે સમુદ્રમાં ઈન્ટરનેટ કેબલ બિછાવશે. આ કેબલ કનેક્શનથી ભારત સિંગાપુર, સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો સાથે સીધો જોડાશે. આનાથી એશિયા, આફ્રિકા અને સાઉથ અમરેકિમાં ઝડપી એઆઈ સર્વિસ મળશે.

### યુદ્ધના હથિયારો લઈને

પહેલા પાનાનું ચાલુ

સંપૂર્ણપણે સ્પષ્ટ નથી કે તે આ કાર્યવાહીથી શું હાંસલ કરવા માંગે છે, પરંતુ રાષ્ટ્રપતિ ખૂબ જ દ્રઢ દેખાઈ રહ્યા છે. ટ્રમ્પનું 'બધા વિકલ્પો ખુલ્લા છે' વાળું નિવેદન વાસ્તવિક સૈન્ય તૈયારી વિશે જણાવે છે.

બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પરમાણુ રાજદ્વારી સાથે-સાથે મોટા પાયે સૈન્ય તૈયારી પણ શરૂ કરી દીધી છે. મંગળવારે તેમના સલાહકાર જેરાડ કુશનર અને સ્ટીવ વિટકૉફે જીનીવામાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે ત્રણ કલાક સુધી વાતચીત કરી.

બંને પક્ષોએ કહ્યું કે વાતચીતમાં કંઈક પ્રગતિ થઈ છે, પરંતુ અમેરિકી અધિકારીઓ હજુ પણ કેટલાક મોટા મુદ્દાઓ પર સહમતિ બનવા અંગે શંકામાં છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું કે કેટલાક કિસ્સાઓમાં વાતચીત સારી રહી, પરંતુ ઘણા મુદ્દાઓ પર રાષ્ટ્રપતિએ જે 'રેડ લાઈન' નક્કી કરી છે, તેને ઈરાન માનવા તૈયાર નથી. તેમણે એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ સમાધાન ઈચ્છે છે, પરંતુ એ પણ શક્ય છે કે રાજદ્વારી તેની અંતિમ સીમા સુધી પહોંચી ગયું હોય.

### શિવનેરીમાં શિવાજી

પહેલા પાનાનું ચાલુ

શિવનેરી કિલ્લામાં મોડી રાતથી ભીડ થવા લાગી સ્થાનિક મીડિયા અનુસાર શિવનેરીમાં મોડી રાતથી જ લોકો પહોંચવા લાગ્યા હતા અને ભીડ વધી જતાં અફડા-તફડી મચી ગઈ હતી અને અચાનક ભાગ-દોડનો માહોલ સર્જાઇ ગયો હતો. પૂણે પોલીસે ભીડને નિયંત્રિત કરવાની સાથે સાથે વ્યવસ્થા બહેતર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લોકોની સંક્યા વધુ હોવાથી હાલત ખરાબ થઇ ગઇ હતી.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ શિવનેરી કિલ્લામાં પર્યાપ્ત પોલીસ દળ ન હોવાથી આવી હાલત બની હતી. સ્થાનિક લોકોનું કહેવું છે કે ભવિષ્યમાં આવા આયોજનો માટે અગાઉથી જ આવવા-જવાના રસ્તા, સુરક્ષા ઘેરો અને ઉચિત પોલીસ દળની તૈનાતી કરવી જોઇએ, જેથી આવી ઘટના બીજીવાર ન બને.

### ઈમરાનની

પહેલા પાનાનું ચાલુ

તાત્કાલિક આર્મી ચીફને સેના મોકલવાનો નિર્ણય લેવો પડ્યો. પૂર્વ પીએમ ઈમરાન ખાન ઓગસ્ટ, ૨૦૨૩થી ઈસ્લામાબાદની અડિયાલા જેલમાં બંધ છે. હાલ તેઓ તોશાખાના ભ્રષ્ટાચાર કેસમાં ૧૪ વર્ષની જેલ ભોગવી રહ્યા છે.

ઈમરાનની પત્ની બુશરા બીબી પણ અડિયાલા જેલમાં સજા કાપી રહી છે. ઈમરાન વિરુદ્ધ લગભગ સોથી વધુ કેસ નોંધાયેલા છે. તેમાંથી લગભગ એક ડઝન કેસ લોઅર-હાઈકોર્ટમાં ચાલી રહ્યા છે.

ઈમરાનને જેલમાં રાખવામાં આર્મી ચીફ મુનીરની મોટી ભૂમિકા છે. પીએમ તરીકે ઈમરાને મુનીરને ગુપ્તચર એજન્સી ISI ચીફના પદ પરથી હટાવ્યા હતા.

જાણકારો અનુસાર ઈમરાનની જેલ પર ભલે મુનીરનું તાળું હોય, પણ તેની ચાવી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે 'ફ્રી ઈમરાન' મુવમેન્ટ પછી પણ ટ્રમ્પ મુનીર પર મુક્તિ માટે દબાણ લાવવાના મૂડમાં નથી.

### એપસ્ટીન ફાઈલ્સ:

પહેલા પાનાનું ચાલુ

રોકાણ વધારવા માટે ડીપી વર્લ્ડના સીઈઓ બિન સુલેયમ અને પ્રિત્ઝકરને જોડવાનો પ્રયાસ કર્યો હતો. તેણે સુલેયમ અને જેસ સ્ટેલી વચ્ચે વ્યાપારી સંબંધો વધારવાનો પણ પ્રયાસ કર્યો, જે તે સમયે જેપી મોર્ગન ચેઝ એન્ડ કંપનીમાં વરિષ્ઠ કાર્યકારી હતા.

થોમસ જે. પ્રિત્ઝકર, પરિવારના ૧૩ અબજોપતિ હોટલ વારસદારોમાં બીજા સૌથી ધનિક વ્યક્તિ છે. તેમની સંપત્તિ ૬.૨ અબજ ડોલર છે. તેઓ ૧૯૯૯ થી હયાત (Hyatt) ના અધ્યક્ષ અને ૧૯૯૯ થી ૨૦૦૬ સુધી CEO રહ્યા હતા.

એપસ્ટીન ફાઈલ્સમાં નામ આવ્યા બાદ ૧૦ દેશોના ૧૫ પ્રોફેશનલ્સ, નેતાઓ અને બેન્કર્સ રાજીનામું આપી ચૂક્યા છે. જેમાં મુખ્ય છે...

### ગુજરાત બજેટથી

પેજ-૨ પાનાનું ચાલુ

વેગ મળશે. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, નવીનતા અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા અમદાવાદ તથા ચાર રિજનલ સેન્ટરો ખાતે આઇ—હબના વિકાસ માટે રૂપિયા ૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જેમાં સુરતનો પણ સમાવેશ થાય છે. આ પગલાથી સુરતમાં ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે.

રાજ્યના બે મુખ્ય આર્થિક કેન્દ્રો અમદાવાદ અને સુરતને સેટેલાઇટ ટાઉન્સ સાથે જોડતી રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેકટથી મુસાફરી વધુ ઝડપી અને સુલભ બનશે, ઔદ્યોગિક વિસ્તારો વચ્ચેનો સંપર્ક મજબૂત થશે અને શહેરી વિકાસને નવી ગતિ મળશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ જણાવ્યું હતું કે, ઉદ્યોગોને વધુ અનુકૂળ વાતાવરણ આપવા બજેટમાં ૨૫ જીઆઇડીસીને સ્માર્ટ જીઆઇડીસી તરીકે વિકસાવવા તથા રૂપિયા ૧,૩૦૦ કરોડના રોકાણ સાથે ૧૨૦ મિની જીઆઇડીસીના અપગ્રેડેશનની જાહેરાત કરવામાં આવી છે. આ પગલાંથી ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ મળશે અને નવા ઉદ્યોગો માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં પણ મહત્વપૂર્ણ પગલું રૂપે અમદાવાદની તુલનામાં સુરતમાં મલ્ટી—સ્પેશ્યાલિટી હોસ્પિટલ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી દક્ષિણ ગુજરાતના નાગરિકોને આધુનિક અને ઉચ્ચ સ્તરની આરોગ્ય સેવાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થશે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ જણાવ્યું હતું કે, આર્થિક માપદંડોની દ્રષ્ટિએ ગુજરાતનું પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું છે. ગુજરાત રાજયનો બેરોજગારી દર માત્ર ૧.૨ ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશની તુલનાએ ઘણો ઓછો છે. ભારતના કુલ જીડીપીમાં ગુજરાતનું યોગદાન વધીને ૮.૩ ટકા થયું છે, જે વર્ષ ૨૦૧૦—૧૧માં ૬.૭ ટકા હતું. આ આંકડાઓ રાજ્યની મજબૂત ઔદ્યોગિક અને આર્થિક પ્રગતિનો સ્પષ્ટ પુરાવો આપે છે.

શહેરી વિકાસને વધુ મજબૂત બનાવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૬,૧૧૬ કરોડની ફાળવણી કરાઇ છે, આથી શહેરોમાં માળખાકીય સુવિધાઓ, પરિવહન, પાણી, ગટર અને અન્ય નાગરિક સુવિધાઓના વિકાસને વેગ મળશે.

------

છેલ્લા પાનાનું ચાલુ

### પીપોદરામાં

હુમલાખોરો માત્ર મોબાઈલ સ્નેચર હતા કે અન્ય કોઈ કારણસર હુમલો કરાયો હતો તે દિશામાં તપાસ કરી રહી છે. પોલીસ એ સાથનિક સિસિ ટીવી કેમેરા મદ્યય્મ થી લૂંટારુ સુધી પહોંચી ગઈ હતી અને સુરત જિલ્લા પોલીસ ની ટિમ ને લૂંટારુ મંગલ પાલ ઉ મ ૩૫ વર્ષ ના ને ઝડપી પાડ્યા સફળતા પ્રાપ્ત થઈ હતીઆ બનાવ સંદર્ભ કોસંબા પોલીસે લૂંટ નો ગુનાઓ સાથે હત્યા પ્રયાસ નો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે

### એક્સસાઈઝ ડ્યુટી

એ વાત રેકર્ડ પર આવી હતી કે આરોપીઓએ ભારત સરકારની 'સબકા વિશ્વાસ' સ્કીમ હેઠળ રકમ ભરી દીધી છે. જેથી સુરત જીએસટી એન્ડ સેન્ટ્રલ એક્સાઈઝ વિભાગ દ્વારા નાણાં રિકવર થઈ ગયા હોવાથી કેસ પરત ખેંચી લેવામાં આવ્યો હતો અને તેનાં પર કોર્ટે મંજૂરીની મહોર મારી હતી.

આ કેસમાં આરોપીઓને સબકા વિશ્વાસ સ્કીમ હેઠળ રૂ.૩૩,૫૬,૯૮૩ ની ટેક્સ રાહત પણ મળી હતી, તથા તેમણે ૧૪.૩૮ લાખ ઉપરાંતની ડ્યુટી ભરી હતી. જેનાથી વર્ષોથી તારીખોમાં અટવાયેલા કેસનો નિકાલ થયો હતો અને સરકાર ને રેવન્યુ પણ મળી હતી.

### ચેક રિટર્ન

આરોપી યોગેશએ નાણાં પરત કરવા બેંક ઓફ બરોડાનો ચેક આપ્યો હતો. જે બેંકમાંથી રિર્ટન થયો હતો. જેથી ભાવેશભાઈએ વકીલ મિલિન એસ. મોદી મારફતે યોગેશ વિરુદ્ધ કોર્ટમાં કેસ કર્યો હતો. આ અંગે ચાલેલા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસમાં કોર્ટે આરોપી યોગેશને કસૂરવાર માની સજા અને વળતરનો હુકમ કર્યો છે.

# ડાંગ દરબારમાં આયોજનના નામે અવ્યવસ્થા? ફુવારા સર્કલથી આશ્રમ માર્ગ સુધી પ્લોટ ફાળવણી મુદ્દે જનતામાં ભારે રોષ

**સાપુતારા,તા.૧૯**

ડાંગ જિલ્લાના ધરોહર અને ઐતિહાસિક 'ડાંગ દરબાર'ના આયોજનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા અમુક નિર્ણયોને કારણે વિવાદના વમળો સર્જાયા છે. દર વર્ષે આ ઉત્સવનાં મેળા દરમિયાન લાખોની સંખ્યામાં પ્રવાસીઓ અને સ્થાનિક આદિવાસી જનમેદની ઉમટી પડતી હોય છે, જેને ધ્યાનમાં રાખીને અગાઉના વર્ષોમાં આહવાના ફુવારા સર્કલથી ડાંગ સ્વરાજ આશ્રમ સુધીનો માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો રાખવાની પરંપરા રહી છે. આ માર્ગ અત્યંત મહત્વનો ગણાય છે. કારણ કે તે વઘઇ, આહવા સિવિલ હોસ્પિટલની સાથે સાપુતારા, ચિંચલી અને નવાપુર જેવા મુખ્ય શહેરોને જોડતા માર્ગનો મુખ્ય હિસ્સો બને છે. જોકે, આ વર્ષે પ્રશાસન દ્વારા આ મહત્વના માર્ગ પર આશરે ૫૦ મીટરના વિસ્તારમાં વેપારીઓને દુકાનો બનાવવા માટે પ્લોટની ફાળવણી કરવામાં આવી રહી હોવાની માહિતી સામે આવતા સ્થાનિકોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. સ્થાનિક નાગરિકો અને વેપારીઓનો મુખ્ય તર્ક એ છે કે જો આ વ્યૂહાત્મક માર્ગ પર પ્લોટ ઉભા કરવામાં આવશે, તો રસ્તો સાંકડો થઈ જશે અને ડાંગ દરબાર જેવા વિશાળ આયોજનમાં ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાશે. ખાસ કરીને સિવિલ હોસ્પિટલ આ માર્ગ પર સ્થિત હોવાથી ઈમરજન્સી સેવાઓ અને એમ્બ્યુલન્સની અવરજવર ખોરવાઈ શકે છે, જે દર્દીઓના જીવ જોખમમાં મૂકી શકે છે. લોકોમાં એવી પણ ચર્ચા છે કે જો ટ્રાફિક જામને કારણે કોઈ મોટી હોનારત કે અનિચ્છનીય ઘટના બને, તો શું ડાંગ પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ તેની નૈતિક જવાબદારી સ્વીકારશે ? સામાન્ય રીતે આવા મોટા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સુરક્ષા અને જાહેર સુવિધા પ્રથમ અગ્રતા હોવી જોઈએ, પરંતુ અહી વહીવટી તંત્ર દ્વારા પ્લોટ ફાળવણીને વધુ મહત્વ અપાતું હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. આ સંજોગોમાં આહવા અને આસપાસના વિસ્તારના જાગૃત નાગરિકોએ પ્રશાસનને પત્ર લખીને અથવા સોશિયલ મીડિયાના માધ્યમથી આ નિર્ણય પર તાત્કાલિક પુનર્વિચાર કરવાની માંગ કરી છે. પ્રજાનું કહેવું છે કે ડાંગ દરબારની ગરિમા જળવાય અને પ્રવાસીઓને કોઈ તકલીફ ન પડે તે માટે વૈકલ્પિક પાર્કિંગ અને ટ્રાફિક નિયમનની યોજના ઘડવી જોઈએ, નહિ કે મુખ્ય માર્ગો પર દબાણ વધારવું જોઈએ. હવે આગામી દિવસોમાં એ જોવાનું રહેશે કે જિલ્લા વહીવટી તંત્ર આ લોકલાગણીને સમજીને પ્લોટ ફાળવણીના નિર્ણયમાં કોઈ ફેરફાર કરે છે કે પછી ટ્રાફિકની ગંભીર અંધાધૂંધી વચ્ચે જ આ વર્ષનો ડાંગ દરબાર સંપન્ન થશે તે જોવું જ રહ્યુ..





શ્રી રામ કથાના પાંચમા દિવસે વાલ્મિકી પીઠ પરથી આચાર્ય બ્રહ્મર્ષિ ઋષિવર પરમ પૂજ્ય શ્રી કિરીટભાઈજીએ જ્ઞાન, પ્રેમ, ભકિત અને જીવનસફળતા અંગે ગહન માર્ગદર્શન આપ્યું.

પૂજ્યશ્રીએ જણાવ્યું કે જ્ઞાન તે છે જે જીવનમાં ઉતરી જાય; નહીં તો તે માત્ર માહિતી (ઇન્ફોર્મેશન) ગણાય. પ્રેમ અને ભકિતમાં પૂર્ણ તન્મયતા ન હોય તો બંનેમાંથી કોઈની પ્રાપ્તી શકય નથી. તેમણે ઉદાહરણ આપ્યું કે વેપાર-વ્યવસાયમાં પણ જો સમર્પણ અને "પાગલપણું" ન હોય તો સફળતા મળતી નથી. નોકરી ભુખ્યા સુવા ન દે, પરંતુ અમીર પણ બનાવતી નથી.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# મહિલા કોર્પોરેટરના પતિને ધમકી અને દિકરી પર હુમલાના કેસમાં અસ્ફાક નઈમુદીન રીફાઈની ધરપકડ

## સુરત સાયબર ક્રાઈમ પોલીસે ટેકનીકલ સર્વેલન્સના આધારે ડમી નંબરથી વોટ્સએપ મેસેજ કરનાર હોડી બંગલાના બિલ્ડર સુધી પહોંચી ગઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
ભાજપના મહિલા કોર્પોરેટરના પતિને વોટ્સએપ પર ધમકી ભર્યા મેસેજ મોકલી અને તેમની દીકરી પર હુમલો કરવાના ગુનામાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ગઇકાલે ગુનો નોંધાયો છે ત્યારે ડીસીપી બિશાખા જૈનના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસની ટીમે ગઇકાલે બિલ્ડર રીફાઇ મોહમદ અસ્ફાક નઈમુદીન (રહે. રિફાઈ બડી ગાદી, હોડી બંગલો, વરીયાળી બજાર)ની ધરપકડ કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. કેનેડામાં રહેતી પુત્રીની આંખમાં જ્વલંતશીલ સ્પ્રે નાંખીને તેનો પીછો કરીને તેને ત્યાં પણ ધમકાવવામાં આવતા પુત્રીને પરત સુરત બોલાવી લેવાઇ હતી.

કોટ વિસ્તારમાં રહેતા ભાજપના મહિલા કોર્પોરેટરના પતિને ધમકી ભર્યા મેસેજ કરી કેનેડામાં અભ્યાસ માટે ગયેલી દીકરી ઉપર અવાર-નવાર હુમલો કરવાના પ્રકરણમાં સાયબર ક્રાઇમ પોલીસે ટેકનીકલ સર્વેલન્સને આધારે મેસેજ કરનારની તપાસ કરતા ડમી નંબરનો ઉપયોગ કરાયો હોવાનું સામે આવ્યું હતું. સાયબર ક્રાઇમ ડીસીપી બિશાખા જૈનના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા આ બાબતે ઉંડાણ પુર્વક તપાસ તાત્કાલિક શરૂ કરાઇ હતી. દરમિયાન મેસેજ કરનાર બિલ્ડર રીફાઇ મોહમદ અસ્ફાક નઈમુદીન હોવાનું જાણવા મળતા પોલીસે ગઇકાલે મોડી સાંજે જ તેની ધરપકડ કરી લીધી હતી. સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા તેની કડક પુછપરછ કરવામાં આવી રહી છે.


હોળી-ધૂળેટીના તહેવાર સંદર્ભે સુરતમાં અનેક સ્થળો પર વિવિધ પ્રકારના કલરનું ઉત્પાદન કરી જાહેર રસ્તા પર સુકવવા માટે પાથરવામાં આવે છે. બોમ્બે માર્કેટ વિસ્તારના ભૈયાનગરમાં સુકવવા માટે પાથરાયેલા કલર પર શેરી કૂતરાએ સામ્રાજ્ય જમાવી દીધું છે. (તસવીર : હનીફ મલેક)

# જહાંગીરપુરાના ખેડૂતને એપીકે એપ મોકલી રૂા.૩.૧૦ લાખની છેતરપિંડી

## ખેડૂતે એપ કલીક કરતા મોબાઈલ હેક થઈ ગયો અને બેંક એકાઉન્ટ ખાલી થઈ ગયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા ખેડુતને આરટીઓ ચલણ એપ્લીકેશન વોટ્સએપ પર મોકલી રજીસ્ટ્રેશન કરાવડાવી ઓટીપી એપ્લીકેશનમાં એન્ટર કરતાની સાથે જ મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ ખેડુત તેમજ તેની પત્નીના એકાઉન્ટમાંથી ૩.૧૦ લાખ ઓનલાઈન આઈએમપીએસ દ્વારા ટ્રાન્સફર કરી લેવાયા હતા. આ મામલે ગઈકાલે ખેડુત દ્વારા જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

જહાંગીરપુરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ઓલપાડ તાલુકાના નરથાણ ગામના વતની અને હાલ જહાંગીરપુરા સુકૃત હોમ્સમાં રહેતા વિમલભાઈ કાંતિલાલ પટેલ ઉ.વ.૪૫ વ્યવસાયે ખેડુત છે. દરમિયાન ગઈ તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સાંજના સમયે તેમને એક અજાણ્યા વોટ્સએપ નંબરથી આરટીઓ ચલણ એપ્લીકેશનનો મેસેજ આવ્યો હતો. એપ્લીકેશન પર ક્લીક કરતા જ તેમને ઓટીપી મળ્યો હતો જે ઓટીપી એપ્લીકેશનમાં નાંખતાની સાથે જ વિમલભાઈ પટેલ અને તેમની પત્નીના બેંક એકાઉન્ટમાંથી રૂ.૩.૧૦ લાખ ઉપડી ગયા હતા. આ છેતરપિંડી અંગે ગઈકાલે વિમલભાઈ પટેલે દ્વારા જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.

# અડાજણ ઘાંચી મહોલ્લામાં દીકરીના લગ્નની ચિંતામાં માતાનો આપઘાત

## દિકરીની સગાઈ થઈ ગયા બાદ લગ્ન કેમ થશે તેવી ચિંતા મહિલા કરતી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
અડાજણ વિસ્તારમાં એક અત્યંત કરુણ ઘટના પ્રકાશમાં આવી હતી, જેમાં એક માતાએ દીકરીના લગ્નના ટેન્શનમાં આવી પોતાના ઘરે આત્મહત્યા કરી લીધી હતી.

મળતી માહિતી મુજબ, અડાજણ સ્ટાર બજાર મોલની પાછળ ધોબીની ખાંચીમાં રહેતા ૪૧ વર્ષીય શીતલબેન વિજય ચૌધરીએ ગઈકાલે તા. ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ બપોરે ૦૨:૩૦ થી સાંજે ૦૭:૩૦ ના સમયગાળા દરમિયાન પોતાના ઘરે છતના લોખંડના એન્ગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક શીતલબેનની દીકરી રીયાની સગાઈ થઈ ગઈ હતી, પરંતુ દીકરીના લગ્ન થશે કે નહીં તે બાબતે તેઓ છેલ્લા એકાદ મહિનાથી ભારે માનસિક તણાવમાં રહેતા હતા. લગ્નની ચિંતામાં આખરે તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસ પાસેથી જાણવા મળ્યું હતું. આ મામલે એ.એસ.આઈ. રમેશ મંગાભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પીપોદરામાં લૂંટના ઈરાદે યુવતીના ગળા પર ધારદાર ચપ્પુથી હુમલો

## યુવતી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ : એક આરોપીની પોલીસ દ્વારા ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પીપોદરા જીઆઈડીસી વિસ્તારમાં બુધવારે સવારે એક યુવતી પર હુમલો થયો હતો. નોકરી પર જઈ રહેલી વિનિતાબેન રામસિંહ રાઠોડ નામની યુવતીને એક લૂંટારુઓએ નિશાન બનાવી ગળું કાપવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી.ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડી ને જીવ બચાવાયો આ બનાવ ની જાણ જિલ્લા પોલીસ ને થતા તાત્કાલિક ઘટના સ્થળે પોંહચીને લૂંટારુ મંગળ પાલ ઉપેન્દ્ર ને ગણતરી ના કલાકમાં સિસિટીવી મધ્ય્મ થી ઝડપી પડ્યો હતો

બનાવની પ્રાપ્ત માહતી અનુસાર સુરત જિલ્લાના પીપોદરા ગામની રહેવાસી વિનિતાબેન સવારે ૮થી ૯ વાગ્યાના અરસામાં નોકરી પર જઈ રહી હતી. આ દરમિયાન રસ્તામાં રાહ જોઈ રહેલા હતા ત્યારે એક લૂંટારુઓએ તેને રોકી મોબાઈલની માંગણી કરી હતી. પરંતુ યુવતીએ મોબાઈલ આપવાનો ઈનકાર કરતા હુમલાખોરો ઉશ્કેરાયા હતા. અને લૂંટારુ એકદમ ઉશ્કેરાયેલાઅને વીસ વર્ષ ની યુવતીનું ગળું પકડી ને તેણી ના ચપ્પુ ફેરવી ગંભીર ઈજા પહોંચાડી હતી અને તેને લોહીલુહાણ હાલતમાં છોડીને ફરાર થઈ ગયા હતા. આ બાબત ની જાણ જિલ્લા પોલીસ ને થતા તાત્કાલિક જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા જિલ્લા ની એલ સી બી , એસ ઓ જી અને કોસંબા પી આઈ ડી એલ ખાચર ઘટના સ્થળે પોહચી ને તપાસ હાથ ધરી હતી ઘટનાની જાણ થતા જ કોસંબા પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો અને યુવતીનું નિવેદન લેવાની કાર્યવાહી હાથ ધરી હતી. ધોળા દિવસે બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ

અનુસંધાન પાના ૭ પર

# ઠગાઈ કેસમાં આરોપી નિલેશ ગોહિલના આગોતરા જામીન રદ

## બેંક સાથે છેતરપિંડી કરનારને રાહત આપવા કોર્ટનો ઈનકાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
મજુરાગેટ સ્થિત SBI બેંકમાં બોગસ દસ્તાવેજોના આધારે લાખોની છેતરપિંડી આચરવાના વધુ એક કેસમાં મુખ્ય સૂત્રધાર તરીકે સંડોવાયેલા નિલેશ ગોહિલને સુરત સેશન્સ કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા હતા.

અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપી શીતલબેન સોલંકી (રહે. વડોદરા) એ ખોટી પગાર સ્લીપ અને બેંક ઓફ બરોડાની નકલી NOC રજૂ કરી મજુરા ગેટની sbi બેન્કમાંથી ૯.૧૪ લાખની લોન મેળવી બેંક સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, આ કૌભાંડમાં નિલેશ અને પ્રફુલ નામના શખ્સોએ દસ્તાવેજોમાં છેડછાડ કરી લોન મંજૂર કરાવી આપી હતી. તેના બદલામાં શીતલબેને ૩.૨૬ લાખ નિલેશના પિતરાઈ ભાઈ પાર્થ ગોહિલના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પાર્થે આ રકમ ઉપાડીને નિલેશને આપી હોવાની કબૂલાત કરી છે. હાલમાં મુખ્ય સૂત્રધાર નિલેશ અને પ્રફુલ પોલીસ પકડથી દૂર છે, નિલેશ ગોહિલે પોલીસ પકડથી બચવા માટે વકીલ રહીમ શેખ મારફતે આગોતરા જામીન અરજી કરી હતી. જે કોર્ટે મંજૂર કરી હતી

# એક્સસાઈઝ ડ્યુટી ચોરી કેસમા અદાલતમાં સરકાર અને આરોપી બન્ને પક્ષને લાભ

## સરકારને એકસાઈઝની આવક થઈ અને સ્કીમ હેઠળ આરોપીને રૂા.33 લાખથી વધુની રાહત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
૨૧ વર્ષ જૂના એકસાઈઝ ડ્યુટી ચોરી કેસમાં આરોપીએ ડ્યુટી ભરી દેતા સરકાર પક્ષ દ્વારા કેસ વિડ્રો કરવામાં આવ્યો હતો. વર્ષો જૂના આ કેસમાં આરોપી વિરુદ્ધ વોરંટ નીકળ્યા બાદ કેસનો સુખદ અંત આવ્યો હતો અને સરકારને આવક થઈ હતી. બીજી બાજુ આરોપીને સરકારની સબકા વિશ્વાસ સ્કીમ હેઠળ રૂ. ૩૩ લાખ ઉપરાંતની રાહત પણ મળી હતી.

આ કેસની વિગત એવી છે કે, સેન્ટ્રલ એકસાઈઝ દ્વારા કોર્ટમાં વર્ષ ૨૦૦૪ માં સ/જ યુનિયન ક્વોલિટી પ્લાસ્ટિક લિમિટેડ સહિત જુઝર અહમદ કાઠાવાલા, વિલાસ વિષ્ણુ માને અને મગન કાપડિયા સામે અંદાજે ૧.૬૦ લાખ કિલો ફેબ્રિક સહિતનો માલ કોઈ પણ ઇનવોઈસ કે ટેક્સ ભર્યા વગર બજારમાં વેચવામાં આવ્યો હોવાનો કેસ કરવામાં આવ્યો હતો. જેમાં આરોપીઓ સામે રૂ.૪૭,૯૫,૬૨૭ ની એક્સાઈઝ ડ્યૂટીની ચોરીનો આરોપ હતો. શરૂઆતમાં આ કેસ વર્ષ ૨૦૦૪ માં વલસાડની કોર્ટમાં શરૂ થયો હતો અને વર્ષ ૨૦૧૮ માં ઉમરગામ કોર્ટમાં ટ્રાન્સફર થયો હતો. જો કે ટ્રાયલ દરમિયાન આરોપીઓ હાજર ન રહેતા સતત તારીખો જ પડી રહી હતી. દરમિયાન જૂન-૨૦૨૫ માં આ કેસ આગળ ચલાવવા નવ નિયુક્ત એસપીપી (સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર) અશ્વિન જે. જોગડિયાની નિમણુંક કરવામાં આવી હતી. જેથી તેમણે આરોપીઓ કોર્ટમાં આવતા ન હોય ધરપકડ વોરંટની અરજી આપી હતી. વોરંટની બજવણી થતાની સાથે જ

અનુસંધાન પાના ૭ પર

### શું છે 'સબકા વિશ્વાસ' સ્કીમ?


સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર જોગડિયાએ જણાવ્યું હતું કે, આ સ્કીમ સબકા વિશ્વાસ (લેગસી ડિસ્પ્યુટ રિઝોલ્યુશન) નામથી ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૯માં શરૂ કરવામાં આવી હતી. આ સ્કીમનો મુખ્ય ઉદ્દેશ કર વિવાદોને સંપૂર્ણ અને અંતિમ રીતે સમાપ્ત કરવાનો, કરદાતાને કાનૂની નિશ્ચિતતા આપવાનો અને વિભાગ તથા કરદાતા બંનેને વધારાની કાર્યવાહીથી મુક્ત કરવાનો છે. આ યોજના કરદાતા માટે કાનૂની નિશ્ચિતતા અને શાંતિ પૂરી પાડે છે તથા વિભાગ માટે લાંબા સમયથી ચાલતા વિવાદોનો અંત લાવે છે. ડિસ્ચાર્જ સર્ટિફિકેટથી કરદાતાને વધારાની કર જવાબદારી, વ્યાજ કે દંડથી મુક્તિ મળે છે અને આવરી લેવાયેલ મુદ્દા તથા સમયગાળા અંગે ફરી કોઈ કાર્યવાહી શરૂ ન થાય તે સુનિશ્ચિત થાય છે. જેના આધારે સરકારને રોકાયેલા કરની પ્રાપ્તિ મળે અને કોર્ટ કેસનો પણ નિકાલ થઈ શકે.

# છેતરપિંડી કેસમાં વેપારીને શરતી જામીન આપતી કોર્ટ

## માલ ખરીદી વેપારીએ પેમેન્ટ નહીં ચૂકવતા પોલીસ ફરિયાદ કરાઈ હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
અમદાવાદના વેદિક ક્રિએશનના પ્રોપ્રાયટર વેપારી ગૌરવ મહેશ મકવાણા વિરુદ્ધ નોંધાયેલા છેતરપિંડીના કેસમાં કોર્ટે તેને શરતી જામીન મંજૂર કર્યા હતા.

આરોપીએ ફરિયાદી વેપારી પાસેથી કુલ ૫.૫૪ લાખનો માલ ખરીદ્યો હતો, જેમાંથી માત્ર ૫૦,૦૦૦ ચૂકવી બાકીની રકમ બાબતે વાયદાઓ કરી ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જેથી ફરિયાદી સારોલી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની ફરિયાદ આપી હતી. આરોપી ગૌરવે જામીન અરજી કરી હતી. આરોપી તરફે વકીલ અંજુમ કુરેશીએ દલીલ કરી હતી કે, ગુનાનો સમયગાળો માર્ચ-૨૦૨૪ હોવા છતાં ફરિયાદ ફેબ્રુઆરી-૨૦૨૬માં વિલંબ સાથે કરવામાં આવી છે, જે શંકાસ્પદ છે. વધુમાં, તપાસ માટે કોઈ મુદ્દામાલ કબજે કરવાનો બાકી નથી. જોકે, સરકારી વકીલે જામીનનો વિરોધ કરતા જણાવ્યું હતું કે આરોપી પુરાવા સાથે છેડછાડ કરી શકે છે. આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીવાર આવા જ પ્રકારના ગુના કરે તેવી શકયતાઓ પણ છે. કોર્ટે બંને પક્ષોની દલીલો અને કેસની વિગતો ધ્યાને લઈ આરોપી ગૌરવકુમારને શરતી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો.


આગામી માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં રંગ પર્વ હોળી-ધૂળેટીનો તહેવાર આવી રહ્યો છે. હોળી-ધૂળેટી પર્વ દરમિયાન ફાગ મહોત્સવની ઉજવણી કરવામાં આવતી હોય છે. ફાગ મહોત્સવમાં ડફલી વાઘનું ઘણું મહત્વ છે. શહેરના ડબગરવાડ વિસ્તારમાં આવેલી વાઘ બજારમાં ડફલીનું વેચાણ થતું હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે. (તસવીર : હનીફ મલેક)

# ચેક રિટર્ન કેસમાં આરોપી યોગેશ શેઠને એક વર્ષની કેદ

## આરોપીને સજા ઉપરાંત વળતર ચૂકવી દેવા કોર્ટનો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
જમીન લે-વેચના સોદામાં વિશ્વાસઘાત કરી નાણાં પડાવનાર આરોપી યોગેશ ગમનલાલ શેઠનાને સુરતની કોર્ટે ચેક રિટર્ન કેસમાં દોષિત ઠેરવી એક વર્ષની સજા ફટકારી હતી.

ઘટનાની વિગત મુજબ, ડભોલી અયોધ્યા રો હાઉસ ખાતે રહેતા ફરિયાદી ભાવેશ મોરડીયાએ ભરૂચના સુણેવખુદ્ર ગામની જમીન ખરીદવા માટે આરોપી યોગેશ શેઠ(પીરામીડ રો-હાઉસ, પાલનપુર કેનાલ રોડ, જહાગીરાબાદ )ના સાથે ૩૫ લાખમાં સોદો કર્યો હતો. ફરિયાદીએ બાના પેટે અને દસ્તાવેજની પ્રક્રિયા માટે ટુકડે-ટુકડે કુલ ૮,૫૦,૦૦૦ આરોપીને ચૂકવ્યા હતા. જોકે, આરોપીએ મૂળ જમીન માલિકને નાણાં ચૂકવ્યા જ ન હતા અને બાદમાં ભાવેશભાઈને પણ દસ્તાવેજ નહી કરી આપી ગલ્લા તલ્લા કરી છેતરપિંડી આચરી હતી. જેથી ભાવેશભાઈને આ અંગે માલૂમ પડતા યોગેશ પાસે પરત પૈસા માગ્યા હતા જેથી પોતાની ભૂલ સ્વીકારી

અનુસંધાન પાના ૭ પર


## પશ્ચિમ રેલવે વિકલી હોળી સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાનો દિવસ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૧૮૩ | મુંબઈ સેન્ટ્રલ- બનારસ (એસી સ્પેશિયલ) | ૦૪.૦૩.૨૦૨૬ થી ૨૫.૦૩.૨૦૨૬ | ૨૨.૩૦ કલાકે (બુધવાર) | ૧૦.૩૦ કલાકે (શુક્રવાર) |
| ૦૯૧૮૪ | બનારસ- મુંબઈ સેન્ટ્રલ (એસી સ્પેશિયલ ) | ૦૬.૦૩.૨૦૨૬ થી ૨૭.૦૩.૨૦૨૬ | ૧૪.૩૦ કલાકે (શુક્રવાર) | ૦૪.૨૦ કલાકે (રવિવાર ) |

**રોકાણ:** જતા આવતા આ ટ્રેન બોરીવલી, પાલઘર, વાપી, સુરત, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સીટી, ભરતપુર, અછનેરા, ઈદગાહ આગ્રા, ટુંડલા, શિકોહાબાદ, મૈનપુરી, ભોનગાંવ, ફારૂકાબાદ, કનૌજ, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, રાયબરેલી, અમેઠી, પ્રતાપગઢ, જાંઘઈ અને ભદોહી સ્ટેશનો પર થોભશે.
**બંધારણ:** ફર્સ્ટ એસી ,એસી ટુ-ટાયર,એસી થ્રી ટાયર ઈકોનોમી કોચિસ

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાનો દિવસ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૧૮૯ | મુંબઈ સેન્ટ્રલ- કટીહાર | ૨૧.૦૨.૨૦૨૬ થી ૨૮.૦૩.૨૦૨૬ | ૧૦.૫૫ કલાકે (શનિવાર ) | ૦૭.૩૦ કલાકે (સોમવાર) |
| ૦૯૧૯૦ | કટીહાર- મુંબઈ સેન્ટ્રલ | ૨૪.૦૨.૨૦૨૬ થી ૩૧.૦૩.૨૦૨૬ | ૦૦.૧૫ કલાકે (મંગળવાર ) | ૧૮.૪૦ કલાકે (બીજા દિવસે) |

**રોકાણ:** જતા આવતા આ ટ્રેન બોરીવલી, વાપી,ભરૂચ, વડોદરા,ગોધરા, રતલામ, ઉજ્જૈન, સંત હીરદારામ નગર, વિદીશા, બીના, વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, ગોંડા, માનકપુર, બસ્તી, ખલીલાબાદ, ગોરખપુર, દેઓરીયા સદર, સિવાન, છપરા, હાજીપુર, બરૌની, બેગુસરાઈ, ખગરીયા અને નૌગાછીયા સ્ટેશનો પર થોભશે. (વધુમાં ટ્રેન નં.૦૯૧૮૯ સુરત પણ રોકાશે)
**બંધારણ:** એસી ટુ-ટાયર,એસી થ્રી ટાયર ,સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચિસ

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | સેવાનો દિવસ | ઉપડશે | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૦૨૫ | વલસાડ- દાનાપુર | ૨૩.૦૨.૨૦૨૬ થી ૩૦.૦૩.૨૦૨૬ | ૦૮.૪૦ કલાકે (સોમવાર ) | ૧૨.૦૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૦૨૬ | દાનાપુર -વલસાડ | ૨૪.૦૨.૨૦૨૬ થી ૩૧.૦૩.૨૦૨૬ | ૧૪.૩૦ કલાકે (મંગળવાર) | ૨૧.૩૦ કલાકે (બીજા દિવસે) |

**રોકાણ:** જતા આવતા આ ટ્રેન ભેસ્તાન, નંદુરબાર, ભુસાવળ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સાન્તા, માણીકપુર, પ્રયાગરાજ, છેઓકી, પં.દીનદયાળ ઉપાધ્યાય, બકસર અને આરા સ્ટેશનો પર થોભશે.
**બંધારણ:** એસી ટુ-ટાયર,એસી થ્રી ટાયર ,સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચિસ

**ટ્રેનોના સમય ,બંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો :**
www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં.૦૯૧૮૩ ,૦૯૧૮૯ અને ૦૯૦૨૫ નું બુકિંગ તા.૧૯.૦૨.૨૦૨૬થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો


# પુત્ર સાથે આપઘાત કરનાર માતા સામે હત્યાનો ગુનો દાખલ

## ઉમરામાં સાસરિયાના ત્રાસના કારણે માતા-પુત્રએ આપઘાત કરી લીધો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**
ઉમરા નિર્મળનગર પાસપોર્ટ ઓફીસની બાજુમાં પતિ સાથે છુટાછેડા બાદ પિયરમાં પુત્ર સાથે રહેતી પરિણીતાએ આત્મહત્યા કરી લેવાના પ્રકરણમાં ઉમરા પોલીસે મૃતક સામે ખુનનો ગુનો નોંધ્યો છે.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર સોપાન સંતોષ તાયડે ઉ.વ.૨૫ની બહેન પુનમ સંતોષ તાયડે ઉ.વ.૨૬એ ગઈ તા.૧૩ ફેબ્રુઆરીના રોજ નિર્મળનગર ખાતે તેના પિયરમાં છતના હુક સાથે ચાર વર્ષિય પુત્રને ગળે ફાંસો આપી પોતે પણ આપઘાત કરી લીધો હતો. આ મામલે ગઈકાલે ઉમરા પોલીસ દ્વારા પુનમ તાયડે સામે કાયદાકીય રીતે ખુનનો ગુનો નોંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પતિ સાથે છુટાછેડા બાદ પુનમ તાયડે પિયરમાં રહેતી હતી. માનસિક તણાવમાં આવી જઈ તેણે આત્યાંતિક પગલું ભરી લીધું હોય પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા હતા.